અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 29 જુલાઈ 2026 બુધવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -1 | અંક : 30 | અમદાવાદ | પાના : 8


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ઈરાને હોર્મુઝના મુદ્દે સાઉદી-ઓમાન સાથે વાત કરી: કહ્યું- અમેરિકી હુમલાઓથી વિસ્તારમાં તણાવ વધ્યો....

4

ભારત-અમેરિકા કરાર અને કૃષિ ક્ષેત્ર પર તોળાતું સંકટ

6

33 વર્ષનો સારાંશ જૈનની ટીમ ઈન્ડિયામાં થઈ સરપ્રાઈઝ એન્ટ્રી, ભાવુક કરી દેશે સંઘર્ષની કહાની

7

ચાંદી ₹6,543 ઘટીને ₹2.18 લાખ પર આવી: આ વર્ષે ચાંદી ₹12 હજાર સસ્તી થઈ, સોનાના ભાવમાં ₹1,907નો ઘટાડો

# PoKમાં પ્રદર્શનકારીઓ પર ફાયરિંગ : 19નાં મોત

## લોકોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો, પાકિસ્તાન સરકાર વિરુદ્ધ માર્ચ કાઢી રહ્યા હતા

મુઝફ્ફરાબાદ, તા.28

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા દરમિયાન ભારે હિંસા અને અફરાતફરીનો માહોલ સર્જાયો છે, જેમાં અલગ-અલગ હિંસક બનાવોમાં અત્યાર સુધીમાં 19 લોકોના મોત થયા છે અને અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ચૂંટણીમાં મોટા પાયે ગેરરીતિ આચરવાના આરોપો અને સરકાર સામે વધતા વિરોધ પ્રદર્શનો વચ્ચે મતદાન મથકો પર ભારે અથડામણો જોવા મળી રહી છે. જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC)ના સમર્થકોએ એવો ગંભીર આરોપ લગાવ્યો છે કે રાવલકોટ વિસ્તારમાં પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા આંદોલનકારીઓ પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં 19 નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે અને સંગઠને આ અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મૃતકોના નામ પણ જાહેર કર્યા છે. બીજી બાજુ, પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) દ્વારા આરોપ મૂકવામાં આવ્યો છે કે સત્તાધારી પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N)ના સમર્થકોના વિરોધ વચ્ચે થયેલા





ગોળીબારમાં તેમના કાર્યકર મુખ્તાર યુનુસનું મોત થયું છે અને બે કાર્યકરો ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે PML-N અને PPP બંને પક્ષો એકબીજા પર ચૂંટણીમાં ધાંધલીના આક્ષેપો લગાવી રહ્યા છે.

આ સમગ્ર આંદોલનનું નેતૃત્વ કરી રહેલી જમ્મુ-કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટીએ વહીવટીતંત્ર સમક્ષ પોતાની માંગણીઓ મૂકીને અલ્ટીમેટમ આપ્યું હતું, જેમાં ધરપકડ કરાયેલા કાર્યકરોની મુક્તિ, પ્રદર્શનકારીઓ પરના કેસો પાછા ખેંચવા અને સુધારા લાગુ કરવાની મુખ્ય માગ હતી. પરંતુ નિર્ધારિત સમય સુધીમાં કોઈ વચગાળાનો ઉકેલ ન આવતા હજારો આંદોલનકારીઓ રાવલાકોટ ખાતે એકઠા થઈ મુઝફ્ફરાબાદ તરફ કૂચ કરવા નીકળ્યા હતા. વાતાવરણ વધુ વણસતાં અને વિરોધ પ્રદર્શનો હિંસક બનતાં વહીવટીતંત્રે આખરે સુધનૌતી અને રાવલાકોટ જિલ્લાઓમાં ચૂંટણી 10 ઓગસ્ટ સુધી મુલતવી રાખવાની ફરજ પડી છે. ઉલ્લેખનીય છે કે સરકારે આ જ આંદોલનકારી સંગઠન પર થોડા સમય પહેલાં જ પ્રતિબંધ મૂક્યો હતો અને તેના ઘણા નેતાઓની ધરપકડ પણ કરી હતી, છતાં કેટલાક નેતાઓ ભૂગર્ભમાં રહીને તો કેટલાક રાવલાકોટના ઘાણા સ્થળોએથી આંદોલન ચલાવી રહ્યા છે.

સુરક્ષા દળો અને આંદોલનકારીઓ વચ્ચેની આ અથડામણોમાં અત્યાર સુધીમાં કુલ 40 જેટલા લોકોના મોત થઈ ચૂક્યા છે, જ્યારે સતત રસ્તા રોકો અને ચક્કાજામને કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સ્થિતિ એટલી હદે નાજુક બની ગઈ છે કે બેંકો સતત બે અઠવાડિયાથી બંધ પડી છે અને મોટાભાગના વિસ્તારોમાં મોબાઈલ તેમજ ઈન્ટરનેટ સેવાઓ ઠપ કરી દેવામાં આવી છે. ભારત સરહદને અડીને આવેલા પૂંછ ડિવિઝનને અઠવાડિયા સુધી સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવતા ત્યાં રાશન, લોટ અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓની ભારે અછત સર્જાઈ છે.

આ સમગ્ર વિવાદ અને અસંતોષનું મુખ્ય મૂળ PoK વિધાનસભાની કુલ 45માંથી 12 આરક્ષિત બેઠકો છે. આ 12 બેઠકો પાકિસ્તાનના અન્ય શહેરોમાં વસેલા કાશ્મીરી શરણાર્થીઓ માટે અનામત રાખવામાં આવી છે. JAACનો એવો સ્પષ્ટ દાવો છે કે PoK બહાર રહેતા લોકોને સ્થાનિક સરકાર બનાવવાનો કે નિર્ણય લેવાનો કોઈ અધિકાર ન હોવો જોઈએ, કારણ કે આ અનામત બેઠકોને કારણે સ્થાનિક મતદારોના મતાધિકારનું મહત્વ ઘટી જાય છે અને કેન્દ્રની સત્તામાં બેઠેલી PML-N કે PPP જેવી પાર્ટીઓ પોતાની સત્તા સ્થાપવા માટે આ વ્યવસ્થાનો દુરુપયોગ કરે છે. જોકે સરકાર અને અદાલતનું માનવું છે કે આ બેઠકો ઐતિહાસિક બંધારણીય વ્યવસ્થાનો ભાગ છે અને તેને માત્ર બંધારણીય સુધારા દ્વારા જ દૂર કરી શકાય છે.

આ ચૂંટણી રાજકીય દ્રષ્ટિએ અત્યંત મહત્વની હોવાથી તમામ પક્ષોએ પોતાના દિગ્ગજ નેતાઓને મેદાનમાં ઉતાર્યા છે. પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ અને પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે PoKમાં સક્રિય થઈને વિકાસના વચનો આપ્યા હતા, જ્યાં નવાઝ શરીફે મુઝફ્ફરાબાદની રેલીમાં એવું પણ મોટું નિવેદન આપ્યું હતું કે જો તેમની પાર્ટી જીતશે તો તેઓ પોતે આ વિસ્તારનો વિકાસ કરવા PoKના વડાપ્રધાન બનવાની ઈચ્છા રાખે છે. બીજી તરફ, PPP અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ પણ આક્રમક પ્રચાર ચલાવ્યો છે. રસપ્રદ વાત એ છે કે ઈસ્લામાબાદમાં કેન્દ્ર સરકારમાં સહયોગી રહેલા PML-N અને PPP જેવા પક્ષો PoKમાં એકબીજાની સામે સામસામે ચૂંટણી લડી રહ્યા છે. 2021ની ચૂંટણી પછીથી અહીંનું રાજકારણ સતત અસ્થિર રહ્યું છે, જેમાં ઈમરાન ખાનની PTI સરકારથી લઈને ત્યારબાદ બનેલી અલગ-અલગ સરકારો અવિશ્વાસ પ્રસ્તાવો અને કાનૂની વિવાદોને કારણે ટૂંક સમયમાં જ પડી ભાંગી છે.

## પેલેટ ગન પર પ્રતિબંધની માગ: પૂર્વ IPS અધિકારી અને બે પીડિતોએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી

નવી દિલ્હી, તા.28



પૂર્વ IPS અધિકારી યશોવર્ધન આઝાદ અને અન્ય બે લોકોએ સોમવારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને પેલેટ ગનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માગ કરી છે. આમાંથી બે લોકોનો દાવો છે કે દિલ્હીમાં 20 જુલાઈના રોજ થયેલા 'સંસદ ચલો' માર્ચ દરમિયાન તેઓ પેલેટ ગનથી ઘાયલ થયા હતા.

અરજદારો યશોવર્ધન આઝાદ, પ્રશાંત કુમાર અને શેખ ઈર્શાદ મન્સૂરીએ વકીલ વૃંદા ગ્રોવર મારફતે આ અરજી દાખલ કરી છે. અરજીમાં ભીડને નિયંત્રિત કરવા માટે પેલેટ ગનના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માગ કરવામાં આવી છે.

અરજદાર પ્રશાંત કુમારે દાવો કર્યો હતો કે તેઓ 20 જુલાઈના રોજ સંસદ ચલો માર્ચમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારી તરીકે જોડાયા હતા. તેમણે આરોપ લગાવ્યો કે તેમની તરફથી કોઈ ઉશ્કેરણી કે આક્રમકતા વિના રેપિડ એક્શન ફોર્સના જવાનોએ તેમના પર પેલેટ ગનથી ફાયરિંગ કર્યું.

જ્યારે, 26 વર્ષીય શેખ ઈરશાદ મન્સૂરીએ જણાવ્યું કે તેઓ પાસપોર્ટ અને વિઝા સંબંધિત કામ પછી કનોટ પ્લેસમાં હતા. આ દરમિયાન આરએએફના પેલેટ ફાયરિંગમાં તેઓ ઘાયલ થયા હતા.

અરજીમાં જણાવાયું છે કે 20 જુલાઈએ કોકરોચ જનતા પાર્ટીએ સંસદ ચલો માર્ચ કાઢ્યો હતો. આ દરમિયાન દિલ્હી પોલીસે ભીડ વ્યવસ્થાપન માટે આરએએફ જવાનોની પણ મદદ લીધી હતી. સાંજે લગભગ 4 થી 4.30 વાગ્યાની વચ્ચે પોલીસ અને આરએએફએ ટિયર ગેસ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો.

અરજી અનુસાર, પ્રદર્શનકારીઓને કનોટ પ્લેસના ઈનર સર્કલ તરફ ધકેલવામાં આવ્યા. આ દરમિયાન ન તો પાણીના ફુવારાઓનો ઉપયોગ કરવામાં આવ્યો અને ન તો બળ પ્રયોગની કોઈ ચેતવણી આપવામાં આવી.

જ્યારે પ્રદર્શનકારીઓ ભાગી રહ્યા હતા અને ઘણા શરણાગતિ માટે હાથ ઊંચા કરી રહ્યા હતા, ત્યારે આરએએફએ તેમના પર અચાનક પેલેટ ગનથી ફાયરિંગ કર્યું. આનાથી ઘણા વિદ્યાર્થીઓ સાથે તેઓ પણ ઘાયલ થયા હતા.

યાચિકાકર્તાઓએ કહ્યું કે બંધારણ હેઠળ સભા કરવાની સ્વતંત્રતા એક મૌલિક અધિકાર છે. તેમણે દલીલ કરી કે પેલેટ ગન શાંતિપૂર્ણ સભાઓને વિખેરવા માટે સંપૂર્ણપણે અનુપયુક્ત છે. પેલેટની અનિશ્ચિત ગતિને કારણે તે ભીડ નિયંત્રણ માટે એક ખતરનાક અને મનસ્વી સાધન છે.

## CJP ફૂડ વૉલન્ટિયર જુનૈદ મલિક સુપ્રીમ કોર્ટ પહોંચ્યા

### પોલીસ પર પરિવારને હેરાન કરવાનો આરોપ લગાવ્યો, કહ્યું- પોલીસે 6 કલાક અટકાયતમાં રાખ્યા

નવી દિલ્હી, તા.28

કોકરોચ જનતા પાર્ટીના જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન ખોરાક સપ્લાય કરનાર સ્વયંસેવક જુનૈદ મલિકે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે.



મલિકે પોતાની અરજીમાં આરોપ લગાવ્યો છે કે પોલીસે તેમને ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખ્યા અને તેમના પરિવાર વિરુદ્ધ પણ કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના કાર્યવાહી કરી. હાલમાં આ મામલે કોર્ટ તરફથી કોઈ સત્તાવાર ટિપ્પણી કે સુનાવણીની જાણકારી સામે આવી નથી. અરજી મુજબ, 24 જુલાઈની મધ્યરાત્રિએ જુનૈદ મલિક એન્ટી-રેબીઝનું ઈન્જેક્શન લગાવીને આરએમએલ હોસ્પિટલથી પાછા ફરી રહ્યા હતા. આ દરમિયાન દિલ્હી પોલીસે તેમને રસ્તામાંથી ઉઠાવી લીધા અને લગભગ 5 થી 6 કલાક સુધી એક ગાડીમાં બેસાડી રાખ્યા. આ દરમિયાન તેમને ધમકાવવામાં આવ્યા અને ડરાવવામાં આવ્યા.

તેમનો મોબાઈલ ફોન બળજબરીપૂર્વક લઈ અનલોક કરાવવામાં આવ્યો અને તેની તપાસ કરવામાં આવી. તેમને પૂછવામાં આવ્યું કે તેમને ફંડિંગ કોણ કરે છે અને ખાવાની વ્યવસ્થા માટે પૈસા ક્યાંથી આવે છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે ત્યારબાદ પોલીસ તેમને દેહરાદૂન રોડ પર એક નિર્જન જગ્યાએ છોડીને જતી રહી. ત્યાંથી જુનૈદ કેબ લઈને દિલ્હી પાછા આવ્યા.

જુનૈદ મલિકે એવો પણ આરોપ લગાવ્યો છે કે ગાઝિયાબાદ પોલીસે તેમના પિતાને કસ્ટડીમાં લીધા અને તેમના ઘર પર દરોડો પાડ્યો. અરજી મુજબ, પોલીસ તેમની પરણિત બહેનના મેરઠ સ્થિત સાસરીમાં પણ પહોંચી અને તેમના સસરા અને દિયરને પણ પોતાની સાથે લઈ ગઈ. બાદમાં પરિવારના તમામ સભ્યોને છોડી દેવામાં આવ્યા. સુપ્રીમ કોર્ટ સમક્ષ જુનૈદે માગ કરી છે કે પોલીસને તેમના પરિવાર વિરુદ્ધ કોઈપણ પ્રકારની આગળની કાર્યવાહીથી રોકવામાં આવે અને જો કોઈ તપાસ હોય તો તે સંપૂર્ણપણે કાયદા અનુસાર કરવામાં આવે. આ અરજી આરજેડી સાંસદ મનોજ કુમાર ઝાની તે રિટ અરજીમાં દાખલ કરવામાં આવી છે, જેમાં CJP વિદ્યાર્થી આંદોલન દરમિયાન પોલીસ હિંસા વિરુદ્ધ કાર્યવાહીની માગ કરવામાં આવી છે. આ અરજી એડવોકેટ-ઓન-રેકોર્ડ નેહા રાઠી દ્વારા દાખલ કરવામાં આવી છે.

## લોકસભામાં એન્ટી પેપર લીક બિલ પર ચર્ચા

# પ્રિયંકા ગાંધીએ નવા શિક્ષણ મંત્રી પર કર્યો ગંભીર આક્ષેપ, સંસદમાં ભારે હંગામો થયો

### વડાપ્રધાને એવા વ્યક્તિને શિક્ષણ મંત્રી બનાવ્યા છે, જેમણે ગર્ભવતી રેપ પીડિતાના દોષિતોની મુક્તિ પર સંમતિ આપી હતી." આ ટિપ્પણીથી સંસદમાં ભારે હોબાળો મચ્યો

નવી દિલ્હી,તા.28

લોકસભામાં એન્ટી પેપર લીક બિલ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી અને સત્તાપક્ષ વચ્ચે ભારે હોબાળો સર્જાયો હતો. ચર્ચા દરમિયાન પ્રિયંકા ગાંધીએ કેન્દ્ર સરકારની શિક્ષણ નીતિ, પેપર લીકના મુદ્દા અને નવા શિક્ષણ મંત્રીને લઈને આકરા પ્રહારો કર્યા હતા. તેમના નિવેદન બાદ ભાજપના સભ્યોએ કડક વિરોધ નોંધાવતા ગૃહમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો.



ચર્ચાની શરૂઆતમાં વિપક્ષની માંગને ધ્યાનમાં રાખીને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ બિલ પર ચર્ચાનો સમય ૬ કલાકથી વધારીને ૧૦ કલાક કર્યો હતો. ત્યારબાદ ચર્ચામાં ભાગ લેતાં પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો કે પેપર લીકની ઘટનાઓના કારણે દેશના કરોડો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે, છતાં અત્યાર સુધી જવાબદારો સામે અસરકારક કાર્યવાહી થઈ નથી. તેમણે દાવો કર્યો કે સરકારની નીતિઓના કારણે શિક્ષણ વ્યવસ્થા નબળી પડી રહી છે અને યુવાનોનો વિશ્વાસ ઘટી રહ્યો છે. પ્રિયંકા ગાંધીએ નવા શિક્ષણ મંત્રી અંગે પણ ગંભીર ટિપ્પણી કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે વડાપ્રધાને એવા વ્યક્તિને શિક્ષણ મંત્રી બનાવ્યા છે, જેમણે ગર્ભવતી બળાત્કાર પીડિતાના કેસમાં દોષિતોની મુક્તિ અંગે સંમતિ આપી હતી. આ નિવેદન બાદ ભાજપના સાંસદોએ જોરદાર વિરોધ નોંધાવ્યો હતો અને ગૃહમાં ભારે હોબાળો મચ્યો હતો. સ્થિતિ વણસતાં લોકસભાના અધ્યક્ષે દરમિયાનગીરી કરીને ગૃહમાં શાંતિ જાળવવાનો પ્રયાસ કર્યો હતો. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ પ્રિયંકા ગાંધીના નિવેદન સામે વાંધો ઉઠાવતા કહ્યું કે આ પ્રકારની ટિપ્પણી નવા શિક્ષણ મંત્રીના ચારિત્ર્યહનન સમાન છે. તેમણે માંગ કરી હતી કે આ નિવેદનને સંસદના સત્તાવાર રેકોર્ડમાંથી દૂર કરવામાં આવે. સાથે જ તેમણે કહ્યું કે જો આ આરોપને સમર્થન આપતા પુરાવા રજૂ ન કરી શકાય તો પ્રિયંકા ગાંધીએ ગૃહમાં માફી માંગવી જોઈએ. ચર્ચા દરમિયાન પ્રિયંકા ગાંધીએ વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને પેલેટ ગનના ઉપયોગનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે સરકારને પ્રશ્ન કર્યો કે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ સામે બળપ્રયોગ કરવાનો આદેશ કોણે આપ્યો હતો. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ સંવાદથી આવવો જોઈએ, દમનથી નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સંસદ સમગ્ર દેશની છે અને અહીં યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલા પ્રશ્નો પર ગંભીરતાથી ચર્ચા થવી જરૂરી છે.પ્રિયંકા ગાંધીના નિવેદન બાદ સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે તીખી બોલાચાલી જોવા મળી હતી. બિલ પર ચર્ચા આગળ વધતી રહી, પરંતુ શિક્ષણ મંત્રી અંગેની ટિપ્પણીને લઈને સર્જાયેલો વિવાદ સમગ્ર કાર્યવાહીનું કેન્દ્રબિંદુ બની રહ્યો.



# 30 જુલાઈથી વધુ એક વરસાદનો રાઉન્ડ, છોટાઉદેપુર-નર્મદામાં રેડ એલર્ટ

## 15 તાલુકામાં સામાન્ય ઝાપટા, અમદાવાદમાં વરસાદનો વિરામ, સિઝનનો 55.17% વરસાદ

**અમદાવાદ, તા.28**

રાજ્યમાં આજે સવારના 6 વાગ્યા સુધીમાં સિઝનનો કુલ સરેરાશ વરસાદ 501.47 મિમી (19.74 ઈંચ) નોંધાયો છે, જે મોસમના સરેરાશ વરસાદના 55.17% જેટલો થાય છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 27 જિલ્લાના 155 તાલુકામાં સરેરાશ 08.16 મિમી વરસાદ પડ્યો છે. સૌથી વધુ વરસાદ છોટાઉદેપુરના જેતપુર પાવીમાં 2.68 ઈંચ, દાહોદના લીમખેડામાં 2.09 ઈંચ અને મહીસાગરના સંતરામપુરમાં 1.93 ઈંચ નોંધાયો છે.

રાજ્યમાં વરસાદનું જોર ઘટતા સવારથી માત્ર 15 જેટલા તાલુકામાં 1 મિમીથી લઈને અડધા ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં વરસાદે વિરામ લેતા તડકો નીકળ્યો છે. હાલમાં રાજ્ય પર એકસાથે ચાર સિસ્ટમ સક્રિય હોવાથી આજે પંચમહાલ-દાહોદ સહિત ચાર જિલ્લામાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જારી કરાયું. જ્યારે આવતીકાલે એટલે કે, 29 જુલાઈના રોજ રાજ્યમાં કોઈ ભારે વરસાદની આગાહી નથી. 30 જુલાઈ રાજ્યમાં ફરી ભારે વરસાદનો રાઉન્ડ શરૂ થશે.

રાજ્યના મુખ્ય જળાશયોની વાત કરીએ તો સરદાર સરોવર નર્મદા ડેમમાં હાલ 2,31,504 mcft પાણીનો સંગ્રહ છે, જે તેની કુલ ક્ષમતાના 69.30% જેટલો છે. તે સિવાયના રાજ્યના અન્ય 206 જળાશયોમાં કુલ સંગ્રહ ક્ષમતાના 45.71% પાણી ઉપલબ્ધ છે. રાજ્યના 13 ડેમ 100% ભરાઈ ગયા છે, જ્યારે 26 ડેમ 70%થી 100% વચ્ચે ભરાયેલા છે. સુરક્ષાના ભાગરૂપે 20 ડેમ માટે હાઈ એલર્ટ, 06 ડેમ માટે એલર્ટ અને 13 ડેમ માટે વોર્નિંગ જાહેર કરવામાં આવી છે.

વરસાદી પૂર અને વિપરીત પરિસ્થિતિને પહોંચી વળવા માટે સમગ્ર રાજ્યમાંથી અત્યાર સુધીમાં કુલ 53,525 લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે અને 9,650 લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. સ્થળાંતર અને રેસ્ક્યૂ કામગીરીમાં વલસાડ, નવસારી અને સુરત જિલ્લા સૌથી વધુ અસરગ્રસ્ત રહ્યા છે. આપત્તિ વ્યવસ્થાપન માટે રાજ્યમાં 17 NDRFની ટીમો અને 33 SDRFની પ્લાટુન્સ તૈનાત કરવામાં આવી છે.

વરસાદના કારણે વાહનવ્યવહાર પર પણ અસર પડી છે, જેમાં હાલ કુલ 164 રસ્તાઓ બંધ છે. બંધ રસ્તાઓમાં 11 સ્ટેટ હાઈવે, 18 અન્ય માર્ગો, 133 પંચાયત હસ્તકના રસ્તાઓ અને 1 નેશનલ હાઈવેનો સમાવેશ થાય છે. એસ.ટી. નિગમ (GSRTC) ની 595 ટ્રીપ અને 135 રૂટ રદ કરવામાં આવ્યા છે. બીજી તરફ વીજ ક્ષેત્રે રાહતની વાત એ છે કે અસરગ્રસ્ત તમામ 4,616 ગામડાઓમાં વીજ પુરવઠો પૂર્વવત કરી દેવામાં આવ્યો છે.

ચોમાસાની સાથે રાજ્યમાં ખરીફ પાકોનું વાવેતર પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. 27 જુલાઈ 2026 ની સ્થિતિએ રાજ્યના સામાન્ય વાવેતર વિસ્તાર સામે કુલ 59,26,195 હેક્ટરમાં એટલે કે 69.47% વાવેતર પૂર્ણ થઈ ગયું છે. જેમાંથી મુખ્યત્વે કપાસનું વાવેતર 83.95%, મગફળીનું વાવેતર 91.41% અને સોયાબીનનું વાવેતર 99.24% ક્ષેત્રફળમાં પૂરું થયું છે.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના નાદરવા ગામે 27 જુલાઈના બપોરે ડાંગરની રોપણી કરતી વખતે અચાનક વીજળી પડતાં એક જ પરિવારની ત્રણ મહિલા તેની લપેટમાં આવી ગઈ હતી. આ હોનારતમાં 65 વર્ષીય સંતોકબેન બામણીયાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે મહિલા



ગંભીર રીતે દાઝી જતાં તેમને સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. એક જ પરિવારની મહિલાઓ સાથે બનેલી આ દુર્ઘટનાથી સમગ્ર નાદરવા ગામમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલ ડગરવાડના મન્સૂરી મોહલ્લામાં 27 જુલાઈની મોડીરાત્રે ભારે વરસાદના કારણે એક જર્જરીત મકાન ધરાશાયી થયું હતું. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમે સ્થળ પર પહોંચી કાટમાળ નીચે દબાયેલા બે લોકોને બહાર કાઢ્યા હતા. આ દુર્ઘટનામાં એક વૃદ્ધ મહિલાનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

અમદાવાદ જિલ્લાના પીપળી-વટામણ હાઈવે પર પીપળી ગામ નજીક વરસાદી નાળું તૂટી ગયું હોવાથી હાઈવે બંધ કરવામાં આવ્યો છે. વાહનચાલકોને વૈકલ્પિક માર્ગ તરીકે ધોલેરા એક્સપ્રેસવે અને ધંધુકા હાઈવેનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે. સુરત તરફ જતા અને વટામણથી પીપળી આવતા વાહનચાલકોએ ધોલેરા એક્સપ્રેસવેનો ઉપયોગ કરવા તેમજ વટામણથી ધંધુકા જતા વાહનચાલકોએ ધોલેરા થઈને ધંધુકા તરફ જવાનું રહેશે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ.કે. દાસના જણાવ્યા અનુસાર, આજે (28 જુલાઈ) પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર અને નર્મદામાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે આવતીકાલે એટલે કે, 29 જુલાઈના રોજ રાજ્યમાં કોઈ આગાહી નથી. 30 જુલાઈથી વરસાદનું જોર વધશે. 30 જુલાઈના દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 31 જુલાઈના દક્ષિણ ગુજરાતમાં અત્યંત ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર મધ્યમ પૂર્વ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 1 ઓગસ્ટના રોજ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અત્યારે રાજ્યમાં 4 સિસ્ટમ, જેમાં 1. ડીપ ડિપ્રેશન, 2. મોન્સૂન ટ્રફ, 3. અપર એર સાકલોનીક સર્ક્યુલેશન અને 4. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે. અત્યાર સુધી રાજ્યમાં આ સિઝનનો કુલ 371.8 મિમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય 342.8 મિમી કરતા વધુ છે.

શું છે?: હવામાનની સિસ્ટમની તીવ્રતાનો એક ક્રમ હોય છે, જેમ કે સામાન્ય લો પ્રેશર, વેલ માર્કડ લો પ્રેશર, ડિપ્રેશન, ડીપ ડિપ્રેશનસ વાવાઝોડું. જ્યારે પવનની ઝડપ 31થી 61 કિમી/કલાક વચ્ચે પહોંચે અને દબાણ ખૂબ ઘટી જાય, ત્યારે તેને 'ડીપ ડિપ્રેશન' કહેવાય છે. આ વાવાઝોડા પહેલાંનું પગથિયું છે

વરસાદ પર અસર: આ ખૂબ જ શક્તિશાળી સિસ્ટમ છે, તે પોતાની સાથે અતિશય ભેજ અને ચક્રવાતી પવનો લાવે છે. આ સિસ્ટમના કારણે અતિભારેથી અતિ અતિભારે વરસાદ પડે છે. આની સાથે પવનની ઝડપ પણ ખૂબ વધારે હોય છે, જેનાથી વૃક્ષો ધરાશાયી થવા, રસ્તા બંધ થવા અને નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર (પૂર) જેવી કટોકટી સર્જાય છે.

શું છે?: 'ટ્રફ' એટલે ઓછા દબાણની એક લાંબી પટ્ટી. ચોમાસા દરમિયાન રાજસ્થાનના ગંગાનગરથી શરૂ થઈને બંગાળની ખાડી સુધી વિસ્તરેલી ઓછા દબાણની રેખાને 'મોન્સૂન ટ્રફ' કહે છે. જો આવી બે અલગ-અલગ પટ્ટીઓ અથવા શાખાઓ (દા.ત. એક ઉત્તર ભારતમાં અને બીજી દક્ષિણ/પશ્ચિમ કિનારે ઓફ-શોર ટ્રફ) સક્રિય હોય, તો તેને બે મોન્સૂન ટ્રફ કહેવામાં આવે છે.

વરસાદ પર અસર: મોન્સૂન ટ્રફ ચોમાસા માટેનો મુખ્ય 'હાઈવે' ગણાય છે. આ પટ્ટી જ્યાંથી પસાર થાય છે ત્યાં અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાંથી આવતા ભેજવાળા પવનો ભેગા થાય છે, જેનાથી વ્યાપક અને સાર્વત્રિક ભારે વરસાદ થાય છે. બે ટ્રફ સક્રિય હોય ત્યારે રાજ્ય કે દેશના મોટા ભાગોમાં એકસાથે ચોમાસું ખૂબ જ સક્રિય થઈ જાય છે.

શું છે?: પૃથ્વીની સપાટીથી થોડે ઉપર (સામાન્ય રીતે 1.5થી 5.8 કિમીની ઊંચાઈ પર) જ્યારે પવનો ગોળાકાર અથવા ચકરાવા આકારે ફરવા લાગે છે, ત્યારે તેને 'અપર એર સરક્યુલેશન' કહેવાય છે.

વરસાદ પર અસર: આ સિસ્ટમ આસપાસના ભેજવાળા પવનોને પોતાની તરફ ખેંચે છે. પરિણામે વાદળોનો જમાવડો થાય છે અને જે તે વિસ્તારમાં હળવાથી મધ્યમ અને અમુક જગ્યાએ સ્થાનિક સ્તરે ભારે વરસાદ પડે છે. ઘણીવાર આ સિસ્ટમ વધુ મજબૂત બનીને 'લો પ્રેશર' કે 'સાયક્લોનિક સરક્યુલેશન'માં ફેરવાઈ જતી હોય છે.

# મહિલાના ગળામાંથી 2 શખસ સોનાની ચેઈન ખેંચીને ફરાર

## એડમિન ઓફિસરે કંપનીના રૂપિયાથી પોતાની લાખોની લોન, દેવું ભરી દીધું, કાલુપુરમાં વેપારી પર યુવકનો છરીથી હુમલો

**અમદાવાદ, તા.28**

શહેરના બાપુનગરમાં રહેતા અનિતા જયસ્વાલ નામના મહિલા તેમના ફુઆ સસરાનું અવસાન થતા ચાંદખેડામાં મરણ પ્રસંગે જઈ રહ્યા હતા. અનિતાબેન તેમના પતિ સાથે એક્ટિવા પર નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે પહોંચ્યા ત્યારે ટુ વ્હીલર પર બે શખસ આવ્યા હતા. જેમાં પાછળ બેસેલા શખસે અનિતાબેનના ગળામાંથી સોનાની એક લાખની ચેઈન ખેંચી લીધો હતો. જે બાદ ટુ વ્હીલર પૂરઝડપે લઈ ત્યાંથી નાસી ગયા હતા. આ અંગે અનિતાબેને ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



સિંધુભવન રોડ પર આવેલી કંપનીના એચ.આર એક્ઝિક્યુટીવે ફરિયાદ નોંધાવી છે કે, તેમની કંપનીમાં વિનાયક સોની એડમિન ઓફિસર તરીકે નોકરી કરે છે. વિનાયકને માર્કેટિંગ અને સેલ્સનું કામ કરે છે. વિનાયકે જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં અલગ અલગ વિસ્તારના 13 ગ્રાહક પાસેથી 16.51 લાખ રૂપિયા ઉઘરાવીને કંપનીમાં જમા કરાવવાની જગ્યાએ પોતાના લોનના હપ્તા અને દેવામાં વાપરી દીધા હતા. જેની કંપનીને જાણ થતા ઓનલાઈન અરજી કરવામાં આવી હતી. જેથી વિનાયકે 2.40 લાખ રૂપિયા પરત આપ્યા હતા. પરંતુ કંપનીના 14.11 લાખ પરત ન આપતા કંપનીએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં વિનાયક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ચાંદખેડા પોલીસે IOC રોડ પરથી પ્રદીપ ચાવડા નામના યુવકને જાહેરમાં છરી સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે તેની પાસેથી છરી કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી સામે હથિયાર રાખવા અંગે ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપી છરી લઈને ક્યાં જઈ રહ્યો હતો અને તેનો શું ઈરાદો હતો તે દિશામાં પોલીસે તપાસ આગળ વધારી છે.

કાલુપુરના મુર્તીમલ કોમ્પ્લેક્ષમાં મોબાઈલ પાર્ટ્સની દુકાનમાં ઈલેક્ટ્રિકના વાયર કાપવાના વિવાદમાં વેપારી પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. સરદારનગરના મારૂતી રેસીડેન્સીના રહેવાસી સંતોષ પર્યાણીએ તુલસી નામના યુવક સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તુલસી પોતાની દુકાનમાંથી છરી લઈ આવ્યો હતો અને સંતોષના હાથમાં ઘા માર્યો હતો. બનાવ અંગે કાલુપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માધવપુરા વિસ્તારમાં રૂપિયાની લેતીદેતીના વિવાદમાં વેપારીને ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. મોહમદ આવેશ પઠાણે માધવપુરા પોલીસ સ્ટેશનમાં યાસીન પઠાણ અને તેની પત્ની સબરીન ઉર્ફે રીના પઠાણ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ યાસીન અકબર નામના વ્યક્તિ સાથેના નાણાકીય વિવાદને લઈ દુકાને આવી ગાળો આપવા લાગ્યો હતો. આવેશે શાંતિથી વાત કરવા સમજાવતા બંનેએ તેમને ધમકીઓ આપી હતી. માધવપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વાડજ વિસ્તારમાં ચાલવા નીકળેલા યુવકના ગળામાંથી સોનાની ચેઈન તોડી બે બાઈકસવાર શખસ ફરાર થઈ ગયા હતા. નવા વાડજના પ્રકાશદીપ એપાર્ટમેન્ટમાં રહેતા દર્શન શાહે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેમનો પુત્ર શ્લોક ઘરેથી જમ્યા બાદ ચાલવા નીકળ્યો હતો. ત્યારે નંબર પ્લેટ વગરની બાઈક પર આવેલા બે શખસે તેના ગળામાંથી સોનાની ચેઈન તોડી પલાયન કરી ગયા હતા. વાડજ પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે આરોપીઓને શોધવાની કાર્યવાહી શરૂ કરી છે.

# ગુજરાત મેડિકલ કાઉન્સિલના નિર્ણય પર હાઈકોર્ટનો વચગાળાનો સ્ટે: ત્રણ ડૉક્ટરો કંપનીના ખર્ચે વિદેશ પ્રવાસે જતા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા

**અમદાવાદ, તા.28**

કંપનીના ખર્ચે વિદેશ પ્રવાસ કરવાના આરોપસર ગુજરાત મેડિકલ કાઉન્સિલ (GMC) દ્વારા રાજ્યના ત્રણ જાણીતા ચામડીના ડોક્ટરો (ડર્મેટોલોજિસ્ટ) સામે લેવાયેલા સસ્પેન્શનના પગલાં પર ગુજરાત હાઈકોર્ટે વચગાળાનો સ્ટે આપી દીધો છે. GMC એ આ ડૉક્ટરોના નામ 13 મહિના માટે સ્ટેટ મેડિકલ રજિસ્ટરમાંથી દૂર કરીને તેમને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

ગત 30 જૂનના રોજ GMC દ્વારા સુરતના ડો. જગદીશકુમાર સખીયા, ડો. અમી શાહ અને અમદાવાદના ડો. ગીતા પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ડો. સખીયા 'ઈન્ડિયન એસોસિએશન ઓફ ડર્મેટોલોજિસ્ટ્સ, વેનેરિઓલોજિસ્ટ્સ અને લેપ્રોલોજિસ્ટ્સ'ના પ્રમુખ છે. 2024માં એક કંપનીના સ્પોન્સરશિપ હેઠળ મોનાકો અને પેરિસનો પ્રવાસ કરનારા 30 ભારતીય ડૉક્ટરોમાં આ ત્રણ ડૉક્ટરો પણ સામેલ હતા. મેડિકલ કાઉન્સિલના નિયમો મુજબ આ પ્રકારના પ્રવાસો પર પ્રતિબંધ



હોવાથી નેશનલ મેડિકલ કમિશન (NMC) સમક્ષ થયેલી અનામી ફરિયાદના આધારે GMC ને તપાસ સોંપાઈ હતી.

30 ઓગસ્ટ, 2026 થી 29 સપ્ટેમ્બર, 2027 સુધી રજિસ્ટરમાંથી નામ દૂર કરવાના આદેશ સામે ત્રણેય ડૉક્ટરોએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. ડૉક્ટરો તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, તેઓ મલ્ટિનેશનલ કંપની દ્વારા આયોજિત એન્ટિ-એજિંગ ટ્રીટમેન્ટના ટ્રેનિંગ સેશનમાં ભાગ લેવા ગયા હતા, જેથી ભારતમાં આવીને અન્ય ડૉક્ટરોને તાલીમ આપી શકાય. વિશ્વભરમાંથી કુલ 15,000 ડૉક્ટરોએ આ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. કરારમાં સ્પષ્ટ ઉલ્લેખ હતો કે, ડૉક્ટરો કંપનીની પ્રોડક્ટ્સ સાથે જોડાયેલા નથી અને તેમણે તેનો પ્રચાર કરવાનો નથી. NMC સમક્ષ થયેલી આ અનામી ફરિયાદ પાછળ કોર્પોરેટ હરીફાઈ જવાબદાર હોઈ શકે છે.

ડૉક્ટરોના વકીલોએ કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, GMC એ પોતાની જ નિયમાવલીનું ઉલ્લંઘન કર્યું છે. GMC કોઈ પણ અનામી ફરિયાદને ધ્યાને લઈ શકતી નથી. નિયમો મુજબ ડૉક્ટરને નોટિસ આપવી, દસ્તાવેજો આપવા, કાનૂની સહાય અને જવાબની તક આપવી (રૂલ 84) તેમજ તપાસ કરવી (રૂલ 88) જેવી પ્રક્રિયાઓ નિર્ધારિત છે પરંતુ, 12 ડિસેમ્બર, 2025ની નોટિસ સિવાયની તમામ પ્રક્રિયાઓ 30 જૂને જ આટોપી લેવાઈ હતી. કોન્ફરન્સ આયોજિત કરનાર કંપનીને માત્ર ઠપકો આપવામાં આવ્યો, જ્યારે ડૉક્ટરોને 13 મહિનાના સસ્પેન્શનની ભારે સજા ફટકારવામાં આવી.

પ્રારંભિક સુનાવણી બાદ હાઈકોર્ટે ગુજરાત મેડિકલ કાઉન્સિલ (GMC) ને 8 સપ્ટેમ્બર સુધીમાં જવાબ રજૂ કરવા નોટિસ પાઠવી છે. આ સાથે જ કોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે, આગળના આદેશો સુધી તમામ અરજીઓમાં પેરા 9(B) મુજબ ડૉક્ટરોને વચગાળાની રાહત (સ્ટે) આપવામાં આવે છે.

# સુરતની સ્કૂલમાં વિદ્યાર્થીને વીજકરંટ લાગતા મોત: પીટીના પિરિયડમાં ધાબા પર લાઈટના થાંભલાને અડી જતા દુર્ઘટના

**સુરત, તા.28**

સુરતના ખટોદરા વિસ્તારમાં સુમન શાળા નંબર 16 (ઉર્દૂ શાળા) ખાતે આજે(28 જુલાઈ) હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ચોમાસા અને વરસાદી માહોલ વચ્ચે શાળા તંત્ર દ્વારા વિદ્યાર્થીઓને પીટી (PT) ના પીરિયડ માટે ટેરેસ પર લઈ જવામાં આવ્યા હતા. પીટીનો સમય પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ જ્યારે ટેરેસ પરથી નીચે ઉતરી રહ્યા હતા, ત્યારે અચાનક ધોરણ-9ના વિદ્યાર્થી અબ્દુલ રહેમાન મહમદ સલીમને કરંટ લાગ્યો હતો. ગંભીર રીતે દાઝી જવાથી આ સરકારી શાળામાં જ વિદ્યાર્થીનું કરૂણ મોત નીપજ્યું હતું. શાળા પરિસરમાં જ ખુલ્લું રમતનું મેદાન હોવા છતાં, ચોમાસામાં ટેરેસ પર વિદ્યાર્થીઓને શા માટે લઈ જવાયા તે અંગે હવે ગંભીર સવાલો ઊભા થયા છે.

આ દુર્ઘટના પાછળ શાળા સંચાલકોની ઘોર બેદરકારી હોવાના આક્ષેપ મૃતક વિદ્યાર્થીના પરિજનો કરી રહ્યા છે. ચોમાસાની ઋતુમાં જ્યારે કરંટ લાગવાનો અને શોર્ટ સર્કિટ થવાનો ભય સતત રહેતો હોય છે, ત્યારે શાળા તંત્રે અગાઉથી



યોગ્ય તપાસ અને તકેદારી રાખવાની જરૂર હતી. શાળામાં ક્યાંય લીકેજ કે શોર્ટ સર્કિટની સમસ્યા છે કે નહીં તેની કોઈ ચકાસણી ન કરવામાં આવી હોવાથી આ હોનારત સર્જાઈ હોવાનું પરિવારનું માનવું છે. વરસાદી હવામાન વચ્ચે બાળકોની સુરક્ષા પ્રત્યે દાખવવામાં આવેલી આ ઘોર બેદરકારીને કારણે જ માસૂમ બાળકનો જીવ ગયો હોવાનો પરિવારજનોએ દાવો કર્યો છે.

ઘટના બાદ શાળાના આચાર્ય મલિક અને તંત્ર દ્વારા પરિવારને તાત્કાલિક જાણ ન કરવામાં આવી હોવાનો પણ ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. બાળકનું મોત નીપજ્યું હોવા છતાં, પરિજનોને સમયસર જાણ કરવાને બદલે સમગ્ર બાબત છુપાવવાનો પ્રયાસ કરાયો હોવાનો આક્ષેપ છે. આ સમાચાર મળતા જ હોસ્પિટલ ખાતે મૃતક વિદ્યાર્થીના સંબંધીઓ અને પરિજનો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. હોસ્પિટલ પરિસરમાં પરિવારજનોએ શાળા પ્રશાસન સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.

ઘટનાના સાક્ષી વિદ્યાર્થી મોહમ્મદ ઈરફાનના જણાવ્યા અનુસાર, બીજા માળે સાતથી આઠ વિદ્યાર્થીઓનું ગ્રુપ (PT)ના વર્ગમાં હતું. તે દરમિયાન તેનો સાથી વિદ્યાર્થી અબ્દુલ રહેમાન દીવાલ તરફ દોડ્યો હતો, જ્યાં ખુલ્લા વાયર/સપાટીના સંપર્કમાં આવતા તેને ભારે વીજ કરંટ લાગ્યો હતો.તેના વર્ગના મિત્રો દ્વારા તેને બચાવવાના તાત્કાલિક પ્રયાસો કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ ત્રણ શિક્ષકો તથા શાળાના પ્રિન્સિપાલ દ્વારા તેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ, આ વિદ્યાર્થીને બચાવી શકાયો ન હતો અને ઈજાઓને કારણે તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

શાળાના આચાર્ય અને શિક્ષક તેને બેદરકારી માનવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. 'અમે પર્સનલી ધ્યાન રાખીએ છીએ' અને 'બાળકને આઈડિયા નહીં હોય' જેવા બહાના હેઠળ પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ખુલ્લા વાયર ધરાવતો થાંભલો બાળકોની પહોંચમાં હોય અને શિક્ષક લાઈનમાં પાછળ ચાલતા હોય, તે જ શાળા પ્રશાસનની મોટી નિષ્કાળજી છતી કરે છે.

પત્રકારોના સવાલો સામે શાળા સત્તાધીશોએ ગોળ-ગોળ જવાબ આપ્યા હતા. થાંભલામાં કરંટ કઈ રીતે આવ્યો તે અંગે આચાર્યએ તદ્દન અજ્ઞાનતા દર્શાવી હતી. જ્યારે પત્રકારોએ વધુ સ્પષ્ટતા માગી અને બેદરકારી પર ઘેરાવ કર્યો, ત્યારે પોતાની ભૂલો ઢાંકવા માટે અન્ય વ્યક્તિએ વચમાં પડીને 'હવે કોઈએ કાંઈ બોલવું નથી' કહીને વાતચીત બંધ કરાવી દીધી હતી. આ વલણ દર્શાવે છે કે ઘટનાની ગંભીરતા સ્વીકારવાને બદલે બાબતને રફેદફે કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# જર્જરિત મકાનનો સ્લેબ તૂટતા મેડીકલ સ્ટોરના માલિકનું મોત

## ભાગળ ચાર રસ્તા પાસે ફાયર વિભાગે કાટમાળ નીચે દબાયેલા વૃદ્ધને હોસ્પિટલ મોકલ્યા, સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

**સુરત, તા.28**

સુરત શહેરના અત્યંત વ્યસ્ત અને ઐતિહાસિક એવા ભાગળ ચાર રસ્તા વિસ્તારમાં આજે એક હૃદય કંપાવનારી દુર્ઘટના સામે આવી છે. અહીં આવેલું વર્ષો જૂનું એક ગ્રાઉન્ડ પ્લસ એક માળનું મકાનનો પ્રથમ માળનો ભારેખમ સ્લેબ તૂટી પડતાં આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને લોકો જીવ બચાવવા ભાગદોડ કરવા લાગ્યા હતા. કાટમાળમાં 75 વર્ષના વૃદ્ધ દટાઈ જતા ફાયર વિભાગ એ ઘટના સ્થળે દોડી જઈને બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યા હતા. જો કે તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

આ જર્જરિત મકાન ભરતભાઈ દલાલનું જ હતું, જેઓ નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર પોતાની દવાની દુકાન ચલાવતા હતા. મકાનનો ઉપરનો માળ લાંબા સમયથી અત્યંત જર્જરીત હાલતમાં હતો. આજે રોજિંદા ક્રમ મુજબ ભરતભાઈ પોતાની દુકાનમાં બેઠા હતા, ત્યારે જ ઉપરનો સ્લેબ કાળ બનીને નીચે ચાલતી દવાની દુકાન પર કડાકાભેર તૂટી પડ્યો



હતો.

અચાનક બનેલી આ ઘટનામાં મકાનનો સમગ્ર કાટમાળ નીચે આવેલી દવાની દુકાન પર પડતા આખી દુકાન કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગઈ હતી. દુકાનમાં હાજર 75 વર્ષીય વૃદ્ધ ભરતભાઈ દલાલ કાટમાળના મોટા પથ્થરો અને સ્લેબ નીચે ગંભીર રીતે દબાઈ ગયા હતા. આ દ્રશ્ય જોઈ આસપાસના વેપારીઓ અને રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા.

ઘટના અંગે તાત્કાલિક જાણ કરવામાં આવતાં જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરોએ યુદ્ધના ધોરણે રેસ્ક્યુ કામગીરી હાથ ધરીને કાટમાળ હટાવવાનું શરૂ કર્યું હતું. ભારે જહમત બાદ કાટમાળ નીચે દબાયેલા ભરતભાઈને બહાર કાઢવામાં આવ્યા હતા અને સ્થળ પર હાજર 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા.

ગંભીર રીતે ઘવાયેલા ભરતભાઈને સ્મીમેર હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા, પરંતુ દુર્ભાગ્યવશ હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ કરૂણ ઘટનાને પગલે મૃતકના પરિવારજનોમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે, જ્યારે ભાગળ વિસ્તારના સ્થાનિક વેપારીઓમાં પણ ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

ફાયર ઓફિસર બલવંતસિંહ જણાવ્યું હતું કે, ફાઈલ કંટ્રોલમાંથી જાણ કરવામાં આવતા જ અમારી ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ગ્રાઉન્ડ ફોર ઉપરનો જે પહેલા માલનો સ્લેબ હોય છે તે આખો નીચે પડી ગયો હતો. જે દુકાનની અંદર રહેલા વૃદ્ધ તેમાં સંપૂર્ણ દટાઈ ગયા હતા. માત્ર તેના પગ જ બહાર હતા. ગણતરીની મિનિટોમાં જ ઉપર નો કાટમાળ હટાવીને વૃદ્ધને બહાર કાઢ્યા હતા અને સૌથી પહેલા તેમને 108 મારફતે હોસ્પિટલ ખસેડ્યા હતા. ગ્રાઉન્ડ પ્લસ એક માળનું આ મકાન ખૂબ જ જર્જરીત છે. આસપાસમાં પણ મકાનો જર્જરિત હોવાથી તમામ ખાલી કરી દેવામાં આવ્યા છે પણ આ એક મકાનમાં જ દવાની દુકાન ચાલતી હતી અને તે વૃદ્ધ ચલાવતા હતા.

75 વર્ષીય મૃતક ભરતભાઈ હસમુખભાઈ દલાલ અડાજણ વિસ્તારમાં આવેલી શિવ શક્તિ રો હાઉસમાં પરિવાર સાથે રહેતા હતા. ભાગળ ખાતે આવેલા ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર દવાની દુકાન ચલાવતા હતા. વર્ષોથી દવાની દુકાન ચલાવતા હતા અને એ દુકાનમાં જ તેમનું મોત નીપજતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




## ટોક્યોજાપાનમાં ભૂકંપ અને કુદરતી હોનારત : મોલનો બીજો માળ ધરાશાયી થતાં 50થી વધુ લોકો ફસાયા, સેના મેદાને

# દક્ષિણ જાપાનના કુમામોટોમાં 6.8ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ

### ભૂકંપ બાદ વિસ્ફોટ અને 60થી વધુ આફ્ટરશોક્સ; 1.5 લાખ લોકોને સ્થળાંતર કરવા નિર્દેશ, બુલેટ ટ્રેન સેવાઓ ઠપ અને 48,000થી વધુ ઘરોમાં વીજળી ગુલ

**ટોક્યો, તા.28**

જાપાનના દક્ષિણી કુમામોટો પ્રાંતમાં મંગળવારે 6.8 તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો. તીવ્ર આંચકા બાદ કાશિમા શહેરમાં સ્થિત એક શોપિંગ મોલનો બીજો માળ ધરાશાયી થઈ ગયો, જેનાથી 50થી વધુ લોકો કાટમાળમાં ફસાયા હોવાની આશંકા છે. પ્રારંભિક માહિતી મુજબ અનેક લોકો ઘાયલ થયા છે. જાપાન હવામાન વિજ્ઞાન એજન્સી (JMA)ના જણાવ્યા અનુસાર, ભૂકંપ સ્થાનિક સમય મુજબ સાંજે 4:27 વાગ્યે આવ્યો હતો. એનું કેન્દ્ર જમીનથી લગભગ 10 કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપ બાદ સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી, પરંતુ લગભગ એક કલાક પછી તેને પાછી ખેંચી લેવામાં આવી હતી.

ભૂકંપ બાદ વહીવટીતંત્રે સાવચેતીના ભાગરૂપે ક્યુશુ દ્વીપના 1.5 લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળો અને રાહત શિબિરોમાં જવાનો નિર્દેશ આપ્યો છે. રાષ્ટ્રીય પ્રસારક NHKની તસવીરોમાં અનેક રસ્તાઓ અને પુલોમાં તિરાડો, ઈમારતોમાં આગ અને અન્ય નુકસાન દેખાઈ રહ્યું છે. સરકારે રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવી દીધી છે, જ્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનું આંકલન કરવામાં આવી રહ્યું છે. જાપાન હવામાન વિજ્ઞાન એજન્સીના જણાવ્યા અનુસાર, કુમામોટોમાં આવેલા 6.8 તીવ્રતાના ભૂકંપ બાદ અત્યાર સુધીમાં 1 થી 4 તીવ્રતાના 60થી વધુ આફ્ટરશોક નોંધાયા છે.

જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચી એ જણાવ્યું છે કે ભૂકંપ પ્રભાવિત દક્ષિણ જાપાનમાં રાહત અને બચાવ કામગીરી માટે 'જાપાન સેલ્ફ ડિફેન્સ ફોર્સ'ના 300 જવાનોને મોકલવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે સેના સ્થાનિક વહીવટીતંત્ર સાથે મળીને બચાવ કામગીરી, રાહત સામગ્રી પહોંચાડવા અને અસરગ્રસ્ત લોકોને મદદ કરવામાં જોડાશે.

જાપાનમાં મંગળવારે ભૂકંપના થોડા કલાકો બાદ કાશિમા ટાઉન સ્થિત એક શોપિંગ મોલમાં બ્લાસ્ટ થવાની માહિતી મળી છે. પ્રારંભિક અહેવાલો મુજબ, અનેક લોકો મોલની અંદર ફસાયેલા છે અને કેટલાક લોકોના મોત થવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક ન્યૂઝ એજન્સી NHKના જણાવ્યા અનુસાર, ફાયર બ્રિગેડે જણાવ્યું કે બ્લાસ્ટ બાદ ઈમારતના બીજા માળનો એક ભાગ ધરાશાયી થઈ ગયો.

ભૂકંપ બાદ સાવચેતીના પગલે બુલેટ ટ્રેન સેવાઓ રોકી દેવામાં આવી છે, જેના કારણે સ્ટેશન પર મુસાફરોની ભીડ જામી ગઈ છે. દક્ષિણ-પશ્ચિમ જાપાનના ફુકુઓકા સ્થિત જેઆર હાકાતા સ્ટેશન પર મોટી સંખ્યામાં મુસાફરો ફસાયેલા છે. જાપાન હવામાન વિજ્ઞાન એજન્સીના જણાવ્યા અનુસાર, સ્થાનિક સમય મુજબ સાંજે લગભગ 7 વાગ્યે કુમામોટોમાં 4.2 તીવ્રતાનો આફ્ટરશોક અનુભવાયો હતો.

બીજી તરફ, જાપાનના મુખ્ય કેબિનેટ સચિવ મિનોરુ કિહારાએ મંગળવારે સાંજે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે કુમામોટોમાં સેના દ્વારા કટોકટી રાહત અને બચાવ કામગીરી ચલાવવામાં આવી રહી છે. કુમામોટો પ્રીફેક્ચરમાં આવેલા શક્તિશાળી ભૂકંપ પછી 48,300થી વધુ ઘરોનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. વીજ કંપની ક્યુશુ ઈલેક્ટ્રિક પાવરની ટીમો પુરવઠો પૂર્વવત કરવામાં જોતરાઈ ગઈ છે.

કંપનીએ લોકોને અપીલ કરી છે કે નીચે પડેલા કે તૂટેલા વીજળીના વાયરોને અડકવું નહીં. સાથે જ ક્યાંય પણ વીજળીના સાધનો કે લાઈનોમાં નુકસાન દેખાય તો તરત જ તેની જાણ કરવા જણાવ્યું છે.

કુમામોટો પ્રીફેક્ચરલ મ્યુઝિયમ ઑફ આર્ટે બુધવારે બંધ રહેવાની જાહેરાત કરી છે. મ્યુઝિયમ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે આ નિર્ણય સુરક્ષાના સાવચેતીના પગલા રૂપે લેવામાં આવ્યો છે.

જાપાન વિશ્વમાં સૌથી વધુ ભૂકંપ આવતા દેશોમાં સામેલ છે. અહીં દર વર્ષે 1,500થી વધુ ભૂકંપ નોંધાય છે. આમ છતાં, મોટા ભૂકંપોમાં અન્ય દેશોની સરખામણીએ નુકસાન ઓછું થાય છે. એનું કારણ અર્થક્વેક-પ્રૂફ ઈમારતો, તરત જ મળતી ચેતવણી, લોકોની નિયમિત તૈયારી અને મજબૂત રાહત વ્યવસ્થા છે.

સુનામી એલર્ટ જારી થયા બાદ જાપાનના પ્રશાસને પ્રભાવિત દરિયાકાંઠાના વિસ્તારોમાં તાત્કાલિક સ્થળાંતરના આદેશ જારી કર્યા છે. અરિયાકે અને યાત્સુશિરો સમુદ્ર માટે એડવાઈઝરી જાહેર કરી છે.

પ્રશાસને લોકોને કહ્યું છે કે સમુદ્ર અને દરિયાકાંઠાના વિસ્તારો ખતરનાક છે. તરત જ કિનારાથી દૂર સુરક્ષિત સ્થળોએ જતા રહો. જ્યાં સુધી આગળની સૂતના જણાવાય નહીં, ત્યાં સુધી સમુદ્રમાં ન જાવ અને કિનારાની નજીક પણ ન જાવ.

આ સાથે, કુમામોટો, નાગાસાકી, કાગોશિમા, ફુકુઓકા, સાગા, ઓઈતા અને મિયાઝાકી પ્રાંતોમાં ઈમરજન્સીની ચેતવણી જારી કરવામાં આવી છે. લોકોને શાંત રહેવા, સ્થાનિક પ્રશાસનની સૂચનાઓનું પાલન કરવા અને ટીવી, રેડિયો અને સત્તાવાર માધ્યમો દ્વારા જારી કરાયેલા અપડેટ્સ પર નજર રાખવા અપીલ કરવામાં આવી છે.

જાપાન હવામાન વિજ્ઞાન એજન્સી (JMA) અનુસાર, 7.1 તીવ્રતાના ભૂકંપ પછી 1 મીટર સુધી ઊંચી સુનામીની લહેરો ઉછળવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા અને જરૂર પડ્યે તરત જ સુરક્ષિત સ્થળોએ જવાની અપીલ કરવામાં આવી છે.ભૂકંપ પછી જાપાન સરકારે કુમામોટો ઉપરાંત નાગાસાકી, કાગોશિમા, ફુકુઓકા, સાગા, ઓઈતા અને મિયાઝાકી પ્રાંતોમાં પણ કટોકટી ભૂકંપ ચેતવણી જાહેર કરી છે. આ બધા પ્રાંતો ક્યુશુ દ્વીપ પર આવેલા છે. આ માહિતી સમાચાર એજન્સી રોયટર્સે આપી છે. જાપાન સરકારે દક્ષિણ ક્યુશુ ટાપુ પર આવેલા કુમામોટો, નાગાસાકી, કાગોશિમા, ફુકુઓકા, સાગા, ઓઈતા અને મિયાઝાકી પ્રાંતોમાં એલર્ટ જાહેર કર્યું છે. જાપાની ભૂકંપ તીવ્રતા સ્કેલ પર આ ભૂકંપને મહત્તમ 'શિંદો 7.1' માપવામાં આવ્યો છે. તેનો અર્થ એ છે કે આંચકા એટલા તીવ્ર હતા કે લોકો માટે ઊભા રહેવું પણ મુશ્કેલ હતું. આ દરમિયાન ઘણી ઈમારતો પત્તાના મહેલની જેમ હલવા લાગી. ભૂકંપ પછી રાહત અને બચાવ દળો કામમાં લાગી ગયા છે.

જાપાન સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓએ ક્યુશુ શિંકાનસેન (Kyushu Shinkansen) પર બુલેટ ટ્રેન સેવાઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં હાઈવે બંધ કરી દેવામાં આવ્યા છે અને વીજળી તથા પાણીના પુરવઠામાં વિક્ષેપ પડવાના અહેવાલો છે.

## યૌન અપરાધી એપસ્ટીનની કરોડોની સંપત્તિ કોને મળશે: બેલારુસની ડેન્ટિસ્ટ સૌથી મોટી દાવેદાર, એપસ્ટીને મૃત્યુ પહેલાં છેલ્લો ફોન તેમને કર્યો હતો

**વોશિંગ્ટન, તા.28**

દુનિયાના સૌથી કુખ્યાત યૌન અપરાધીઓમાં સામેલ જેફ્રી એપસ્ટીનના મૃત્યુને સાત વર્ષ થઈ ગયા છે, પરંતુ તેની અબજો રૂપિયાની સંપત્તિને લઈને વિવાદ હજુ પણ ચાલુ છે. અમેરિકી તપાસ એજન્સીઓના નવા દસ્તાવેજો પરથી જાણવા મળ્યું છે કે બેલારુસની 37 વર્ષીય ડેન્ટિસ્ટ કારિના શુલિયાક તેની સંપત્તિની સૌથી મોટી દાવેદાર હોઈ શકે છે. દસ્તાવેજો અનુસાર, એપસ્ટીને પોતાની વસિયતમાં કારિનાના નામે લગભગ 959 કરોડ રૂપિયાની સંપત્તિ અને 33 કેરેટની હીરાની વીંટી છોડી હતી.

ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, કારિના શુલિયાક એપસ્ટીનની ગર્લફ્રેન્ડ હતી. 10 ઓગસ્ટ 2019ના રોજ ન્યૂયોર્કની જેલમાં આત્મહત્યા કરતા પહેલા એપસ્ટીને છેલ્લો ફોન કોલ પણ તેમને જ કર્યો હતો.

જેફરી એપસ્ટીનના 2019માં મૃત્યુ પછી ડો. કરીના શુલિયાક લોકોની નજરથી દૂર રહીને સામાન્ય જીવન જીવી રહ્યા હતા. જોકે, આ વધુ સમય સુધી ચાલી શક્યું નહીં.

જાન્યુઆરીના અંતમાં અમેરિકી ન્યાય વિભાગે એપસ્ટીન સાથે સંકળાયેલા લગભગ 30 લાખ પાનાના દસ્તાવેજો, ઈમેલ અને રેકોર્ડ જાહેર કર્યા. આમાં ડો. કરીના શુલિયાક અને એપસ્ટીન વચ્ચે થયેલા હજારો ખાનગી ઈમેલ અને બંનેની સાથે લેવાયેલી ઘણી તસવીરો પણ સામેલ છે.

આ દસ્તાવેજો પરથી બંનેના લગભગ 8 વર્ષ જૂના સંબંધોનો ખુલાસો થયો. રેકોર્ડ મુજબ, બેલારુસમાં જન્મેલી કરિના શુલિયાકે ક્યારેય પોતાને એપસ્ટીનની પીડિતા ગણાવી ન હતી. જ્યારે, એફબીઆઈએ પણ એપસ્ટીન કેસમાં તેની ક્યારેય પૂછપરછ કરી ન હતી. એપસ્ટીનની સેંકડો કથિત પીડિતો વતી કેસ લડનારા વકીલોએ પણ તેનું નિવેદન ક્યારેય નોંધાવ્યું ન હતું.

તપાસ રેકોર્ડ મુજબ, માર્ચ 2011 ના અંતમાં ડૉ. કરિના શુલિયાક જેફરી એપસ્ટીનને મળી હતી. ત્યારે તે 21 વર્ષની હતી અને તેને ન્યૂયોર્ક આવ્યાને માત્ર નવ



મહિના થયા હતા. તે બેલારુસથી સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા આવી હતી, જેથી તે ડેન્ટિસ્ટનો અભ્યાસ પૂરો કરી શકે.

તે સમયે એપસ્ટીન ફ્લોરિડામાં એક સગીર છોકરી પાસેથી વેશ્યાવૃત્તિ કરાવવાના કેસમાં પોતાનો ગુનો કબૂલી ચૂક્યો હતો. તેના પર ડઝનબંધ સગીર છોકરીઓના યૌન શોષણના આરોપો પણ લાગી ચૂક્યા હતા.

ધ ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, બંનેની મુલાકાત એક મહિલાએ કરાવી હતી. તે મહિલાએ જણાવ્યું કે તેને સમયાંતરે અન્ય યુવાન મહિલાઓને પણ એપસ્ટીન પાસે લાવવા માટે કહેવામાં આવતું હતું.

શરૂઆતની મુલાકાતોમાં એપસ્ટીને કરિનાને મોંઘી ભેટો અને અન્ય સુવિધાઓ આપીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો. પહેલી મુલાકાતમાં જ તેણે તેના ડેન્ટિસ્ટ બનવાના સપનાને પૂરા કરવામાં મદદ કરવાની ઓફર પણ કરી.

તપાસ રેકોર્ડ મુજબ, જેફ્રી એપસ્ટીન ડૉ. કરિના શુલિયાકને પોતાની સૌથી પ્રિય ગણાવતો હતો અને અવારનવાર કહેતો હતો કે તે તેમને પ્રેમ કરે છે. તેણે તેમને પોતાના ક્રેડિટ કાર્ડથી મનપસંદ ખરીદી કરવાની સંપૂર્ણ છૂટ આપી હતી. બંને ઘણા દેશોની યાત્રા પણ સાથે કરતા હતા.

રેકોર્ડ મુજબ, એપસ્ટીને ઘણા વર્ષોમાં કરિનાને લગભગ 10 લાખ ડોલર આપ્યા. તેણે બેલારુસમાં રહેતા તેમના માતા-પિતાને પણ હજારો ડોલર મોકલ્યા હતા.

ઈમેલ પરથી એ પણ જાણવા મળે છે કે 2012માં એપસ્ટીને કરિનાને કોલંબિયા યુનિવર્સિટીની ડેન્ટલ સ્કૂલમાં પ્રવેશ અપાવવામાં મદદ કરી. તેણે ત્રણ વર્ષના અભ્યાસની સંપૂર્ણ ફી ભરવાનો પણ નિર્ણય કર્યો હતો.

સમય જતાં કરિનાએ એપસ્ટીનનો એટલો વિશ્વાસ જીતી લીધો કે તે તેની સંપત્તિઓ અને કર્મચારીઓના સંચાલનમાં પણ મદદ કરવા લાગી.

2012માં ડૉ. કરિના શુલિયાકે કોલંબિયા યુનિવર્સિટીમાં પ્રવેશ માટે અરજી કરી. ત્યાં સુધીમાં તેમનો સ્ટુડન્ટ વિઝા પૂરો થઈ ગયો હતો અને તેઓ નિર્ધારિત સમય કરતાં વધુ અમેરિકામાં રહી રહ્યા હતા.

અમેરિકી ન્યાય વિભાગના દસ્તાવેજો અનુસાર, 2013ની શરૂઆતમાં જેફ્રી એપસ્ટીને તેમને અમેરિકામાં રાખવાનો રસ્તો શોધી કાઢ્યો. તે સમયે ન્યૂયોર્કમાં સમલૈંગિક લગ્નને કાનૂની માન્યતા મળી ચૂકી હતી. એપસ્ટીનનું માનવું હતું કે કોઈ અમેરિકી મહિલા સાથે લગ્ન કરવાથી કરિના માટે ગ્રીન કાર્ડ અને પછી નાગરિકતા મેળવવી સરળ બની જશે.

આ જ યોજના હેઠળ તેણે પોતાની એક મહિલા કર્મચારી સાથે કરિનાના લગ્ન કરાવ્યા. એક ઈમેલમાં એપસ્ટીને લખ્યું હતું કે ગ્રીન કાર્ડ મેળવવાનો સૌથી ઝડપી રસ્તો સમલૈંગિક લગ્ન છે.

## ટ્રમ્પે કહ્યું- અમેરિકા પાસે હથિયારોની ખોટ નથી: ઈરાનને ફરી ધમકી આપી, ખાર્ગ આઈલેન્ડ પર હુમલાની AI તસવીર શેર કરી

**વોશિંગ્ટન, તા.28**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથેના તણાવ વચ્ચે અમેરિકાના હથિયારો ખતમ થઈ રહ્યા નથી. તેમણે કહ્યું, "આપણી પાસે દુનિયામાં સૌથી વધુ હથિયારો છે, જરૂરિયાત કરતાં પણ વધુ." ટ્રમ્પનું આ નિવેદન તે મીડિયા રિપોર્ટ્સ પછી આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઈરાન સાથે સતત સંઘર્ષને કારણે અમેરિકાના પેટ્રિયટ ઈન્ટરસેપ્ટર મિસાઈલોનો ભંડાર ઘટી રહ્યો છે.

નિવેદન પછી તરત જ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર ઘણી AI તસવીરો શેર કરી. એક તસવીરમાં ઈરાનના સૌથી મોટા તેલ નિકાસ કેન્દ્ર ખાર્ગ આઈલેન્ડ પર હવાઈ હુમલો દર્શાવવામાં આવ્યો હતો. આ સાથે તેમણે લખ્યું- 'સ્ટ્રાઈક ઓન ખાર્ગ".

આ પછી તેમણે કેટલીક વધુ AI તસવીરો પોસ્ટ કરી, જેમાં એક ઈરાની તેલ ટેન્કર પર અમેરિકી ધ્વજ દેખાઈ રહ્યો છે. એક બીજી તસવીરમાં જહાજને ઉડતું બતાવવામાં આવ્યું હતું, જેની સાથે



લખ્યું હતું- "નો મોર ઈન્જન્સ".

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું છે કે તેઓ વોશિંગ્ટનમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત દરમિયાન વાતચીતમાં સૌથી મહત્વનો મુદ્દો ઈરાન હશે.

નેતન્યાહૂએ X પર લખ્યું, "અમારો લક્ષ્ય સ્પષ્ટ છે. ઈઝરાયલની સુરક્ષા સુનિશ્ચિત કરવી અને તેની તાકાત વધારવી."

ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે હાલ અમેરિકા સાથે તેની કોઈ વાતચીત ચાલી રહી નથી. જોકે, બંને દેશો વચ્ચે તાજેતરના દિવસોમાં સંઘર્ષ અટકી ગયો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'મધ્યસ્થી અમેરિકા તરફથી અમને વર્તમાન પરિસ્થિતિ સંબંધિત સંદેશા પહોંચાડી શકે છે, પરંતુ આ સમયે અમેરિકા સાથે અમારી કોઈ વાતચીત થઈ રહી નથી.'

તેમણે એમ પણ કહ્યું કે ઈરાને વાતચીતની પહેલ કરી છે, આવા દાવા સંપૂર્ણપણે ખોટા છે. બઘાઈના મતે, બીજી તરફ સમયાંતરે આવી વાતો ફેલાવવામાં આવે છે.

યમનના ઈરાન સાથે જોડાયેલા હુતી વિદ્રોહીઓ અને સાઉદી અરબ વચ્ચેના તાજેતરના તણાવ બાદ હોર્મુઝની જેમ જ બાબ અલ-મંદેબ બંધ થવાનો ખતરો વધી ગયો છે.

બાબ-અલ-મંદેબ લાલ સાગરને અદનની ખાડી સાથે જોડે છે. તે હિંદ મહાસાગર, મધ્ય પૂર્વ અને સુએઝ નહેર વચ્ચે જહાજોની અવરજવરનો મુખ્ય માર્ગ છે.

જ્યારે, હોર્મુઝ સ્ટ્રેટ ફારસની ખાડીને ઓમાનની ખાડી સાથે જોડે છે. આ જ માર્ગે સાઉદી અરબ, ઈરાક, યુએઈ, કુવૈત અને ઈરાન જેવા મોટા ઓઈલ ઉત્પાદક દેશોનું ઓઈલ દુનિયા સુધી પહોંચે છે. ઈરાનમાં વધતા સારવાર ખર્ચને કારણે મોટી સંખ્યામાં લોકો હવે લોન લઈને પોતાની સારવાર કરાવવા મજબૂર છે.

## ભારતે યુક્રેનના રાજદૂતને સમન્સ પાઠવ્યું: ભારતીય ક્રૂ મેમ્બરનાં મોત પર જવાબ માંગ્યો, બ્લેક સીમાં જહાજ પર થયેલા હુમલાનો મામલો

**નવી દિલ્હી, તા.28**

ભારતે બ્લેક સીમાં એક જહાજ પર થયેલા હુમલામાં ભારતીય નાવિકના મૃત્યુના મામલે યુક્રેનના રાજદૂત ડૉ. ઓલેક્સાંદ્ર પોલિશચુકને બોલાવ્યા છે. ભારતીય નાવિકોના યુનિયનોએ હુમલા માટે યુક્રેનિયન ડ્રોનને જવાબદાર ઠેરવ્યા છે. વિદેશ મંત્રાલયે આ મામલાને યુક્રેન સમક્ષ મજબૂતીથી ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલય અનુસાર, જહાજ એમવી ઓમોર્ફી પર 18 જુલાઈએ બ્લેક સીમાંથી પસાર થતી વખતે હુમલો થયો હતો. મંત્રાલયે ગયા અઠવાડિયે જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ હુમલો કથિત રીતે રશિયન પ્રાદેશિક જળસીમામાં થયો હતો.

હુમલા સમયે જહાજ પર 10 ક્રૂ મેમ્બર સવાર હતા. તેમાંથી 3 ભારતીય નાગરિકો હતા. હુમલામાં ભારતીય ક્રૂ મેમ્બર અને ચીફ



ઓફિસર સાગર ગુપ્તાનું મૃત્યુ થયું. જહાજ પર હાજર અન્ય બે ભારતીય ક્રૂ મેમ્બર સુરક્ષિત હોવાનું જણાવાયું છે. ભારતે જહાજ પર થયેલા હુમલાની સખત નિંદા કરી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે કોમર્શિયલ શિપિંગ અને નાગરિક ક્રૂ મેમ્બર પર હુમલા સ્વીકાર્ય નથી.


મંત્રાલયે તમામ પક્ષોને દરિયાઈ અવરજવરની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને વૈશ્વિક વેપારના મુક્ત પ્રવાહને જાળવી રાખવા અપીલ કરી છે. ભારતનું કહેવું છે કે કોમર્શિયલ શિપિંગ રૂટ્સની સુરક્ષા જરૂરી છે અને નાગરિક નાવિકોની સુરક્ષા સાથે કોઈ સમાધાન થવું જોઈએ નહીં. એમવી ઓમોર્ફી માર્શલ આઈલેન્ડ્સના ધ્વજવાળું બલ્ક કેરિયર છે. તેને 2010માં બનાવવામાં આવ્યું હતું. તે તે વિસ્તારમાં કાર્યરત હતું, જ્યાં રશિયા-યુક્રેન સંઘર્ષ વચ્ચે વેપારી જહાજો પર વારંવાર હુમલા થયા છે. આ ઘટનાએ બ્લેક સી વિસ્તારમાં કામ કરી રહેલા ભારતીય નાવિકો સામે વધતા સુરક્ષા જોખમને પણ સામે લાવ્યું છે. ભારતીય નાવિકો વિશ્વની મર્ચન્ટ નેવીમાં સૌથી મોટા સમૂહોમાં સામેલ છે. ભારતીય અધિકારીઓએ નાવિકો અને શિપિંગ કંપનીઓને એડવાઈઝરી જાહેર કરીને બ્લેક સી અથવા તેની આસપાસના વિસ્તારોમાં કામ કરતા પહેલાં સુરક્ષા જોખમોનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવા જણાવ્યું છે. એડવાઈઝરીમાં નાવિકો અને શિપિંગ કંપનીઓને દરિયાઈ માર્ગોની પુષ્ટિ કરવા, વીમા કવચની તપાસ કરવા અને કટોકટી પ્રક્રિયાઓને સમજવાની સલાહ આપવામાં આવી છે.

## ઈરાને હોર્મુઝના મુદ્દે સાઉદી-ઓમાન સાથે વાત કરી: કહ્યું- અમેરિકી હુમલાઓથી વિસ્તારમાં તણાવ વધ્યો, મળીને પરિસ્થિતિ સંભાળીશું

**તેહરાન, તા.28**

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા તણાવને લઈને સાઉદી અરેબિયા અને ઓમાન સાથે વાતચીત કરી છે. ઈરાનનું કહેવું છે કે અમેરિકી હુમલાઓ પછી વિસ્તારમાં તનાવ વધી ગયો છે, તેથી હવે મળીને પરિસ્થિતિ સંભાળવાની જરૂર છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સાઉદી વિદેશ મંત્રી પ્રિન્સ ફૈસલ બિન ફરહાન અને ઓમાનના વિદેશ મંત્રી બદર અલબુસૈદી સાથે અલગ-અલગ ફોન પર વાત કરી. વાતચીતમાં વિસ્તારની તાજી પરિસ્થિતિ અને બંને દેશો સાથેના સંબંધો પર ચર્ચા થઈ. ઈરાની સરકારી સમાચાર એજન્સી IRNA મુજબ, ત્રણેય દેશોએ પરસ્પર સહયોગ વધારવા અને રાજદ્વારી પ્રયાસો ઝડપી કરવા પર ભાર મૂક્યો, જેથી વિસ્તારમાં ફરીથી સ્થિરતા લાવી શકાય.

ઈરાકમાં ગેસફિલ્ડ પર હુમલો, અમેરિકી ડ્રોન તોડી પાડવાનો પણ દાવો: ઈરાની મીડિયાએ દાવો કર્યો છે કે ઉત્તરી ઈરાકના સૌથી મોટા ખોર મોર ગેસફિલ્ડ પર હુમલો થયો છે. જ્યારે એરબિલ નજીક ચાર શંકાસ્પદ ઈરાની ડ્રોન પડ્યા હોવાનો અને પશ્ચિમી ઈરાકમાં એક અમેરિકી ડ્રોન તોડી પાડવામાં આવ્યું હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. નેતન્યાહુ બોલ્યા- ટ્રમ્પ સાથેની મુલાકાતમાં ઈરાન સૌથી મોટો મુદ્દો હશે: વોશિંગ્ટન રવાના થતા પહેલા નેતન્યાહુએ કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની તેમની વાતચીતનો સૌથી મહત્વનો મુદ્દો ઈરાન હશે. તેમનું કહેવું છે કે બેઠકમાં ઈઝરાયલની સુરક્ષા અને



પ્રાદેશિક પરિસ્થિતિઓ પર ચર્ચા થશે. ઈરાને અમેરિકા સાથે વાતચીતના અહેવાલોને નકારી કાઢ્યા: ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે હાલમાં અમેરિકા સાથે કોઈ વાતચીત ચાલી રહી નથી. મંત્રાલયે એમ પણ કહ્યું કે ઈરાન તરફથી વાતચીત શરૂ કરવાના દાવા ખોટા છે. હોર્મુઝ અને બાબ-અલ-મંદેબ બંધ થયા તો મોંઘવારી વધશે: નિષ્ણાતોનું માનવું છે કે જો બંને મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો બંધ થશે તો તેલના ભાવ વધશે, માલસામાનની હેરફેર મોંઘી થશે અને વૈશ્વિક સપ્લાય ચેઈન પર અસર પડશે. અમેરિકા-ઈરાન તણાવ ઘટતા જ ક્રૂડ ઓઈલ સસ્તું થયું: અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ અટક્યા બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઘટાડો આવ્યો છે. જોકે, બજારને હજુ પણ તણાવ ફરી વધવાની આશંકા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોના અહેવાલો બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

મંગળવારના શરૂઆતી ટ્રેડિંગમાં બ્રેન્ટ ક્રૂડ 1.66% એટલે કે 1.47 ડોલર ઘટીને 86.89 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું. આ છેલ્લા 8 દિવસની સૌથી નીચલી સપાટી છે. બીજી તરફ, અમેરિકી WTI ક્રૂડ પણ 1.76% એટલે કે 1.45 ડોલર તૂટીને 81.16 ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરતું જોવા મળ્યું. અમેરિકા અને ઈરાન વચ્ચે સીધી લશ્કરી કાર્યવાહી અસ્થાયી રૂપે બંધ થઈ ગઈ છે, પરંતુ પશ્ચિમ એશિયામાં તણાવ હજુ પણ છે. છેલ્લા બે દિવસમાં, ઈરાક, જોર્ડન અને સાઉદી અરેબિયામાં ડ્રોન હુમલાની ઘટનાઓ નોંધાઈ છે. આનાથી પ્રશ્ન ઉભો થાય છે કે આ હુમલા કોણ કરી રહ્યું છે અને તેની પાછળનું કારણ શું છે? એર્બિલ નજીક ખલીફાન અને સોરાન વિસ્તારોમાં ઓછામાં ઓછા 4 ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો. હુમલાઓ બાદ અનેક આગ લાગી. અનબાર પ્રાંતમાં હદીથા ડેમ નજીક એક અજાણ્યું ડ્રોન પણ મળી આવ્યું.

## તંત્રી લેખ

# સીજેપીએ ફરીથી કેન્દ્ર સરકારને ચેતવણી આપી

કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરભ દાસએ દાવો કર્યો છે કે, આસામ, પશ્ચિમ બંગાળ અને બિહાર સહિત કેટલાક રાજ્યોના વિદ્યાર્થીઓ તેમજ દેખાવકારોને હવે નિશાન બનાવવામાં આવે છે. એમની ધરપકડ થઈ રહી હોવાના સમાચાર આવી રહ્યા છે. દાસે કેન્દ્ર સરકારને તાત્કાલીક હસ્તક્ષેપ કરવા કહ્યું છે. સૌરભ દાસે એક નિવેદનમાં કહ્યું છે કે, પક્ષે દેશ વ્યાપી આંદોલન એટલા માટે જ સ્થગીત કર્યું હતું કે, કોઈપણ આંદોલનકારી વિરુદ્ધ વર્તમાનમાં કે ભવિષ્યમાં કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. વિવિધ રાજ્યોમાંથી જે સમાચાર આવી રહ્યા છે એ પ્રમાણે સરકાર આપેલા વચનનું પાલન નથી કરતી. સીજેપીની કાયદાકીય ટીમ પહેલા દિવસથી જ સક્રિય છે. સંબંધીત રાજ્યોના વકીલો સાથે અમે સંપર્કમાં છીએ. પકડાયેલા તમામને છોડાવવામાં આવશે. કેન્દ્ર સરકારને અમે ચેતવણી આપીએ છીએ કે, જો અમારી વાત માનવામાં નહીં આવે તો પછી જે થશે એ માટે અમે જવાબદાર રહીશું નહીં. નીટ પેપર લીકના મુદ્દે કોકરોચ જનતા પાર્ટીનું આંદોલન સફળ રહેવાથી હવે આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ પણ એક નવા આંદોલનની શરૂઆત કરી રહ્યા છે. આ આંદોલન ઈથેનોલના મુદ્દે કરવામાં આવશે. પક્ષનું કહેવું છે કે જો સરકાર પોતાનો નિર્ણય પરત નહીં લે તો, મોટી સમસ્યા સરકારને થશે. આવતા અઠવાડિયે વડાપ્રધાનના ઘરે જઈને અરજી આપવામાં આવશે. અરવિંદ કેજરીવાલે સોશ્યલ મીડિયા પર લખ્યું છે કે દેશના યુવાનોએ એક થઈને વિરોધ કર્યો તો ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડયું છે. ઈ૨૦ બાબતે પણ આપણે વિરોધ કરવો જોઈએ. અમે 'નેશનલ ટાઉન હોલ અગેઈન્સ્ટ ઈ૨૦'નું આયોજન કરવાના છીએ. તમે આ આંદોલનમાં ભાગ લઈ શકો છો અથવા તો એમાં ઓનલાઈન પણ જોડાઈ શકો છો. વડાપ્રધાન મોદીને અમારી અપીલ છે કે, ઈ૨૦ પેટ્રોલની સમસ્યાનો ઉકેલ લાવો. લોકો ખૂબ હેરાન થઈ રહ્યા છે. ગાડીઓ ખરાબ થઈ રહી છે. દિલ્હીના જંતર મંતર પર જ્યાં સુધી દેખાવો ચાલતા રહ્યા ત્યાં સુધી હાજર રહેલાઓને ભોજન અને પાણીની સગવડ આપનાર નાહલ ગામના રહેવાસી મોહમદ જુનેદ માલીક આજકાલ ચર્ચામાં છે. જુનેદના પિતાનો આક્ષેપ છે કે, ઉત્તર પ્રદેશની પોલીસ એમના કુટુંબીઓને પૂછપરછ કરવાને બહાને હેરાન કરી રહી છે. આ કારણે જુનેદની માતાની તબિયત બગડી ગઈ છે. કુટુંબનો આક્ષેપ છે કે પોલીસ એમના ઘરે ગઈ હતી અને પૂછપરછ કરીને દસ્તાવેજોની જાણકારી મેળવી હતી. પિતાના કહેવા પ્રમાણે એમનો પુત્ર પહેલેથી જ લોકોની સેવા કરે છે. કુટુંબીઓનું કહેવું છે કે, મુસ્તુફાને પોલીસ સ્ટેશને બોલાવીને આખો દિવસ પૂછપરછ કરવામાં આવી હતી. મેરઠ રહેતી જુનેદની બહેનના સાસરે પણ પોલીસ ગઈ હતી સસરાની પૂછપરછ કરી હતી. કેટલાકનું જોકે માનવું છે કે, આંદોલન દરમિયાન જુનેદે આંદોલનકારીઓને આટલા દિવસ દરમિયાન લગભગ ૩૦થી ૩૫ લાખ રૂપિયાનું ખાવાનું ખવડાવ્યું હતું. જુનેદ નાનકડી મોબાઈલ રીપેરીંગની દુકાન ચલાવે છે તો આટલા પૈસા ક્યાંથી લાવ્યો એની તપાસ પોલીસ કરી રહી છે. સુપ્રિમ કોર્ટના જસ્ટીસ ઉજ્જવલ ભૂયનએ કહ્યું હતું કે, ભારતમાં અલગ અલગ વિચારો માટેની જગ્યા ઓછી થઈ રહી છે. પરિસ્થિતિ એવી છે કે પોતાના અધિકારો માટે દેખાવો કરનાર વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવે છે અને એમને જામીન પણ મળતા નથી. જો જામીન મળી જાય છે તો એ માટેની શરતો એટલી કડક હોય છે કે જેને કારણે એમની આઝાદી છીનવાઈ જાય છે. જસ્ટીસ ભૂયનના નિવેદન પછી સોશ્યલ મીડિયા પર અલગ અલગ પ્રતિક્રિયા આવી રહી છે. કેટલાક એમની વાત સાથે સહમત થાય છે તો કેટલાક અસહમત. જસ્ટીસે જામીન નહીં આપવા બાબતે તેમજ જામીન અપાયા પછી લાગુ કરવામાં આવતી સેન્સરશીપ બાબતે ચિંતા વ્યક્ત કરી હતી. જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મંત્રી અને પીડીપીના નેતા મહબુબા મુફ્તીએ યોગી આદિત્યનાથને સંભળાવ્યું છે. સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન સાથે જોડાયેલી રામપુરની જૌહર યુનિવર્સિટીની ૩૮ બિલ્ડીંગો તોડવાના પ્રસ્તાવનો વિરોધ કરતા મુફ્તીએ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ જંતર મંતર પરથી શીખ લેવી જોઈએ.

આ ગુચવણો હાલમાં તો કૃષિ અને ડેરી ક્ષેત્ર તરફ ઈશારો કરે છે. ખેડૂતોની ચિંતા વધી ગઈ છે, કારણ કે જો એવું થશે તો અમેરિકી કૃષિ ઉત્પાદનો ભારતીય બજારમાં પ્રવેશ કરશે અને અહીંના સ્થાનિક બજારમાં સ્પર્ધાને કારણે સ્થાનિક ખેડૂતોના હિતો પ્રભાવિત થવાનું નક્કી માનવામાં આવી રહ્યું છે : અમેરિકાની ખેતી મૂડી પ્રધાન છે. તેઓ વેપાર માટે જ ખેતી કરે છે. તેનું અમેરિકી જીડીપીમાં યોગદાન 1 ટકા જ છે. અમેરિકામાં ખેતી ઉપર નિર્ભર રહેતા લોકો પણ ઓછા છે. બીજી તરફ ભારતની ખેતી શ્રમપ્રધાન છે

# ભારત-અમેરિકા કરાર અને કૃષિ ક્ષેત્ર પર તોળાતું સંકટ

## 500અબજ ડોલરના મહત્વાકાંક્ષી વેપાર લક્ષ્યાંકને કારણે ભારતીય ખેડૂતનો ભોગ ન લેવાય તેની તકેદારી રાખવી પડશે

આ ગુચવણો હાલમાં તો કૃષિ અને ડેરી ક્ષેત્ર તરફ ઈશારો કરે છે. ખેડૂતોની ચિંતા વધી ગઈ છે, કારણ કે જો એવું થશે તો અમેરિકી કૃષિ ઉત્પાદનો ભારતીય બજારમાં પ્રવેશ કરશે અને અહીંના સ્થાનિક બજારમાં સ્પર્ધાને કારણે સ્થાનિક ખેડૂતોના હિતો પ્રભાવિત થવાનું નક્કી માનવામાં આવી રહ્યું છે : અમેરિકાની ખેતી મૂડી પ્રધાન છે. તેઓ વેપાર માટે જ ખેતી કરે છે. તેનું અમેરિકી જીડીપીમાં યોગદાન 1 ટકા જ છે. અમેરિકામાં ખેતી ઉપર નિર્ભર રહેતા લોકો પણ ઓછા છે. બીજી તરફ ભારતની ખેતી શ્રમપ્રધાન છે. ભારતની જીડીપીમાં તેનું યોગદાન ૧૬ ટકા છે. ભારતમાં ખેતી ઉપર પ્રત્યક્ષ અને પરોક્ષ આધાર રાખતા લોકોની વસતી ૪૬ ટકાની આસપાસ છે : જો અમેરિકી ચીઝ, મખણ અને મિલ્ક પાવડર ભારતમાં સસ્તા ભાવે ઠાલવવામાં આવશે, તો 'અમૂલ' જેવી સહકારી મંડળીઓ અને કરોડો નાના દૂધ ઉત્પાદકોની કમાણી પર સીધો પ્રહાર થશે. ભારતમાં ડેરી ક્ષેત્ર માત્ર આર્થિક પ્રવૃત્તિ નથી, પરંતુ ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણનું માધ્યમ છે જે ખોરવાઈ જશે

ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા ઘણા મહિનાઓથી વચગાળાના વેપાર કરાર અંગે વાટાઘાટો ચાલી રહી છે. બંને દેશોના અધિકારીઓના સાર્વજનિક નિવેદનો અને વિવિધ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મોટાભાગના મુદ્દાઓ પર સહમતિ બનવાની દિશામાં પ્રગતિ થઈ છે. ખરેખર તો, વીતેલા ફેબ્રુઆરીમાં વચગાળાના કરાર પછી તરત જ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતથી અમેરિકાની આયાતને આગામી કેટલાક વર્ષોમાં પાંચસો અબજ ડોલર સુધી પહોંચાડવાની આકાંક્ષા જાહેર કરી હતી. આ દિશામાં બંને દેશોએ પ્રયાસો અને વાટાઘાટો વધારી દીધા છે અને તેને અંતિમ સ્વરૂપ આપવાનું વિચારાઈ રહ્યું છે તેવું ચર્ચામાં છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં અમેરિકાથી ભારતની આયાત લગભગ ૪૫-૫૦ અબજ ડોલરની આસપાસ છે. જો વેપારને અનેક ગણો વધારવો હોય, તો અમેરિકા કયા ક્ષેત્રો માટે ભારત પાસેથી તેનું બજાર ખોલાવવા ઈચ્છે છે તે જાણવું અને સમજવું ખૂબ જ જરૂરી છે. અમેરિકાની લાલચમાં આવીને કે દબાણમાં આવીને ભારતનું કોઈપણ સેક્ટર સાવ વેરવિખેર ન થઈ જાય તે પણ જોવું સરકારની ફરજ છે.

જાણકારોના મતે આ ગુચવણો હાલમાં તો કૃષિ અને ડેરી ક્ષેત્ર તરફ ઈશારો કરે છે. અત્યાર સુધી ભારતે આ બંને ક્ષેત્રોને સંવેદનશીલ માનીને રક્ષણાત્મક ઉપાયો અપનાવેલા છે. આ જ નીતિ દેશના કરોડો ખેડૂતો અને દૂધ ઉત્પાદકોના હિતોના રક્ષણનો આધાર રહી છે. પરંતુ વેપાર વાટાઘાટો સાથે જોડાયેલી સાર્વજનિક ચર્ચાઓ અને અહેવાલોમાં સંકેત મળ્યા છે કે આ ક્ષેત્રોમાં અમેરિકા માટેના વિકલ્પો પર વિચાર કરી શકાય છે. આનાથી ખેડૂતોની ચિંતા વધી ગઈ છે, કારણ કે જો એવું થશે તો અમેરિકી કૃષિ ઉત્પાદનો ભારતીય બજારમાં પ્રવેશ કરશે અને અહીંના સ્થાનિક બજારમાં સ્પર્ધાને કારણે સ્થાનિક ખેડૂતોના હિતો પ્રભાવિત થવાનું નક્કી માનવામાં આવી રહ્યું છે.

મહત્ત્વનું એ છે કે, સૌથી પહેલાં તો નીતિઓ નક્કી કરનારાઓ સમજવું પડશે કે ભારતની ખેતી અને અમેરિકાની ખેતીનું સેક્ટર તદ્દન જુદુ છે. અમેરિકાની ખેતી મૂડી પ્રધાન છે. તેઓ વેપાર માટે જ ખેતી કરે છે. તેનું અમેરિકી જીડીપીમાં યોગદાન ૧ ટકા જ છે. તેમાંય સરકારના અબજો ડોલરના લાભ મળે છે. ખાસ વાત કે, અમેરિકામાં ખેતી ઉપર નિર્ભર રહેતા લોકો પણ ઓછા છે. બીજી તરફ ભારતની ખેતી શ્રમપ્રધાન છે. ભારતની જીડીપીમાં તેનું યોગદાન ૧૬ ટકા છે. આ સિવાય ભારતમાં ખેતી ઉપર પ્રત્યક્ષ અને પરોક્ષ આધાર રાખતા લોકોની વસતી ૪૬ ટકાની આસપાસ છે. અહીંયા આજીવિકા માટે પણ ખેતી ઉપર આધાર રાખનાર વર્ગ મોટો છે.

અમેરિકામાં ખેડૂતોની જે જિંદગી છે તે કોઈ કલ્પના નથી.



અહીંયા સરકાર મોટા ફાયદા લેવા માટે અને ખેડૂતોને લાભ થાય તે માટે લાખો રૂપિયાની સબસીડી આપે છે. બીજી તરફ આપણે ત્યાં નજીવી રકમ સબસીડી અને ખેડૂત સહાયના નામે મળે છે અને તેના પણ ઉત્સવ કરવામાં આવે છે. ખેડૂતોને જેટલી રકમ ખાતામાં નથી મળતી તેના કરતા વધારે રકમ તો ખેડૂત સહાયની જાહેરાતો પાછળ ખર્ચીકાઢવામાં આવે છે. આ ઉપરાંત ખેતીની પદ્ધતિ, મશિનો, બિયારણો, સરકારી સમર્થન વગેરેમાં પણ બંને દેશોમાં ખૂબ જ મોટો તફાવત છે. અમેરિકામાં ખેડૂત એક પ્રોફેશનલની જેમ કામ કરે છે અને નફો રળે છે જ્યારે ભારતમા ખેતી જીવનશૈલીનો એક ભાગ છે, રોજગારીનું પારિવારિક કે પારંપરિક સાધન છે. તેના કારણે જ બંને દેશોના ખેડૂતોમાં વિશાળ અંતર રહે છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય ખેડૂતો અને અમેરિકાના ખેડૂતોમાં ખૂબ જ મોટા તફાવતો છે. દેખીતી રીતે કહીએ તો અમેરિકા અને ભારતના ખેડૂતો વચ્ચે આભ જમીનનું અંતર છે. અમેરિકન ખેડૂતો પાસે હજારો વીઘાના મોટા મોટા ખેતરો હોય છે, અત્યાધુનિક મશિનો, ખાતરો, સુવિધાઓ હોય છે અને લાખો રૂપિયાની તેમની આવક હોય છે. બીજી તરફ ભારતમાં સરેરાશ ખેડૂત પાસે પરાણે બે-ચાર વીઘા જમીન હોય છે અને તેમાંય ટ્રેક્ટર ભાડે લાવવાની ચિંતા, સિંચાઈની વ્યવસ્થા થશે નહીં તેની ચિંતા, વરસાદની ચિંતા, બજારમાં યોગ્ય ભાવે ઉપજ વેચાશે કે નહીં તેની ચિંતા વગેરે હોય છે. ભારતમાં ગણતરીના ખેડૂતો શ્રીમંત કહી શકાય તેવા છે જ્યારે એક વર્ગ એવો છે જેની પાસે ઘર ચલાવવાની પણ પૂરતી વ્યવસ્થા નથી. એકાદ સીઝન નિષ્ફળ જાય તો જીવ સટોસટની બાજી આવી જાય છે.

સૌથી મોટો તફાવત અમેરિકા અને ભારતના ખેડૂતોની જમીનના આકારનો હોય છે. અમેરિકામાં એક ખેડૂત પાસે સરેરાશ ૧૮૦ હેક્ટર એટલે કે ૪૫૦ એકર જેટલી જમીન હોય છે. તેનાથી પણ આગળ વાત કરીએ તો ઘણી એગ્રી ઈન્ડસ્ટ્રીની કંપનીઓ છે જેમની પાસે હજારો એકર જમીન હોય છે. તેની સરખામણીએ ભારતમાં એક ખેડૂત પાસે સરેરાશ ૧.૦૮ હેક્ટર એટલે કે. ૨.૭ એકર જમીન હોય છે. ભારતના ૮૫ ટકા ખેડૂતો નાના અને સીમાંત વર્ગમાં આવે છે. તેમની પાસે મોટી જમીન નથી, પૂરતા સંસાધનો નથી અને સરકારી સહાય કે સેવાઓ પણ મળતી નથી. બીજી બાબત એવી છે કે, અમેરિકામાં ખેડૂતો પ્રિસિજન ફાર્મિંગનો ઉપયોગ કરે છે જે વૈજ્ઞાનિક પદ્ધતિ આધારિત ખેતી છે. આ સિવાય અહીંયા જીપીએસ અને એઆઈની મદદથી ચાલતા ટ્રેક્ટરોનો અને અન્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે જે ખેતર ખેડવાથી માંડીને વાવણી કરવા સુધીનું કામ કરી લે છે. ખેડૂતો ડ્રોન દ્વારા અને સેટેલાઈટ ઈમેજ દ્વારા પોતાના ખેતરોનું ધ્યાન રાખે છે.

ખેતરમાં પાણી અને ખાતર આપવા માટે પણ અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. તેના દ્વારા ખેતરના કયા ભાગમાં ખાતર નાખવાની જરૂર છે કે પાણીની જરૂર છે તેની માહિતી મેળવીને વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત જમીનમાં રહેલો ભેજ, પોષક તત્ત્વોની માહિતી મેળવવા માટે પણ ડિજિટલ સેન્સર અને અન્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. ખેડૂતોને તેમના સ્માર્ટફોન અને ટેબલેટ ઉપર આ તમામ માહિતી મળી જાય છે. બીજી તરફ ભારતમાં સરેરાશ ખેડૂતો માટે આ ટેક્નોલોજી કે સંસાધનો માત્ર એક કલ્પના સમાન છે. તેમાંય સિમાંત અને નાના ગામડાના ખેડૂતો માટે બળદની જગ્યાએ ટ્રેક્ટર મળી જાય તો તે પણ સ્વપ્ન સાકાર થયા સમાન હોય છે. અહીંયા મોટાભાગના ખેડૂતો માટે ટ્રેક્ટર, થ્રેસર મળી જાય તે પણ આધુનિક ટેક્નોલોજી સમાન છે. આ સિવાયની સુવિધાઓ વિશે તે વિચારી શકે તેમ પણ નથી.

અમેરિકી ખેડૂતો વિશાળ ખેતરોમાં જે ઉપજ લે છે તેનું વેચાણ પણ વૈશ્વિક ધોરણે અને અમેરિકામાં વ્યાપક સ્તરે થાય છે. આ ખેડૂતોને વૈશ્વિક બજારના ભાવ મળે છે. ભારતમાં પણ મોટા પ્રમાણમાં ખેતપેદાશો ઉત્પન્ન થાય છે અને વૈશ્વિક બજારો સુધી પહોંચે છે પણ તેમાંથી જે નફો આવે છે તે વેપારીઓ અને વચેટીયાઓને મળી જાય છે. આ નફો ખેડૂત સુધી તો પહોંચતો જ નથી. ભારતમાં એવી અણઘડ નીતિઓ અને વ્યવસ્થા અમલમાં છે કે, ખેડૂતોને એમએસપી તો કદાચ મળી જાય છે પણ લાભ ખેડૂતો સુધી પહોંચતા જ નથી.

અમેરિકન ખેડૂતો મોટાભાગે એફએમસીજી સેક્ટરની વિવિધ કંપનીઓ સાથે જોડાણ કરી લે છે. તેઓ લાખો ટન માલ સીધે સીધો ખરીદી લે છે. અહીંયા પાક લેતા પહેલાં જ તેના ભાવ, તેની ડીલ અને બાકીની વ્યવસ્થા નક્કી કરી લેવામાં આવે છે. ખેડૂતોને જરાય ચિંતા કરવાની હોતી નથી.

જાણકારોની સ્પષ્ટ ચેતવણી છે કે, અમેરિકી સરકાર દર વર્ષે પોતાના ખેડૂતોને આશરે ઈ૩૦ અબજની જંગી નાણાકીય સહાય અને સબસીડી આપે છે. જ્યારે ભારતમાં ૮૫% કરતાં વધુ ખેડૂતો નાના અને સીમાંત છે જે વીજળી ખાતરની કહેવાતી સબસિડી ઉપર જીવન પસાર કરે છે. જો સબસીડીવાળો અમેરિકી માલ ભારતમાં વગર કોઈ જકાતે આવશે, તો ભારતીય ખેડૂત સ્થાનિક બજારમાં જ ભાંગી પડશે. ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે, પરંતુ આ ક્ષેત્ર વ્યવસાયિક કંપનીઓ કરતાં વધુ નાના પશુપાલકો અને ગૃહિણીઓની રોજગારીનો આધાર છે. ભારતમાં ડેરી ક્ષેત્ર માત્ર આર્થિક પ્રવૃત્તિ નથી, પરંતુ ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણનું માધ્યમ છે. અમેરિકામાં ગાયોને આપવામા આવતા દાણ અને હોર્મોન્સ તથા ત્યાંની ડેરી ફેક્ટરીઓની પદ્ધતિ ભારતની ધાર્મિક અને સામાજિક માન્યતાઓ સાથે પણ મેળ ખાતી નથી. જો અમેરિકી ચીઝ, મખણ અને મિલ્ક પાવડર ભારતમાં સસ્તા ભાવે ઠાલવવામાં આવશે, તો 'અમૂલ' જેવી સહકારી મંડળીઓ અને કરોડો નાના દૂધ ઉત્પાદકોની કમાણી પર સીધો પ્રહાર થશે. બીજી તરફ ભારતમાં હાલમાં માત્ર ૬% ખેડૂતો ને જ પોતાની ઉપજના પૂરતા ટેકાના ભાવ મળી શકે છે. બાકીના ૯૪% ખેડૂતો પોતાના પાકને ખુલ્લા બજારમાં જ વેચવા મજબૂર છે. જો વિદેશી પાક સસ્તા ભાવે ભારતીય મંડીઓમાં ઉપલબ્ધ બનશે, તો ખુલ્લા બજારના ભાવો વધુ તળિયે બેસી જશે, જેનાથી ખેડૂતોની ખેતી-ખર્ચ પણ વસૂલ નહીં થઈ શકે. અમેરિકા મોટા પાયે 'જિનેટિકલી મોડિફાઈડ' (જ્મ્) પાકોનું ઉત્પાદન કરે છે. તે ભારતમાં દાખલ થયા તો સ્થાનિક બિયારણ પર વિદેશી મલ્ટીનેશનલ કંપનીઓનું પ્રભુત્વ વધી જવાનું જોખમ રહેશે.

સૌથી મોટી અસર તો રોજીરોટીને થશે. ગામડાના સ્થાનિક વેપારીઓ અને દુકાનદારોનું વેચાણ ઘટશે. ખેતમજૂરોની રોજીરોટી છીનવાઈ જશે. ટ્રાન્સપોર્ટ અને પ્રોસેસિંગ સાથે જોડાયેલા નાના એકમો બંધ થઈ જશે. પરિણામે, ગ્રામીણ ભાગોમાંથી શહેરો તરફ અસહ્ય પલાયન શરૂ થશે.

# ધરતી ભીની થાય વરસાદથી, અને આત્મા ભીનો થાય ગુરૂના જ્ઞાનથી: વ્યાસ-ગુરૂ પૂર્ણિમાનું શાશ્વત ચિંતન

## જે જીવન ઘડે તે જ ગુરૂ પુસ્તકથી નહીં, પરંપરાથી જીવે છે જ્ઞાન-ગુરૂ પૂર્ણિમા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ચોમાસાની પહેલી પૂનમ આવે છે. આકાશમાં કાળા વાદળો ઘેરાય છે. ધરતી ભીની માટીની સુગંધથી મહેકે છે.અને મનના ખૂણે ખૂણે એક અજાણ્યો,પવિત્ર ભાવ જાગે છે. હિંદુ,બૌદ્ધ અને જૈન એમ ત્રણેય મહાન પરંપરાઓ આ જ દિવસે, અષાઢ સુદ પૂનમે માથું ઝુકાવે છે.

આ દિવસને આપણે ગુરૂ પૂનમ કહીએ છીએ,વ્યાસ પૂનમ કહીએ છીએ.કારણ કે આ માત્ર તિથિ નથી આ એક ભાવ છે.'ગુરૂ'શબ્દના બે અક્ષરમાં આખું બ્રહ્માંડ સમાયેલું છે 'ગુ' એટલે અંધકાર અને 'રૂ' એટલે તેને દૂર કરનાર.જે આપણા જીવન ના અંધકારને દૂર કરીને જ્ઞાનનો દીવો પ્રગટાવે તે જ ગુરૂ.

આજે જ્યારે માહિતી એક ક્લિક પર મળે છે,ત્યારે પણ ગુરૂની આવશ્યકતા ઓછી નથી થઈ. કારણ કે માહિતી આપનારા ઘણા છે, પણ જીવન ઘડનારા ઓછા છે. અષાઢી પૂનમ આપણને એ જ યાદ અપાવે છે કે જ્ઞાનનો વારસો પુસ્તકો થી નહીં,પણ પરંપરાથી, સમર્પણથી અને શ્રદ્ધાથી જીવે છે.

*વ્યાસ:જ્ઞાનના સંપાદક અને ગુરૂ પરંપરાના પ્રણેતા અષાઢી પૂનમને વ્યાસ પૂનમ કહેવાનું કારણ મહર્ષિ વેદવ્યાસ છે. તેમનો જન્મ ઋષિ પરાશર અને સત્યવતીને ત્યાં થયો. માછીમારની પુત્રીના પુત્રથી માંડીને 'વેદવ્યાસ'બનવાની તેમની યાત્રા જ આપણને શીખવે છે કે જ્ઞાન માટે જાતિ, કુળ કે પરિસ્થિતિ ક્યારેય અવરોધ નથી બનતી.

તે સમયે વૈદિક જ્ઞાન મોઢે-મોઢે ચાલતું હતું.ઋષિઓ મરી જાય તો જ્ઞાન પણ સાથે જતું રહે તેવો ભય હતો.ત્યારે વ્યાસે એક મહાન કાર્ય કર્યું.તેમણે વિખરાયેલા તમામ વૈદિક સ્તોત્રોને એકઠા કર્યા,તેમનો અભ્યાસ કર્યો અને ઉપયોગ, સ્વરૂપ અને સંસ્કારના આધારે તેમને ચાર ભાગમાં વહેંચ્યા: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

'વ્યાસ'શબ્દનો અર્થ જ છે. વિભાજન કરવું,સંપાદન કરવું'.આ મહાન સંપાદન કાર્યને કારણે જ તેમને'વ્યાસ'ની ઉપાધિ મળી.પણ અહીં જ તેમનું કામ પૂરું ન થયું. તેમણે જ્ઞાનને તિજોરીમાં બંધ કરીને ન રાખ્યું. તેમણે તેને ચાર મુખ્ય શિષ્યોને સોંપ્યું:પૈલને ઋગ્વેદ, વૈશમ્પાયનને યજુર્વેદ, જૈમિનીને સામવેદ અને સુમંતુને અથર્વવેદ.

વિચારો, કેટલી મોટી દૂરદ્રષ્ટિ! જો વ્યાસે માત્ર લખ્યું હોત અને શીખવ્યું ન હોત, તો વેદો આજે આપણી પાસે ન હોત. ગુરૂ એટલે જ જે પોતાનું બધું શિષ્યને આપી દે,જેથી પરંપરા અખંડ રહે.એટલે જ કહેવાયું:ગુરૂર્બ્રહ્મા ગુરૂ વિષ્ણુઃ ગુરૂર્દેવો મહેશ્વરઃ ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ

વ્યાસે માત્ર વેદો જ નહીં,મહાભારત જેવા મહાકાવ્યની રચના કરી અને અઢાર પુરાણોની રચના કરીને સામાન્ય માણસ સુધી ધર્મ,નીતિ અને જીવન મૂલ્યો પહોંચાડ્યા.તેઓ શિષ્ય નહીં પણ સમગ્ર માનવજાતિ ના ગુરૂ બન્યા.

*બૌદ્ધ પરંપરા:ધર્મચક્ર પ્રવર્તનનો દિવસ હિંદુઓ માટે આ વ્યાસ પૂનમ છે,તો બૌદ્ધો માટે આ એટલો જ પવિત્ર દિવસ છે.કારણ કે આ જ દિવસે ગૌતમ બુદ્ધે સારનાથના ઋષિપટનમાં પોતાનો પહેલો ઉપદેશ આપ્યો હતો.

જ્ઞાન પ્રાપ્તિ પછી લગભગ પાંચ અઠવાડિયા બુદ્ધ બોધગયામાં રહ્યા. પછી તેમને યાદ આવ્યા તેમના પાંચ ભૂતપૂર્વ સાથી,પંચવર્ગિક ભિક્ષુઓ. તપસ્યા દરમિયાન આ પાંચેય તેમની સાથે હતા,પણ જ્યારે બુદ્ધે કઠોર તપ છોડ્યું ત્યારે તેઓ નારાજથઈને સારનાથ ચાલ્યા ગયા હતા. બુદ્ધે પોતાની દિવ્ય દ્દષ્ટિથી જોયું કે આ પાંચ જણ સત્યને સૌથી પહેલા સમજી શકશે.એટલે તેઓ ઉરુવેલા થી નીકળીને ચાલતા ચાલતા સારનાથ પહોંચ્યા.

સારનાથમાં જ્યારે બુદ્ધે પેલા પાંચ સાધુઓને ઉપદેશ આપ્યો ત્યારે તેને 'ધર્મચક્રપ્રવર્તન સૂત્ર' કહેવાય છે. જીવન,દુઃખ, દુઃખનું કારણ, નિરોધ અને માર્ગ,આ ચાર આર્ય સત્ય અને અષ્ટાંગિક માર્ગની વાત તેમણે કરી. તે દિવસે તે પાંચેયને જ્ઞાન પ્રાપ્ત થયું અને ભિક્ષુ સંઘની સ્થાપના થઈ.

આમ અષાઢ પૂનમના દિવસે બુદ્ધે માત્ર ઉપદેશ ન આપ્યો, તેમણે એક પરંપરાની શરૂઆત કરી.પછી તેમણે વર્ષાઋતુના ચાર મહિના સારનાથની મૂળગંધકુટીમાં વિતાવ્યા. ધીમે ધીમે સંઘ સાઈઠ સભ્યોનો થયો અને બુદ્ધે તેમને કહ્યું:*'ચરથ ભિક્ષવે ચારિકં'હે ભિક્ષુઓ,જાઓ,એકલા એકલા બધી દિશામાં ફરો અને લોકોને ધર્મ શીખવો. અહીં પણ ગુરૂ-શિષ્યનો જ ભાવ છે.

*જૈન પરંપરા:ચાતુર્માસ અને ગણ ધરની શરૂઆત જૈન ધર્મમાં પણ અષાઢી પૂનમનું વિશેષ મહત્વ છે. આ દિવસથી ચાતુર્માસની શરૂઆત થાય છે.ચાર મહિના સુધી સાધુ- સાધ્વીઓ એક જગ્યાએ રહીને સ્વાધ્યાય,તપ કરેઅને ઉપદેશ આપે

પરંપરા માને છે કે આ જ દિવસે ભગવાન મહાવીરે કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પોતાના પ્રથમ શિષ્ય બનાવ્યા,ગૌતમ સ્વામીને. ગૌતમ સ્વામી મહાવીરના પ્રથમ ગણધર બન્યા.ગણધર એટલે જે ગુરૂના ઉપદેશને સાંભળીને તેને ૧૧ અંગ અને ૧૪ પૂર્વમાં ગૂંથીને આગળની પેઢી સુધી પહોંચાડે. મહાવીરે પોતાના જ્ઞાનને વાણી દ્વારા ગૌતમ સ્વામીને આપ્યું અને ગૌતમે તેને લખીને સુરક્ષિત કર્યું. ફરી એ જ ગુરૂ-શિષ્ય પરંપરા.જૈનો આ દિવસે પોતાના આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓની પૂજા કરે છે.તેમને વસ્ત્ર, પુસ્તક અને ભાવથી વંદન કરે છે. કારણ કે જૈન દર્શન કહે છે:*'જ્ઞાની વિના જ્ઞાન નહીં' આજના સમયમાં ગુરૂ-શિષ્ય સંબંધ ત્રણેય પરંપરાઓ માં એક વાત સમાન છે.જ્ઞાન હંમેશા એક પેઢીમાં થી બીજી પેઢીમાં ગુરૂ દ્વારા જ વહ્યું છે. પુસ્તક મદદરૂપ છે, પણ જીવંત ગુરૂ વિના જ્ઞાન નિર્જીવ બની જાય છે. આજે એક શિક્ષક વર્ગમાં સાઈઠ વિદ્યાર્થીને ભણાવે છે.એક ડોક્ટર દર્દીને જીવન બચાવવાની કળા શીખવે છે.એક માતા-પિતા બાળક ને સંસ્કાર આપે છે.એક વડીલ અનુભવથી યુવાનને માર્ગદર્શન આપે છે. આ બધા જ આપણા ગુરૂ છે. અષાઢી પૂનમ આપણને એ શીખવે છે કે કૃતજ્ઞતા વ્યક્ત કરો.જે હાથે આપણને અક્ષર શીખવાડ્યા,જે અવાજે આપણને જીવનનું ભાથું આપ્યું,તેના પ્રત્યે ઋણી બનવુંએ જ આ દિવસની સાચી ઉજવણી છે. ચિંતન:આપણે કેવા શિષ્ય બનવું જોઈએ?શાસ્ત્રોમાં શિષ્યના ચાર ગુણ કહ્યા છે:શ્રદ્ધા:ગુરૂ પર વિશ્વાસ વગર શ્રદ્ધાએ જ્ઞાન ટકતું નથી.

# સ્વામી શિવાનંદજી એ ગામનાં લોકોની સમસ્યાનું સમાધાન કંઇ રીતે કર્યું?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે ગુરુ પૂર્ણિમા છે! અને આપ સૌ જાણો છો કે નિયમિત રીતે આવતા આ લેખનું બળ સદગુરુની કૃપા જ છે! અને કાયમ રહેશે! સતત બે દિવસથી આપણે સદગુરુ વિશે વાત કરી રહ્યા છીએ! પણ એક વાત છે કે આ બાબતે આપણી ગમે તેટલી જાણકારી હોય! પણ આપણે એમનો ચુનાવ કરી શકતાં નથી! શિષ્યની ગુરુ તત્વ અને જ્ઞાન પ્રત્યેની તીવ્રતા જોઈ સદગુરુ શિષ્ય કે શિષ્યાનો ચુનાવ કરે છે. આવું જ કંઈક થયું હતું, કે શું એક પુત્રી, પત્ની, પૂત્રવધૂ, કે માતા બની રહેવું એ જ મારું મનુષ્ય તરીકેનું કર્તવ્ય છે? કે પછી મારાં જન્મ પાછળ અસ્તિત્વની કંઈક બીજી ઈચ્છા પણ હતી? અને દિવસે ને દિવસે આ કશમકશ વધુ ને વધુ તીવ્ર બનતી હતી, અને ત્યારે જ સદગુરુએ મને જન જાગરણ માટેનું કર્તવ્ય પકડાવ્યું! અને નિશાળમાં ભણેલા કક્કા નાં એ જ ક, ખ, ગ, ઘ,.. વર્ણાક્ષર અને વ્યંજનથી બનતાં શબ્દો અને એની સચ્ચાઈ ધીરેધીરે સૌનાં હ્રદય સુધી પહોંચી ગઈ, અને સાથેસાથે આ કળિકાળે ખુદનું જાગવું પણ થતું! ગુરુ કે સદગુરુ શબ્દ સાંભળીને આપણને અધ્યાત્મ યાદ આવી જાય, પણ એવું નથી સંસારી મમતા ને સમતાનાં પથ પર સહજતાથી દોરી અને દોષ રહિત કરીને સંસારમાં પણ એ જ શાંતિની ભેટ પ્રદાન કરે છે, જે સંન્યાસી માટે પણ દુર્લભ હોય છે! તો આવો જ એક કિસ્સો આજે.

એક કુદરતી રીતે સુંદર એવાં ગામની બહારનાં વનમાં એક બહુ તપસ્વી સ્વામીજી રહેતા હતાં, અને લોકો સમયે સમયે તેમનાં દર્શને જતાં અને પોતાની સમસ્યાનું સમાધાન કરી આવતાં! ગુરુ પૂર્ણિમા આવતાં આખું ગામ આજે એમનાં દર્શને ઉમટ્યું હતું! અને બધા પોતાનો અહોભાવ વ્યક્ત કરવા શીંગ, બાજરી, મગ ચણા, કેળાં, કોળું, ઘી, શેરડી ગોળ આમ કંઈ ને કંઈ ભેટ લાવ્યાં હતાં! બધાંએ એમનાં ચરણોમાં મૂકી વંદન કર્યા. બધાં વિખરાઈ ગયાં, પણ ત્રણ જણાં રોકાયાં, અને સ્વામીજીને કહ્યું કે અમે તો સંસારી છીએ, પણ એવું લાગે છે કે કાળ જાણે માથે ભમે છે, ક્યાંય શાંતિ નથી! આપ એનું સમાધાન કરો! સ્વામીજીએ હસતા હસતા કહ્યું, હું ગુરુકૃપાથી ઉત્તર આપવાની કોશિશ કરીશ.

લલિતભાઈએ કહ્યું કે સ્વામીજી ભૂતકાળની ભૂલ ભૂલવાનો ઉપાય બતાવો! શહેરમાં ભણ્યો પણ બાપે ગામડાની છોકરી સાથે પરણાવ્યો! છોકરીમાં કોઈ ખોટ નહોતી! પણ મનમાં ગવાર છે, એવો એક પૂર્વગ્રહ હતો અને એટલે એની લાગણીને હંમેશા તરછોડતો રહ્યો! અને આમને આમ લગ્નને દસ વર્ષ પૂરાં થયાં! બે સંતાનો પણ થયાં, એણે એના ઉછેરમાં મન પરોવ્યું, પણ એક દિવસ ખૂબ તાવ આવ્યો અને એણે કંઇ કહ્યું નહીં! સારવાર મળી નહીં! અને અંદરથી જીવવાની કોઈ આશા પણ નહીં હોય એટલે જીવ થી ગઈ! પણ આજ સુધી એનાં મૃત્યુનું કારણ હું છું એ ડંખ જતો નથી! સ્વામીજીની આંખ નમ થઈ ગઈ! એણે કહ્યું વિતેલા સમયનો માત્ર અફસોસ કરવો એટલું પુરતું નથી, એનો પસ્તાવો અને પ્રાયશ્ચિત કરવું પણ જરૂરી છે. તમારી પત્ની ગવાર હતી! એને કારણે તમે એને દિલથી અપનાવી શક્યા નહીં! કોઈ બીજી એ રીતે જીંદગી ભર દુઃખી થાય નહીં, એની માટે તમે કંઈ કર્યું? તમારે હેસિયત પ્રમાણે બે પાંચ કન્યાઓને ભણાવવાની જવાબદારી લેવી જોઈએ, એ તમારું પ્રાયશ્ચિત છે! તમે તો શ્રીમંત છો એકાદ કન્યા શાળા પણ શરૂ કરી શકો. માવજીભાઈ એ કહ્યું કે સ્વામીજી આજે તો ત્રણ ખેતર છે, અને છોકરાંવ પણ કહ્યામાં છે! પરંતુ વારંવાર વાતો કરતાં હોય છે, કે આ ખેતીમાં હવે જોઈએ એવી કોઈ ઉપજ નથી! જમીન વેચી એ રુપિયામાંથી શહેરમાં કોઈ ફેક્ટરી શરૂ કરીએ, તો વધુ નફો થાય! મને બીક છે કે, હું નહીં હોઉં ત્યારે કોઈ ખેતી નહીં કરે! અને આવતીકાલની ચિંતામાં મારી આજ અશાંત થઈ ગઈ છે! સ્વામીજી એ કહ્યું આ વર્ષે ખેતીમાં નફો થયો કે નુકશાન? એમણે કહ્યું કે ના આ વર્ષે તો ખૂબ રુપિયા છૂટ્યા! રોજ રાત્રે બધાં સૂઈ જાય પછી પત્ની સાથે આ નફાની વાત મોટે મોટેથી કરવી, અને કહેવું સારું થયું તારી સલાહથી એ વખતે જમીન વેચી નહીં! જો તો આજે એક માંથી ત્રણ ત્રણ ખેતર થયાં, અને ઘરમાં સોનું ચાંદી જેવાં જવેરાત પણ આવ્યાં! પણ આ વખતે એક ખેતર લેવું છે, ભગવાને ચાર દિકરાઓ આપ્યાં છે, અને ચારેયનો સરખો ભાગ થઈ જાય! આ જમીન છે તો, આપણા પેટ ભરાય છે, અને બીજા કેટલાયનાં ભરાતાં હશે! સરકારે નવી નિતીમાં જમીનમાં જુદા જુદા પાક લઈ જમીનને સમૃદ્ધ કરવાની સલાહ પણ આપવામાં આવે છે! અને ચોથા ખેતરમાં બાગાયતી ખેતી કરી, ફળ ફૂલ ઉગાડવા છે! એમાં તો રુપિયા રુપિયા જ છે! બસ એ લોકોમાં વધુ આવકનું સ્વપ્ન આજી દો એટલે તમારી ચિંતા દૂર!

નંદુ કે જે હજી માંડ માંડ પચ્ચીસ વર્ષ પૂરાં કર્યાં હશે! એણે કહ્યું સ્વામીજી આ વ્યસન છોડવું છે! સ્વામીજી એ કહ્યું કે વ્યસન માત્ર મજા આવે એ માટે કરે છે! કે પછી બીજું કંઈ કારણ છે? એ મૌન રહ્યો પછી કહ્યું કે શરૂ કર્યું, ત્યારે તો મજા માટે જ ! પણ પછી હવે..એક ભલી ભોળી સ્ત્રીને તારો પતિ તો તને પ્રેમ નથી કરતો, શહેરમાં એનું ચક્કર ચાલે છે, એમ લગ્નેતર સંબંધમાં ફસાવી! અને બે વર્ષ આ સંબંધ રહ્યો! હું તારી સાથે લગ્ન કરીશ એમ કરતો રહ્યો, એ સ્ત્રીએ મને પોતે મા બનવાની છે, એવાં સમાચાર આપ્યાં! હકીકતમાં તેનો પતિ છ મહિનાથી આવ્યો જ ન્હોતો, છતાં મેં એને કહ્યું કે આમ કોઈનું પાપ મારે માથે ચડાવતાં તને શરમ નથી આવતી? અને એને ખબર પડી ગઈ, એ છેતરાઈ ગઈ છે! પોતાનાં પતિને શું મોઢું બતાવશે ? એમ એણે આત્મહત્યા કરી લીધી! એ સ્ત્રી ખૂબ જ સંસ્કારી હતી અને એનો પતિ પણ સારો હતો! પણ મારે કારણે... સ્વામીજી એ કહ્યું કે તારે કારણે એક નહીં બે જીવ મર્યા! બેવડું પ્રાયશ્ચિત કરવું પડશે! બસ આવી જ કોઈ સ્ત્રી કે જેને પ્રેમમાં ધોખો મળ્યો! અને એ પણ પેટથી હોય એવી સ્ત્રી સાથે લગ્ન કરી એનાં બાળકને નામ આપી, એ બંનેને સહારો આપી સુખી કર! પછી તને વ્યસનની જરુર નહીં પડે!

સ્વામીજી પોતાના સદગુરુની સમાધિ પાસે આવીને બેસી ગયાં, અને એની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી! એને એનો ભૂતકાળ યાદ આવી ગયો, કે પોતે એક સંસારી હતાં. પણ ત્યારે એ બોલાવામાં ખામી હતી એટલે કોઈ પરણતુ નહોતું.એક દિવસ ઘરમાં ખૂબ તોડફોડ કરી, અને શું મને કોઈ પ્રેમ નથી કરતું?; એમ રાડો પાડીને સળગી મરીશ એમ કરી ચૂલામાંથી એક લાકડું ખેંચ્યું! અને આમતેમ દોડવાં લાગ્યો, એમાં ઘરમાં રાખેલા છાણાંમાં સળગતું લાકડું અડી ગયું હશે. પોતે તો બહાર નીકળી ગયા,પણ ધીરેધીરે આગ ભડકી અને સૂતેલા માતાપિતા એમાં ભડથું થઈ ગયા! અરરરર.. મેં આ શું કરી નાખ્યું! અંતરની આગ એને જીવવા દેતી નહોતી, અને આત્મ હત્યા કરવા માટે ગયા.

# વૉર્ડ-4ના રહીશો ગટરના ગંદા પાણી વચ્ચે જીવવા મજબૂર

## સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત છતાં તંત્ર ઘોર નિંદ્રામાં, પેથાપુરમાં વિકાસ કામો માટે 25 કરોડની જોગવાઈ વચ્ચે વાસ્તવિકતા અલગ



**ગાંધીનગર, તા.28**

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પેથાપુર વિસ્તારને મનપાની હદમાં ભેળવી દીધા બાદ દાવાઓ કરવામાં આવ્યા હતા કે આ વિસ્તારનો રોકેટ ગતિએ કાયાકલ્પ કરવામાં આવશે. ગાંધીનગર મનપાના વાર્ષિક બજેટમાં પણ પેથાપુર અને આસપાસના સીમાડાના વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક, નવા રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ અને પીવાના પાણીની સુવિધા સુધારવા માટે 25 કરોડથી વધુના વિકાસ કામોની ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. પરંતુ વાસ્તવિકતા સાવ ઉલટી જ જોવા મળી રહી છે.

કરોડો રૂપિયાના બજેટ અને જોગવાઈઓની વાતો વચ્ચે ગાંધીનગરના વૉર્ડ નંબર 4માં પેથાપુરના રીવર હાઈટ્સ અને તરપોજ વાસ વિસ્તારના રહીશો આજે સ્માર્ટ ગટરના ઉભરાતા દૂષિત પાણી અને અસહ્ય દુર્ગંધ વચ્ચે નરકાગાર જેવું જીવન જીવવા મજબૂર બન્યા છે.

પેથાપુર વૉર્ડ નંબંર 4ના રીવર હાઈટ્સ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટર લાઈન જામ થઈ જવાની અને દૂષિત પાણી રસ્તા પર વહેવાની ગંભીર સમસ્યા છે. ગટરનું ગંદુ પાણી જાહેર માર્ગો પર ફેલાયેલું રહેતું હોવાથી આખા વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી છે. જેના લીધે મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક હદે વધી ગયો છે. આ કારણે સ્થાનિક રહીશો, નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધોના આરોગ્ય સામે મોટું જોખમ ઉભું થવાની સાથે રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે.

જાહેર રસ્તાઓ પરથી પસાર થતી વખતે રહીશોને રોજેરોજ ભારે યાતનાઓ વેઠવી પડી રહી છે. આ સમસ્યા અંગે સ્થાનિક જાગૃત નાગરિક પરમાર સુભાષ દ્વારા ગાંધીનગર મનપાના કમિશનર અને મુખ્ય અધિકારીને અસંખ્ય વાર લેખિત રજૂઆતો કરવામાં આવી છે. આ અગાઉ તારીખ 5 ઓક્ટોબર 2025ના રોજ પણ મનપા કમિશનરને લેખિત અરજી સોંપાઈ હતી.

તેમ છતાં તંત્રના પેટનું પાણી ન હલતાં 2 જુલાઈ 2026ના રોજ રાજ્ય સરકારના સ્વાગત પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ (નં. DS/2026/9795) નોંધાવવામાં આવી હતી. એટલું જ નહીં સ્વચ્છતા એપ પર પણ વારંવાર ફરિયાદો કરવામાં આવી હતી. આટલી બધી સ્થાનિક રજૂઆતો અને સ્વાગત કાર્યક્રમ હેઠળ ઓનલાઈન ફરિયાદ નોંધાવ્યા છતાં પણ મહાનગરપાલિકાનું તંત્ર તદ્દન નિષ્ક્રિય સાબિત થયું છે. આજદિન સુધી આ ગંભીર સમસ્યાનો કોઈ કાયમી નિકાલ કરવામાં આવ્યો નથી.

આખરે કંટાળીને 22 જુલાઈના રોજ પણ મનપામાં રજૂઆત કરાઈ હતી. હવે સ્થાનિકો સ્માર્ટ ગટરોની સમસ્યાથી ત્રાહિમામ થઈ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સ્થળ તપાસ કરી ગટર સમસ્યાનો ઉકેલ નહીં લવાય તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી વિરોધ પ્રદર્શિત કરવાની સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે.

# સાણંદ ખાતે ભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિની અમદાવાદ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ સમીક્ષા કરી

**અમદાવાદ, તા.28**

અમદાવાદ જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના પગલે સાણંદ તાલુકામાં સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવા જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ આજે સાણંદની મુલાકાત લીધી હતી. તેમણે સાણંદ જી.આઈ.ડી.સી., ટાટા પ્લાન્ટ સહિત વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોનું સ્થળ નિરીક્ષણ કરી રાહત અને પુનઃસ્થાપન કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી હતી.

આ પ્રસંગે સાણંદ પ્રાંત કચેરી ખાતે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત ગામોની સ્થિતિ, વરસાદી પાણીના નિકાલ માટે હાથ ધરાયેલી કામગીરી તેમજ વિવિધ વિભાગો દ્વારા અમલમાં મુકાયેલી રાહત પ્રવૃત્તિઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરએ સંબંધિત અધિકારીઓને રાહત કામગીરીમાં વધુ ગતિ લાવવા તેમજ અસરગ્રસ્તોને જરૂરી સહાય સમયસર ઉપલબ્ધ થાય તે માટે સુનિયોજિત આયોજન સાથે કાર્ય કરવાની સૂચના આપી હતી.



જિલ્લા કલેક્ટરએ અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોમાં થયેલા નુકસાનનું ઝડપી અને પારદર્શક આકલન થાય તે માટે તાત્કાલિક સર્વે ટીમોની રચના કરી કામગીરી શરૂ કરવા નિર્દેશ આપ્યો હતો. સાથે જ વરસાદ બાદ સંભવિત રોગચાળાને અટકાવવા આરોગ્ય વિભાગ દ્વારા ફોગિંગ, જંતુનાશક દવાઓના છંટકાવ, પીવાના પાણીના ક્લોરિનેશન તેમજ સ્વચ્છતા સંબંધિત કામગીરીને પ્રાથમિકતા સાથે સઘન બનાવવા ભાર મૂક્યો હતો.

કલેક્ટરશ્રીએ આગામી સમયમાં જ્યાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા વારંવાર સર્જાય છે તેવા વિસ્તારોની ઓળખ કરી સંબંધિત વિભાગો દ્વારા કાયમી ઉકેલ માટે આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવા પણ સૂચના આપી હતી. સ્થળ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ સ્ટોર્મ વોટર ડ્રેનેજ વ્યવસ્થાનું પણ નિરીક્ષણ કરી કામગીરીની સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં સાણંદ પ્રાંત અધિકારી સંકેત પટેલ, તાલુકા વિકાસ અધિકારી નીરજ બારોટ તથા સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# MCની ઝડપી કામગીરીથી બોપલના મોટા રાવળવાસને મળી રાહત, પાણીનો નિકાલ બાદ JCBથી સફાઈ અને કચરાનો નિકાલ

**અમદાવાદ, તા.28**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભારે વરસાદ બાદ બોપલ ગામમાં ઔડા (AUDA) ની પાણીની ટાંકી નજીક આવેલા મોટા રાવળવાસ વિસ્તારમાં સર્જાયેલી પાણી ભરાવાની સમસ્યાના નિરાકરણ માટે તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી. અસરગ્રસ્ત વિસ્તારમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો, જેને ધ્યાનમાં રાખી તંત્રે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી હતી.

સૌપ્રથમ વિસ્તારમાં ભરાયેલું પાણી સંપૂર્ણપણે બહાર કાઢવામાં આવ્યું હતું. પાણીનો નિકાલ પૂર્ણ થયા બાદ સમગ્ર વિસ્તારમાં એક્સકાવેટર (JCB)ની મદદથી કાદવ, ગંદકી અને કચરાની સફાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ એકત્ર થયેલો કચરો અને ગંદકીને 407 વાહનમાં ભરી તેનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો, જેથી વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે અને કોઈપણ પ્રકારની આરોગ્યલક્ષી સમસ્યા ઊભી ન થાય. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ત્વરિત અને અસરકારક કામગીરીને પગલે મોટા રાવળવાસ વિસ્તારના રહીશોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોએ વરસાદ બાદ ઝડપથી સમસ્યાનો ઉકેલ લાવવા બદલ કામગીરીને બિરદાવી હતી તેમજ સંબંધિત અધિકારીઓ અને મેદાની સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભારે વરસાદ બાદ અમદાવાદ જિલ્લામાં રાહત, બચાવ, સ્વચ્છતા, સર્વે અને આરોગ્ય વિષયક કામગીરી પૂરજોશમાં


## જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા આરોગ્ય, રોગચાળો નિયંત્રણ અને સહાય વિષયક વિવિધ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ

**અમદાવાદ, તા.28**

અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદ બાદ ઉદ્ભવેલી પરિસ્થિતિને ધ્યાને રાખીને જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાહત, બચાવ, સર્વે તેમજ આરોગ્ય વિષયક વિસ્તૃત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

વરસાદી માહોલ બાદ રોગચાળો ફેલાતો અટકાવવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ તાલુકાઓમાં પાણીના સ્ત્રોતોના શુદ્ધિકરણની કામગીરી શરુ કરાઈ છે. જેના ભાગરૂપે વિરમગામ દેત્રોજ અને બાવળા તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારો તેમજ હેબતપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના વિસ્તારોમાં પીવાના પાણીના સ્ત્રોતોમાં સઘન ક્લોરિનેશન અને ટેસ્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ ચકાસવા માટે ધંધુકા પ્રાંત અધિકારીશ્રી દ્વારા ધોલેરા તાલુકાના અસરગ્રસ્ત




ગામોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ચાલી રહેલી રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રાંત અધિકારીશ્રીએ વણીતળાવ (પીપળી) ગામના અસરગ્રસ્ત ગ્રામજનો સાથે સંવાદ સાધીને તેમની સ્થિતિ જાણી હતી અને સ્થાનિક તંત્રને અસરગ્રસ્તો સુધી તમામ શક્ય મદદ ઝડપથી પહોંચાડવા તાકીદ કરી હતી.

બીજી તરફ, ચોમાસા દરમિયાન જનસ્વાસ્થ્યની જાળવણી અને રોગચાળાના નિયંત્રણ માટે બાવળા નગરપાલિકા વિસ્તારમાં તંત્ર દ્વારા સઘન સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ગંદકી દૂર કરી જંતુનાશક દવાઓ અને પાઉડરનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત, ભારે વરસાદથી થયેલા નુકસાન અન્વયે સહાય ચૂકવણીની પ્રક્રિયા ઝડપી બનાવવા જિલ્લા કલેક્ટરશ્રીની સૂચના મુજબ ધોળકા મામલતદાર દ્વારા ધોળકા નગરપાલિકા વિસ્તાર માટે ૧૭ ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થળ પર જઈને ડોર-ટુ-ડોર સર્વેની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે, જેથી પાત્રતા ધરાવતા નાગરિકોને સમયસર સહાય પૂરી પાડી શકાય. આમ, અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગો દ્વારા સજાગ રહીને રાહત, સફાઈ અને સર્વેની કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે.

# અમદાવાદ મંડળે બિન-ભાડા આવકમાં વધારો કરવા વધુ એક મહત્વપૂર્ણ પહેલ કરી

## 30 ઓવરહેડ પાણીની ટાંકીઓ પર વોલ પેઈન્ટિંગ દ્વારા જાહેરાત પ્રદર્શન માટે 5 વર્ષનો ઈ-નીલામી કરાર ફાળવાયો

**અમદાવાદ, તા.28**

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ ભારતીય રેલવેની બિન-ભાડા આવક (Non-Fare Revenue)માં વધારો કરવા તેમજ ઉપલબ્ધ રેલવે સંપત્તિઓનો મહત્તમ વ્યાવસાયિક ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે સતત નવીન પહેલો કરી રહ્યું છે. આ જ દિશામાં, મંડળ દ્વારા વિવિધ રેલવે સંપત્તિઓના અસરકારક વ્યાવસાયિક ઉપયોગ માટે મંડળના વિવિધ સ્ટેશનો અને રેલવે પરિસરોમાં આવેલી ઓવરહેડ પાણીની ટાંકીઓ પર વોલ પેઈન્ટિંગ દ્વારા જાહેરાત પ્રદર્શન કરવા માટે ઈ-નીલામી (e-Auction) મારફતે એક મહત્વપૂર્ણ કરાર ફાળવવામાં આવ્યો છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ આ કરાર સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. આ પહેલ ઉપલબ્ધ રેલવે સંપત્તિઓના વધુ અસરકારક વ્યાવસાયિક ઉપયોગને પ્રોત્સાહન આપવાની સાથે બિન-ભાડા આવકમાં વધારો કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

આ કરાર હેઠળ અમદાવાદ મંડળના વિવિધ રેલવે સ્ટેશનો અને રેલવે પરિસરોમાં આવેલી 30 ઓવરહેડ પાણીની ટાંકીઓ પર વોલ પેઈન્ટિંગ દ્વારા જાહેરાતો પ્રદર્શિત કરવામાં આવશે. આ સંપત્તિઓ પર ઉપલબ્ધ કુલ જાહેરાત ક્ષેત્રફળ આશરે 2,901 ચોરસ મીટર છે. 5 વર્ષની અવધિ



માટે ફાળવાયેલા આ કરારનું કુલ સ્વીકૃત મૂલ્ય 22,12,500/- છે. આ યોજનામાં અમદાવાદ, મણિનગર, કાંકરિયા યાર્ડ, ભુજ, પાલનપુર, મહેસાણા, ઝખવાડા, છારોડી, સાણંદ, આંબલી રોડ, ગાંધીનગર, ખોડિયાર, સાબરમતી તથા ભીલડી ખાતે આવેલી ઓવરહેડ પાણીની ટાંકીઓનો સમાવેશ થાય છે.

અમદાવાદ મંડળ દ્વારા રેલવે સંપત્તિઓના સુવ્યવસ્થિત વ્યાવસાયિક ઉપયોગ દ્વારા બિન-ભાડા આવકમાં સતત વધારો કરવા માટે અનેક નવીન વ્યાવસાયિક પહેલો અમલમાં મૂકવામાં આવી રહી છે. નોંધનીય છે કે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન અમદાવાદ રેલવે સ્ટેશન પર ડિજિટલ લગેજ લોકર સુવિધા, કાંકરિયા ગુડ્સ શેડ ખાતે એક્સેસ-કન્ટ્રોલ્ડ પેઈડ પાર્કિંગ તથા ફ્રેટ એલાઈડ સર્વિસિસ, ટ્રેન સાઈડ વેન્ડિંગ (TSV) માટે ત્રણ વર્ષનો કરાર, મહેસાણા રેલવે સ્ટેશન પર ગેમ ઝોનના વિકાસ, સંચાલન અને જાળવણી માટે ઈ-નીલામી કરાર તેમજ અમદાવાદ મંડળના વિવિધ રેલવે સ્ટેશનો પર ઓલા, ઉબેર અને રેપિડો જેવી એપ આધારિત ટેક્સી સેવાઓની ઉપલબ્ધતા જેવી અનેક નવીન યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. આ પહેલોથી મુસાફરોને આધુનિક અને સુવિધાજનક સેવાઓ ઉપલબ્ધ થઈ છે તેમજ રેલવેની બિન-ભાડા આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

ઓવરહેડ પાણીની ટાંકીઓ પર જાહેરાત પ્રદર્શન કરવાની આ નવી પહેલ પણ અમદાવાદ મંડળની દૂરદર્શી વિચારસરણીનું પરિણામ છે, જેના માધ્યમથી ઉપલબ્ધ રેલવે સંપત્તિઓનો મહત્તમ વ્યાવસાયિક ઉપયોગ સુનિશ્ચિત કરી આવકના નવા સ્ત્રોતો વિકસાવવામાં આવી રહ્યા છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના હસ્તે 'NELS સ્કિલ લેબ'નું લોકાર્પણ

**અમદાવાદ, તા.28**

અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત 1200 બેડ હોસ્પિટલ, મેડિસીટી ખાતે કેન્દ્ર સરકારના અનુદાનથી નિર્મિત અને બી. જે. મેડિકલ કોલેજ દ્વારા સંચાલિત National Emergency Life Support (NELS) Skill Labનું ઉદ્ઘાટન આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ તબીબી શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલ પાનશેરીયાના વરદ હસ્તે અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી દર્શનાબહેન વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.



આ પ્રસંગે આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મેડિકલના વિદ્યાર્થીઓ માટે માત્ર પુસ્તકીય જ્ઞાન પૂરતું નથી પરંતુ વ્યવહારિક કૌશલ્ય અતિ આવશ્યક છે. આ અદ્યતન NELS સ્કિલ લેબના માધ્યમથી વિદ્યાર્થીઓને માનવ શરીરની રચના ધરાવતા પ્લાસ્ટિક સિમ્યુલેટર પર લાઈવ તાલીમ આપવામાં આવશે. અકસ્માત કે ગંભીર કટોકટીના સમયે 108 ઈમરજન્સી સેવા અને હોસ્પિટલની ટીમે ત્વરિત નિર્ણય લેવાનો હોય છે, જેમાં શ્વાસનળીમાં ચોક્કસ સ્થાન પર ઓક્સિજન પહોંચાડવો અને ઈમરજન્સી પ્રોટોકોલનું પાલન જેવી જટિલ બાબતો આ લેબ દ્વારા સરળતાથી શીખી શકાશે. અનુભવી પ્રોફેસરો દ્વારા અપાતી આ ઉચ્ચ સ્તરીય પ્રેક્ટિકલ તાલીમ દર્દીનો જીવ બચાવવા સાથે રાજ્યમાં માતૃ મૃત્યુદર (MMR) અને બાળ મૃત્યુદરમાં (IMR) નોંધપાત્ર ઘટાડો લાવવામાં આશીર્વાદરૂપ સાબિત થશે. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા દેશભરમાં પ્રસ્થાપિત કરવામાં આવેલી કુલ 120 સ્કિલ લેબ પૈકીની આ લેબ શરૂ થવાથી આરોગ્ય ક્ષેત્રના ડોક્ટર્સ, નર્સીસ અને પેરામેડિકલ સ્ટાફને ખૂબ મોટો લાભ થશે. કટોકટીના સમયે દર્દીને સચોટ અને તાત્કાલિક સારવાર તેમજ સીપીઆર (CPR) ટ્રેનિંગથી અનેક અમૂલ્ય જીવ બચાવી શકાશે.

# નક્ષત્ર સેફ હાઉસમાંથી ₹2.67 કરોડના 206 તોલા સોનાની ચોરી

## સુરતમાં શેરબજારમાં પુત્રને 3 કરોડનું નુકસાન જતાં સંચાલક પિતા-પુત્રોએ કાવતરું ઘડ્યું, એક વર્ષથી જરૂર મુજબ કાઢતા હતા, 4ની ધરપકડ

**સુરત, તા.28**

સુરતના સિંગણપોરમાં આવેલા નક્ષત્ર સેફ હાઉસમાંથી ગ્રાહકોના 2.67 કરોડના 206 તોલા સોનાના દાગીના ચોરી થયાના અહેવાલો વહેતા થતાં જ આખા શહેરમાં ખળભળાટ મચી ગયો છે. સિંગણપોર બ્રાન્ચમાં સર્જાયેલી અફરાતફરીના પડઘા સમગ્ર સુરતમાં પડ્યા હતા. સિંગણપોર ઉપરાંત વરાછા ખાતે આવેલી નક્ષત્ર સેફની શાખાઓમાં પણ પોતાના કિંમતી ઘરેણાં અને રોકડ સુરક્ષિત છે કે નહીં તે ચકાસવા માટે બિલ્ડરો સહિત સેંકડો લોકરધારકો દોડી ગયા હતા. જેને પગલે દરેક બ્રાન્ચ બહાર લોકોની લાંબી લાઈનો અને દોડધામના દૃશ્યો સર્જાયા હતા. ઉલ્લેખનીય છે કે નક્ષત્ર સેફ હાઉસની સુરતમાં 3 બ્રાન્ચ છે, જેમાં 2500થી વધુ લોકર ઉપલબ્ધ છે. આ સમગ્ર મામલે પોલીસે પિતા-પુત્રો સહિત ચારની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં ખુલાસો થયો છે કે, પુત્રને શેરબજારમાં નુકસાન જતા લોકરમાંથી ચોરીનો પ્લાન ઘડ્યો હતો. છેલ્લા એક વર્ષથી આરોપીઓ લોકરમાંથી જરૂરિયાત પ્રમાણે સામાન નીકાળતા હતા.

આ સમગ્ર ચર્ચિત પ્રકરણમાં નક્ષત્ર સેફ હાઉસના સંચાલક મહેશ દિયોરા અને તેના બંને પુત્રો હર્ષ દિયોરા અને હરીકૃષ્ણ દિયોરા તેમજ લોકર બ્રેકર મણીલાલ સામે ચોરીની ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ ચોરી કોઈ અચાનક બનેલી ઘટના નથી, પરંતુ સંચાલક પિતા-પુત્રોએ નિષ્ણાત લોકર બ્રેકર સાથે મળીને ગ્રાહકોનું કરોડો રૂપિયાનું સોનું પચાવી પાડવા માટે પૂર્વઆયોજિત કાવતરૂં ઘડ્યું છે.

આ ચારેય જણાએ એકબીજાની મદદગારીથી યોજના બનાવીને ગ્રાહકોની ગેરહાજરીમાં અને તેમની જાણ બહાર અલગ અલગ સમયે લોકરો તોડાવ્યા હતા. લોકરમાંથી કિંમતી સોનાના દાગીના કાઢીને તેને બજારમાં વેચી મારી રકમ પડાવી લેવાનો આખો પ્લાન ઘડ્યો હતો. સિંગણપોર બ્રાન્ચમાં પૂર્વઆયોજિત કાવતરા હેઠળ ગ્રાહકોના સોના-ચાંદીના દાગીના ગાયબ થયા હોવાના વાઈરલ સમાચાર સોશિયલ મીડિયા અને ન્યૂઝમાં ફેલાતાં જ નક્ષત્ર સેફની અન્ય શાખાઓમાં ખાતા ધરાવતા ગ્રાહકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. વરાછા સ્થિત નક્ષત્ર સેફની શાખાઓ પર પણ ગ્રાહકો પોતાના લોકરની તપાસ કરવા માટે ધસી આવ્યા હતા. લોકો પોતપોતાની ચાવીઓ લઈને લોકર ખોલવા મથી રહ્યા હતા. ઘણા ગ્રાહકોના લોકર ખોલવામાં ટેકનિકલ અડચણો આવતાં અને સંચાલકો તરફથી યોગ્ય જવાબ ન મળતાં સ્થિતિ વધુ



વણસી હતી. વરાછા સેન્ટર પર પણ ભારે હોબાળો અને અફરાતફરી મચી જતાં આખરે સ્થાનિક પોલીસને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે બંદોબસ્ત ગોઠવવો પડ્યો હતો. જેટલા લોકર ધારકોના લોકર ખૂલ્યા તેઓ પોતાની રોકડ રકમ દાગીના સહિતનો સામાન લઈને નીકળી ગયા હતા.

પોલીસ દફતરે નોંધાયેલી ફરિયાદીની વિગત અનુસાર, ફરિયાદી રમેશભાઈ જીવરાજભાઈ વાઘાણી (રહે. સુંદરમ પાર્ક, ડભોલી રોડ, સુરત)એ વર્ષ 2020માં પોતાની પત્ની હિરેનબેનના નામે સિંગણપોર કોઝવે રોડ પર આવેલા નક્ષત્ર સેફ વોલ્ટમાં B/202 નંબરનું લોકર લીધું હતું. માસિક 1,700 ભાડું ચૂકવતા હતા. ગત તા. 8 મે, 2026ના રોજ ફરિયાદીના સાળા વિનોદભાઈ અને ભરતભાઈ લોકર પર ગયા ત્યારે તેમના તમામ સોનાના દાગીના સુરક્ષિત હતા. પરંતુ, બે મહિના બાદ પ્રસંગ હોવાથી જ્યારે તેઓ દાગીના કાઢવા ગયા ત્યારે લોકરમાં માત્ર એક મંગળસૂત્ર, બે કડલી અને ત્રણ વીંટી જ બચ્યા હતા, જ્યારે બાકીના 63 તોલાના દાગીના ગાયબ હતા!

દાગીના ગાયબ હોવાની જાણ થતાં જ ફરિયાદી રમેશ વાઘાણી, તેમના પત્ની અને પરિવારજનો 14 જુલાઈ, 2026ના રોજ નક્ષત્ર સેફ વોલ્ટ ખાતે પહોંચ્યા હતા અને સીસીટીવી ફૂટેજ ચકાસવાની માગ કરી હતી. બપોરથી સાંજ સુધી CCTV તપાસવાની પ્રક્રિયા ચાલી રહી હતી. તે દરમિયાન સેફના કાઉન્ટર પર બેસતા પૂર્વઆયોજિત કાવતરાના મુખ્ય સૂત્રધારોમાંથી એક આરોપી હર્ષ દિયોરા એકાએક ઉશ્કેરાઈ ગયા હતા. તેણે ફરિયાદીને એવું કહીને ધમકાવ્યા કે, બધું ગરમ થઈ ગયું છે, મારે કેટલું જોખમ હોય, બધું ઉડી જશે! આટલું કહી તેણે સીસીટીવી બતાવવાના બંધ કરી દીધા હતા અને હાર્ડ ડિસ્કમાંથી ડેટા ડિલીટ થઈ ગયો હોવાના ઉડાઉ જવાબો આપ્યા હતા. આથી ફરિયાદીને શંકા જતાં તેમણે તાત્કાલિક સિંગણપોર-ડભોલી પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. સિંગણપોર-ડભોલી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.બી. કામળીયા દ્વારા ફરિયાદ નોંધીને આગળની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર પી.એમ. ચૌધરીને સોંપવામાં આવી છે. પોલીસે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023ની કલમ 316 (2) (ગુનાહિત વિશ્વાસઘાત), 316 (5) અને પૂર્વઆયોજિત કાવતરા અંગેની કલમ 61 (2) હેઠળ કેસ દાખલ કર્યો છે. આ સાથે જ સિંગણપોર પોલીસે પિતા મહેશ દિયોરા અને તેના બંને પુત્રો હર્ષ દિયોરા અને હરીકૃષ્ણા દિયોરાની ધરપકડ કરી છે. પોલીસે સેફ વોલ્ટમાંથી ડીવીઆર, ડિજિટલ રજિસ્ટર અને લોકર બ્રેક કરવા માટે ઉપયોગમાં લેવાયેલા સાધનો કબજે કરવાની તજવીજ હાથ ધરી છે. આ ઉપરાંત વરાછા બ્રાન્ચમાં પણ પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે આ રીતે લોકર તોડીને ચોરી કરવામાં આવી છે કે કેમ તે અંગે પણ પોલીસની વિશેષ ટીમો ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે. DCP રાઘવ જૈનએ જણાવ્યું હતું કે, નક્ષત્ર સેફ હાઉસ એક રજિસ્ટર્ડ સંસ્થા છે અને તેની સુરત શહેરમાં કુલ 4 બ્રાન્ચ છે– જેમાંથી એક સિંગણપોરમાં, બે મહિધરપુરા વિસ્તારમાં અને એક વરાછામાં છે. સામાન્ય રીતે એક સેફ હાઉસમાં નાના, મીડિયમ અને મોટા કદના આશરે 60થી 700 લોકર હોય છે, જેનું વાર્ષિક ભાડું લોકરની સાઈઝ મુજબ નક્કી થતું હોય છે.

# 33 વર્ષનો સારાંશ જૈનની ટીમ ઈન્ડિયામાં થઈ સરપ્રાઈઝ એન્ટ્રી, ભાવુક કરી દેશે સંઘર્ષની કહાની

**નવી દિલ્હી, તા.28**



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા આગામી શ્રીલંકા પ્રવાસ માટે 2 મેચની ટેસ્ટ શ્રેણી માટે 15 સદસ્યીય ભારતીય ટીમની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. ચેતન શર્માની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ આ પ્રવાસ માટે ટીમના સુકાની તરીકે યુવા બેટ્સમેન શુભમન ગિલની વરણી કરી છે, જ્યારે અનુભવી કે.એલ. રાહુલને ટીમના ઉપ-કપ્તાનની જવાબદારી સોંપવામાં આવી છે. આ ટીમ સિલેક્શનમાં સૌથી ચોંકાવનારો અને સરપ્રાઈઝ કરનારો નિર્ણય 33 વર્ષીય ઓલરાઉન્ડર સારાંશ જૈનની પસંદગીનો રહ્યો છે, જેમને પ્રથમ વખત ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

શ્રીલંકા પ્રવાસની ટીમમાં સ્થાન મેળવનારા 33 વર્ષીય સારાંશ જૈન સ્થાનિક ક્રિકેટમાં મધ્યપ્રદેશની ટીમ તરફથી રમે છે. તે લેફ્ટી બેટ્સમેન અને રાઈટી ઓફ-સ્પિન બોલર છે. વાસ્તવમાં, ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણી દરમિયાન ઈજાગ્રસ્ત થવાના કારણે પસંદગી માટે ઉપલબ્ધ નહોતો, જેના કારણે પસંદગીકારોએ એક મજબૂત વિકલ્પ તરીકે સારાંશ જૈન પર ભરોસો મૂક્યો છે. સારાંશ જૈને તાજેતરમાં જ ભારત-એ તરફથી રમતા શ્રીલંકા-એ સામેની બે અનઓફિશિયલ ટેસ્ટ શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કરીને 7 વિકેટ ઝડપી હતી અને ટીમમાં પોતાનો દાવો મજબૂત કર્યો હતો.

ઘરઆંગણાના ક્રિકેટમાં લાંબા સમય સુધી સંઘર્ષ અને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યા બાદ સારાંશને આ આંતરરાષ્ટ્રીય તક મળી છે. તેની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીના આંકડા અત્યંત પ્રભાવશાળી છે. તેણે અત્યાર સુધીમાં રમેલી કુલ 54 ફર્સ્ટ ક્લાસ મેચોમાં શાનદાર બોલિંગ પ્રદર્શન કરતા 188 વિકેટો ઝડપી છે. આ સાથે જ નીચલા ક્રમમાં ઉપયોગી બેટિંગ કરવાની ક્ષમતા ધરાવતા સારાંશે બેટ વડે 2223 રન પણ બનાવ્યા છે, જે ટીમના લોઅર ઓર્ડરને વધારાનું સંતુલન પ્રદાન કરશે.

આ ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટીમમાં દિગ્ગજ ફાસ્ટ બોલર જસ્પ્રિત બુમરાહ અને સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાની વાપસી થઈ છે. અગાઉ અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચમાં આ બંને ખેલાડીઓ ટીમનો હિસ્સો નહોતા. જોકે, જસ્પ્રિત બુમરાહ અને બેટ્સમેન સાઈ સુદર્શન હાલમાં સંપૂર્ણ ફિટ નથી, તેથી તેમનું રમવું સંપૂર્ણપણે BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સના ફિટનેસ ક્લીયરેન્સ રિપોર્ટ પર નિર્ભર રહેશે. બીજી તરફ, સ્થાનિક ક્રિકેટના સ્ટાર બોલર માનવ સુથારને પણ ટીમમાં જાળવી રાખવામાં આવ્યો છે.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2025-2027ની દ્રષ્ટિએ ભારત માટે આ શ્રેણી અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ભારત હાલમાં પોઈન્ટ ટેબલમાં 5મા ક્રમે છે. પ્રવાસની શરૂઆત પહેલા ભારતીય ટીમ 7 ઓગસ્ટથી કોલંબોમાં 4 દિવસીય પ્રેક્ટિસ મેચ રમશે. ત્યારબાદ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ 15થી 19 ઓગસ્ટ દરમિયાન ગૉલ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે, જ્યારે બીજી અને અંતિમ ટેસ્ટ મેચ 23થી 27 ઓગસ્ટ દરમિયાન કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબ મેદાન પર રમાશે.

# શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમની જાહેરાત: શુભમન ગિલ કેપ્ટન




**નવી દિલ્હી, તા.28**

શ્રીલંકા સામે રમાનારી 2 ટેસ્ટ મેચોની સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ સિરીઝ પહેલા ટીમ 7 ઓગસ્ટથી કોલંબોમાં 4 દિવસની પ્રેક્ટિસ મેચ રમશે. શ્રીલંકા સામેની આ મહત્વપૂર્ણ ટેસ્ટ સિરીઝ માટે શુભમાન ગિલને ટીમના કેપ્ટન જ્યારે કેએલ રાહુલને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યા છે.

ટેસ્ટ સ્કવોડમાં યશસ્વી જયસ્વાલ, રિષભ પંત (વિકેટકીપર), સાઈ સુદર્શન, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, માનવ સુથાર, જસપ્રિત બુમરાહ, મો. સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બરાર, દેવદત્ત પડિકલ અને સારાંશ જૈનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે જ કેટલાક મુખ્ય ખેલાડીઓની ફિટનેસ અંગે પણ અપડેટ સામે આવ્યું છે. જેમાં સાઈ સુદર્શન અને જસપ્રિત બુમરાહની ઉપલબ્ધતા BCCI COE તરફથી મળનારા ફિટનેસ ક્લિયરન્સ પર નિર્ભર રહેશે.

બીજી તરફ, હરારેમાં રમાયેલા T-20 સિરીઝના બીજી મેચમાં ભારતીય ટીમે ઝિમ્બાબ્વેને 90 રનોથી હરાવીને સિરીઝમાં 2-0 ની અજેય સરસાઈ મેળવી હતી. આ શાનદાર જીતનો ફાયદો ટીમ ઈન્ડિયાને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) રેન્કિંગમાં મળ્યો છે અને ભારતીય ટીમ ફરી એકવાર ICC મેન્સ T-20I રેન્કિંગમાં નંબર-1 ના સ્થાન પર પહોંચી ગઈ છે. અગાઉ ઈંગ્લેન્ડ સામે T-20 સિરીઝ 0-4 થી હાર્યા બાદ ભારતે નંબર-1 નું સ્થાન ગુમાવ્યું હતું, પરંતુ ઝિમ્બાબ્વે પ્રવાસ પર સતત બે જીત મેળવીને ટીમ ઈન્ડિયાએ ફરીથી શીર્ષ સ્થાન હાંસલ કરી લીધું છે.

# શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમની જાહેરાત: જાડેજાની વાપસી, સારાંશ જૈન ડેબ્યૂ કરશે!

## સાઈ સુદર્શન અને જસપ્રીત બુમરાહની પસંદગી ફિટનેસને આધીન છે, એટલે કે તેઓ BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) તરફથી ફિટનેસ ક્લિયરન્સ મેળવ્યા પછી જ રમવા માટે લાયક બનશે.

**નવી દિલ્હી, તા.28**

15 ઓગસ્ટથી શરૂ થનારી શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચની શ્રેણી માટે BCCIએ ભારતીય ટીમની જાહેરાત કરી છે. શુભમન ગિલને કેપ્ટન અને કેએલ રાહુલને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યા છે.



મધ્યપ્રદેશના ઓલરાઉન્ડર સરાંશ જૈનને પહેલીવાર ટેસ્ટ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. સાઈ સુદર્શન અને જસપ્રીત બુમરાહની પસંદગી ફિટનેસ ક્લિયરન્સને આધીન રહેશે.

ટીમ ઈન્ડિયા: શુભમન ગિલ, કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, રિષભ પંત (વિકેટકીપર), સાઈ સુદર્શન*, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, માનવ સુથાર, જસપ્રિત બુમરાહ*, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, ગુરનુર બ્રાર, દેવદત્ત પડિકલ, સારાંશ જૈન.

ભારત-શ્રીલંકા ટેસ્ટ સિરીઝ શેડ્યુલ

પ્રથમ ટેસ્ટ: 15-19 ઓગસ્ટ, 2026, ગાલે

બીજી ટેસ્ટ: 23-27 ઓગસ્ટ, 2026, કોલંબો

# શુટિંગ વર્લ્ડ કપમાં ઈશા સિંહને ગોલ્ડ, મનુ ભાકરે બ્રોન્ઝ મેડલ જીત્યો

**હાંગઝોઉ, તા.28**


ચીનના હોંગઝોઉમાં ચાલી રહેલા ISSF વર્લ્ડ કપ (રાઈફલ/પિસ્ટલ/શોટગન)માં ભારતીય શૂટર ઈશા સિંહ અને મનુ ભાકરે મહિલાઓની ૨૫ મીટર પિસ્ટલ ઈવેન્ટમાં શાનદાર દેખાવ કર્યો હતો. ઈશાએ આ ઈવેન્ટની ફાઈનલમાં જોરદાર દેખાવ કરતાં ૪૦ હિટ સાથે પ્રથમ સ્થાને રહેતાં ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે મનુ ભાકરે ૨૮ હિટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.



ભારતીય ટીમે ક્વોલિફિકેશન રાઉન્ડમાં જ સંગીન પ્રારંભ કર્યો હતો. મનુ ભાકર 586-20Xની સ્કોર સાથે ક્વોલિફિકેશન સ્ટેન્ડિંગમાં ટોચના સ્થાને રહી હતી જ્યારે ઈશા સિંહ 585-18Xના સ્કોર સાથે બીજા ક્રમે રહી હતી અને સરળતાથી ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. રાહી સરનોબતે 582-16Xનો સ્કોર કર્યો જ્યારે સિમરનપ્રીત કૌર બ્રાડ (576-20X) અને અભિજ્ઞા અશોક પાટિલ (573-16X)એ રેન્કિંગ પોઈન્ટ્સ ઓનલી (RPO) અંતર્ગત ભાગ લઈ સારો દેખાવ કર્યો હતો.

ગોલ્ડ મેડલ જીત્યા બાદ ઈશા સિંહે કહ્યું કે, મને હાંગઝોઉમાં મુકાબલા ગમે છે. એશિયન ગેમ્સ વખતે થયેલા મુકાબલા યાદ કરતાં કહ્યું કે, તેણીએ અહીં ચાર મેડલ જીત્યા હતા. હું અહીં પરત આવવા માટે ઘણી ઉત્સાહિત હતી. ફાઈનલ હોલમાં રેન્જ, લાઈટિંગ અને આસપાસના વાતાવરણથી પરિચીત હોવું મારા પક્ષમાં રહ્યું હતું. બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ મનુ ભાકરે કહ્યું કે, આ મેડલ માટે માટે ઘણો મહત્ત્વનો છે કારણ કે,તે એક સિડીની જેમ કામ કરે છે. મેડલ ચોક્કસપણે આત્મવિશ્વાસ વધારે છે પરંતુ આ સ્પર્ધામાં મને જે અનુભવ મળ્યો છે તે વર્લ્ડ ચેમ્પિયનશિપ અને એશિયન ગેમ્સ જેવી મોટી સ્પર્ધાઓની તૈયારીઓમાં વધુ મદદગાર સાબિત થશે.

# 'મુગલ-એ-આઝમ'ના દુર્લભ પોસ્ટર્સ માટે શાહરૂખ ખાને 6.84 લાખ ચૂકવ્યાં



**મુંબઈ, તા.28**

શાહરુખ અને અનિલ કપૂરે અમૂલ્ય ફિલ્મી સ્મૃતિચિહ્નો ખરીદ્યાંબોલિવૂડનો કિંગ ખાન શાહરૂખ ખાન માત્ર ફિલ્મોનો જ નહીં, પરંતુ ભારતીય સિનેમાના વારસાનો પણ મોટો પ્રશંસક છે. આ વાતનો ખુલાસો ફિલ્મ આર્કાઈવિસ્ટ અને લેખક એસ. એમ. એમ. ઔસાજાએ અભિનેત્રી પૂજા ભટ્ટના પોડકાસ્ટ 'ધ પૂજા ભટ્ટ શો'માં કર્યો છે.વાતચીત દરમિયાન ઔસાજાએ જણાવ્યું કે તેમણે વર્ષોથી ભારતીય ફિલ્મોના પોસ્ટર્સ અને દુર્લભ સ્મૃતિચિહ્નોનો વિશાળ ખાનગી સંગ્રહ તૈયાર કર્યો છે. જોકે, તેમણે દુ:ખ વ્યક્ત કર્યું કે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ફિલ્મી વારસાને સાચવવા પ્રત્યે પૂરતી ગંભીરતા જોવા મળતી નથી. તેમ છતાં, કેટલાક કલાકારો આ બાબતમાં અપવાદરૂપ રહ્યા છે.ઔસાજાએ જણાવ્યું કે લગભગ દસ વર્ષ પહેલાં તેમણે પોતાના સંગ્રહનું પ્રદર્શન યોજવા માટે અનેક કોર્પોરેટ કંપનીઓનો સંપર્ક કર્યો હતો. પરંતુ મોટાભાગની કંપનીઓને ફિલ્મી વારસામાં નહીં, પરંતુ કાર્યક્રમમાં કયો મોટો સ્ટાર આવશે અને કેટલા લોકો એકઠાં થશે તેમાં જ રસ હતો.

તેમણે કહ્યું, "કોર્પોરેટ્સ પૂછતાં કે શું અક્ષય કુમાર પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે? તેમને માત્ર બ્રાન્ડને કેટલો ફાયદો થશે તેની જ ચિંતા હતી. ત્યારબાદ મેં વિચાર્યું કે પ્રદર્શન યોજવાને બદલે પુસ્તકો લખવા વધુ સારું રહેશે."ફરાહ ખાન અને રિતેશ દેશમુખ પણ ફિલ્મી વારસાના સંરક્ષક ઔસાજાએ જણાવ્યું કે ફરાહ ખાન પોતાનાં પિતા કમરાન ખાન સાથે જોડાયેલી તમામ દુર્લભ સામગ્રી સાચવી રાખવા માટે ખૂબ જ ગંભીર રહી છે.તેમણે કહ્યું, "ફરાહે પોતાના પિતાની ફિલ્મો સાથે સંબંધિત તમામ પોસ્ટર્સ અને સામગ્રી મારી પાસેથી મેળવી અને સાચવી રાખી છે. જે ફિલ્મો સફળ નહોતી થઈ અને ફરી રિલીઝ પણ થઈ નહોતી, તેમનાં પોસ્ટર્સ આજે ખૂબ જ દુર્લભ માનવામાં આવે છે."

તેમણે વધુમાં જણાવ્યું કે રિતેશ દેશમુખ પણ ફિલ્મી પોસ્ટર્સનો મોટો કલેક્ટર છે અને તેની પાસે દુર્લભ પોસ્ટર્સનો વિશાળ સંગ્રહ છે. 'મુગલ-એ-આઝમ'ના પોસ્ટર્સ માટે શાહરૂખ અને અનિલ કપૂર વચ્ચે બોલીપૂજા ભટ્ટે વાતચીત દરમિયાન ઉલ્લેખ કર્યો કે શાહરૂખ ખાને એક વખત 'મુગલ-એ-આઝમ'નાં પોસ્ટર્સ માટે હરાજીમાં ભાગ લીધો હતો.તેના જવાબમાં ઔસાજાએ કહ્યું, "શાહરૂખે માત્ર 'મુગલ-એ-આઝમ'ના પોસ્ટર્સ જ નહીં, પરંતુ કુલ 12થી 13 દુર્લભ ફિલ્મી સ્મૃતિચિહ્નો પણ ખરીદ્યાં હતાં. બેંગકોકમાં યોજાયેલી આ હરાજીમાં અનિલ કપૂરે પણ કેટલીક વસ્તુઓ માટે બોલી લગાવી હતી, કારણ કે તેમના પિતા આ ફિલ્મમાં સહાયક તરીકે કામ કરી ચૂક્યા હતા."ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર 2014માં આવેલા અહેવાલ મુજબ શાહરૂખ ખાને 'મુગલ-એ-આઝમ'નાં બે ઓરિજિનલ અને દુર્લભ પોસ્ટર્સ 6.84 લાખમાં ખરીદ્યાં હતાં.આ ખુલાસાથી સ્પષ્ટ થાય છે કે શાહરૂખ ખાન માત્ર પડદા પર જ નહીં, પરંતુ ભારતીય સિનેમાના અમૂલ્ય વારસાને સાચવવામાં પણ વિશેષ રસ ધરાવે છે.

# કાર્તિકે 'નાગઝિલા'નું શૂટિંગ પૂરું કર્યું, ટીમે કેક કાપીને ઉજવણી કરી

**મુંબઈ, તા.28**

કાર્તિક આર્યનની કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ સાથેની ફિલ્મ 'નાગઝિલા'નું શૂટિંગ સત્તાવાર રીતે પૂરું થઈ ગયું છે. ફિલ્મનાં શૂટિંગનાં છેલ્લા દિવસની ઉજવણી ટીમે ખાસ કેક કાપીને કરી હતી. શૂટિંગ પૂરું થતાં કલાકારો અને ક્રૂમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.




સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ અગાઉ પૂરું થઈ ચૂક્યું હતું, જ્યારે છેલ્લા દિવસનું શૂટિંગ રવિવાર, 26 જુલાઈએ મુંબઈમાં થયું હતું. આ અંતિમ શૂટિંગમાં અભિનેતા રવિ કિશન, દિગ્દર્શક મૃગદીપ સિંહ લાંબા, લેખક ગૌતમ મહેરા અને સહ-નિર્માતા દિવ્યાંશ જૈન હાજર રહ્યા હતા.

આ પ્રસંગે 'નાગઝિલા ફિલ્મ રેપ' લખેલી ખાસ કેક કાપવામાં આવી હતી. રસપ્રદ વાત એ છે કે 25 જુલાઈએ દિગ્દર્શક મૃગદીપ સિંહ લાંબાનો જન્મદિવસ પણ હોવાથી સેટ પર ઉજવણીનો માહોલ વધુ રંગીન બન્યો હતો.

શૂટિંગ પૂરું થતાં નિર્માતા મહાવીર જૈન અને દિગ્દર્શક મૃગદીપ સિંહ લાંબાએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું, "ધર્મા પ્રોડક્શન્સ સાથે ભાગીદારી કરવી એ શ્રેષ્ઠ અનુભવ રહ્યો છે. કરણ જોહર, અપૂર્વ મહેતા, મેરિજકે ડી'સૂઝા અને તેમની સમગ્ર ટીમે અદ્ભુત સહયોગ આપ્યો છે. 'નાગઝિલા'ના દરેક ક્રૂ સભ્યનો અમે દિલથી આભાર માનીએ છીએ. દરેકે આ ભવ્ય વિઝનને સાકાર કરવા માટે ખૂબ મહેનત કરી છે."

ફિલ્મના મુખ્ય અભિનેતા કાર્તિક આર્યને, તાજેતરમાં પોતાનો પહેલો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીત્યો છે, તે અંતિમ દિવસના શૂટિંગમાં હાજર નહોતો. તેણે પોતાના તમામ સીનનું શૂટિંગ અગાઉ જ પૂરું કરી લીધું હતું.

હવે ફિલ્મનું શૂટિંગ પૂરું થતાં ટીમ પોસ્ટ-પ્રોડક્શન તેમજ VFXના કામમાં વ્યસ્ત થઈ ગઈ છે. નિર્માતાઓના જણાવ્યા મુજબ, 'નાગઝિલા' એક અનોખી અને મનોરંજક દુનિયા પર આધારિત ફિલ્મ છે, જેમાં જબરદસ્ત કોમેડી, મજબુત સ્ટારકાસ્ટ અને યાદગાર સંગીત દર્શકોને સિનેમાઘરો સુધી ખેંચી લાવશે.

કરણ જોહરની ધર્મા પ્રોડક્શન્સ અને મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા નિર્મિત 'નાગઝિલા' આગામી 12 ફેબ્રુઆરી, 2027ના રોજ રિલીઝ થશે.

# જોની ડેપનું કમબેક: 'એબેનેઝર

**મુંબઈ, તા.28**

હોલિવૂડના લોકપ્રિય અભિનેતા જોની ડેપ લાંબા સમય બાદ એક મોટા સ્ટુડિયો પ્રોજેક્ટ સાથે પરત ફરી રહ્યા છે. તે હવે ચાર્લ્સ ડિકન્સની અમર કૃતિ પર આધારિત ફિલ્મ 'એબેનેઝર: અ ક્રિસમસ કેરોલ'માં એબેનેઝર સ્ક્રૂજના પાત્રમાં જોવા મળશે. ફિલ્મનું પ્રથમ સત્તાવાર ટ્રેલર અને પોસ્ટર સાન ડિએગો કોમિક-કોન દરમિયાન લોંચ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જોની ડેપે ચાહકોને ખાસ સરપ્રાઈઝ આપવા માટે સ્ક્રૂજના સંપૂર્ણ મેકઅપ અને પ્રોસ્ટેટિક્સ સાથે લાઈવ હાજરી આપી હતી. તે પહેલાં તેઓ સાન ડિએગોના ગેસલેમ્પ ડિસ્ટ્રિક્ટમાં પણ આ જ લૂકમાં જોવા મળ્યા હતા, જેના કારણે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જામી હતી. ફિલ્મમાં જોની ડેપ ઉપરાંત ડેઝી રિડલી એમિલી ક્રેચિટ, સેમ ક્લાફ્લિન ફ્રેડ, જ્યારે ઈયાન મેકેલન, રૂપર્ટ ગ્રિન્ટ અને એન્ડ્રિયા રાઈઝબરો પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું દિગ્દર્શન ટી વેસ્ટે કર્યું છે અને તેનું નિર્માણ પેરામાઉન્ટ પિક્ચર્સ દ્વારા કરવામાં આવ્યું છે.1843માં પ્રકાશિત થયેલી ચાર્લ્સ ડિકન્સની પ્રસિદ્ધ



નવલકથા પર આધારિત આ વાર્તામાં કંજૂસ અને નિષ્ઠુર સ્ક્રૂજની ક્રિસમસના ભુતકાળના, વર્તમાન અને ભવિષ્યના આત્માઓ મુલાકાત લે છે, જેના કારણે તેના જીવનમાં મોટું પરિવર્તન આવે છે અને તે વધુ દયાળુ તથા સંવેદનશીલ વ્યક્તિ બને છે.આ ક્લાસિક વાર્તા અગાઉ પણ અનેક વખત ફિલ્મ અને ટેલિવિઝન માટે રૂપાંતરિત થઈ ચૂકી છે. 1951ની 'સ્ક્રૂજ', 1992ની 'ધ મપેટ ક્રિસમસ કેરોલ', 2009ની ડિઝનીની 'અ ક્રિસમસ કેરોલ' અને 2019ની BBC મિનિ-સિરીઝ જેવા અનેક વર્ઝનને દર્શકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો.



# 'સ્પિરિટ'માં પ્રભાસ સાથે કેટરિના કૈફ જોવા નહીં મળે

**મુંબઈ, તા.28**

કેટરિના કૈફના આગામી ફિલ્મી પ્રોજેક્ટને લઈને ચાલી રહેલી અટકળો પર હવે પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. છેલ્લા કેટલાક દિવસોથી એવા અહેવાલો સામે આવી રહ્યા હતા કે કેટરિના સંદીપ રેડ્ડી વાંગાની એક્શન ફિલ્મ 'સ્પિરિટ'માં પ્રભાસની સાથે જોવા મળશે. તેમાં એવું પણ કહેવાયું હતું કે ફિલ્મની વાર્તાને આગળ વધારે એવા મહત્વના કેમિયો માટે કેટરિનાની પસંદગી કરવામાં આવી હોવાનું કહેવાયું હતું. જોકે, હવે ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા સુત્રોએ આ તમામ દાવાઓને બિલકુલ ખોટા અને ભ્રામક ગણાવ્યા છે.

2024માં આવેલી 'મેરી ક્રિસમસ' બાદ કેટરિના કૈફ મોટા પડદાથી દૂર છે. સપ્ટેમ્બર 2025માં પ્રેગનન્સીની જાહેરાત અને નવેમ્બર 2025માં પુત્રને જન્મ આપ્યા બાદ તેનાં કમબેકને લઈને સતત ચર્ચાઓ ચાલી રહી છે. આ દરમિયાન એવી અટકળો તેજ બની હતી કે તે લગભગ બે દાયકાં બાદ તેલુગુ ફિલ્મોમાં વાપસી કરવા જઈ રહી છે અને 'સ્પિરિટ'માં પ્રભાસ સાથે સ્ક્રીન શેર કરશે.જોકે, નજીકના સુત્રોએ આ અહેવાલોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. સુત્રોના જણાવ્યા મુજબ, "કેટરિના કૈફની આગામી ફિલ્મો અંગે ચાલી રહેલા દાવાઓમાં કોઈ જ સત્ય નથી. આ તમામ અહેવાલો માત્ર અટકળો અને ખોટી માહિતી પર આધારિત છે. તેની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી." ઉલ્લેખનીય છે કે ફિલ્મની જાહેરાત બાદથી જ 'સ્પિરિટ' સતત ચર્ચામાં રહી છે. ફિલ્મની કાસ્ટિંગને લઈને અનેક નામો સામે આવ્યા હતા. શરૂઆતમાં કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાન મહત્વના રોલમા હશે તેવી ચર્ચા હતી.ત્યારબાદ દીપિકા પાદુકોણે ફિલ્મમાંથી બહાર નીકળી હોવાના અહેવાલોએ પણ ભારે ચર્ચા જગાવી હતી. અહેવાલો અનુસાર, ફી અને કામકાજની શરતો અંગે મતભેદોને કારણે દીપિકાએ ફિલ્મ છોડી દીધી હતી. બાદમાં તેની જગ્યાએ તૃપ્તિ ડિમરીને લેવામાં આવી હતી, જેણે અગાઉ સંદીપ રેડ્ડી વાંગા સાથે 'એનિમલ'માં કામ કર્યું હતું.'સ્પિરિટ'માં પ્રભાસ, તૃપ્તિ ડિમરી ઉપરાંત વિવેક ઓબેરોય પણ મહત્વના રોલમાં જોવા મળશે. સંદીપ રેડ્ડી વાંગાની આ ફિલ્મ 5 માર્ચ, 2027ના રોજ રિલીઝ થવાની છે.

# બેબી પાવડરથી થતાં કેન્સરના કેસો પતાવવા માટે કંપનીની ઓફર, 62,000 મહિલાઓના દાવા સામે ઝૂકવું પડ્યું

મુંબઈ, તા.28

વિશ્વની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ અને બેબી પ્રોડક્ટ્સ કંપનીઓમાંની એક જોન્સન એન્ડ જોન્સન પોતાના પાવડરથી કેન્સર થવાના હજારો કેસોમાં કંપનીએ એક ઐતિહાસિક અને મોટો નિર્ણય લીધો છે. કંપની તેના ટેલ્કમ બેઝ્ડ બેબી પાવડરના કારણે ઓવેરિયન કેન્સરનો ભોગ બનેલી હજારો મહિલાઓના દાવો પતાવવા માટે અંદાજે 52,000 કરોડ ચૂકવવા માટે સંમત થઈ છે. આ નિર્ણયથી છેલ્લા ઘણા દાયકાઓથી કાનૂની લડાઈ લડી રહેલી હજારો પીડિત મહિલાઓ અને તેમના પરિવારજનોને મોટી આર્થિક અને માનસિક રાહત મળશે.




જોન્સન એન્ડ જોન્સન કંપનીના ટેલ્કમ-બેઝ્ડ બેબી પાવડરનો ઉપયોગ કરનારી હજારો મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે, પાવડરમાં 'એસ્બેસ્ટોસ' નામનું ઝેરી તત્વ ભળેલું હતું. લાંબા સમય સુધી આ પાવડરના ઉપયોગથી મહિલાઓમાં ઓવેરિયન કેન્સર અને મિસોથેલિયોમા (એક પ્રકારનું દુર્લભ કેન્સર) જેવી ગંભીર બીમારીઓ થઈ હતી.

અમેરિકા સહિત વિશ્વભરની કોર્ટમાં કંપની સામે 62,000થી પણ વધુ કેસો નોંધાયા હતા, જેમાં મહિલાઓએ દાવો કર્યો હતો કે કંપની પોતાના પાવડરમાં એસ્બેસ્ટોસ હોવાની વાત જાણતી હોવા છતાં તેણે આ માહિતી ગ્રાહકોથી છુપાવી રાખી હતી.

કંપનીએ આ તમામ કેસોની પતાવટ કરવા માટે પોતાની પેટાકંપની (LLC) દ્વારા અમેરિકાના બેન્કરપ્સી લો (Bankruptcy Law)ની 'ચેપ્ટર 11' અંતર્ગત અરજી દાખલ કરી છે. કંપનીએ જણાવ્યું છે કે જો 75% પીડિતો (ક્લેમન્ટ્સ) આ પ્રસ્તાવની તરફેણમાં વોટ કરશે, તો તમામ કેસો કોર્ટની બહાર જ એક સાથે સેટલ થઈ જશે. જોકે, કંપનીએ આ સેટલમેન્ટ માટે સંમતિ આપી હોવા છતાં, પોતાના પર લાગેલા તમામ આરોપોને નકારી કાઢ્યા છે અને દાવો કર્યો છે કે તેમનો પાવડર સુરક્ષિત હતો અને તેનાથી કેન્સર થતું હોવાના કોઈ નક્કર વૈજ્ઞાનિક પુરાવા નથી.

ટેલ્કમ એક કુદરતી રીતે મળતું મિનરલ છે, જે પૃથ્વીમાંથી મળે છે. એમાં મેગ્નેશિયમ, સિલિકોન, ઓક્સિજન અને હાઈડ્રોજન હોય છે. રાસાયણિક રીતે ટેલ્કમ એક ડાઈડ્રોસ મેગ્નેશિયમ સિલિકેટ હોય છે, જેની કેમિકલ ફોર્મ્યુલા $Mg_3Si_4O_{10}(OH)_2$ છે. કોસ્મેટિક્સ અને પર્સનલ કેર પ્રોડક્ટ્સમાં ટેલ્કમનો ઉપયોગ થાય છે. એનો ઉપયોગ પરસેવાને શોષવા માટે થાય છે. ટેલ્કમથી કેન્સર થવાનું જોખમ થવાનો આરોપ લગાવવામાં આવ્યો છે, જ્યાંથી ટેલ્કમને ખાણમાંથી કાઢવામાં આવે છે, ત્યાંથી એસ્બેસ્ટસ પણ નીકળે છે. એસ્બેસ્ટસ માઈકા પણ એક કુદરતી રીતે મળતું સિલિકેટ મિનરલ છે, પરંતુ તેનું એક અલગ ક્રિસ્ટલ સ્ટ્રક્ચર હોય છે. તે શરીરને નુકસાન પહોંચાડી શકે છે. જ્યારે ટેલ્કમનું માઈનિંગ કરવામાં આવે છે તો એમાં એસ્બેસ્ટસ પણ મળવાનું જોખમ રહે છે.

ભારે વિવાદ અને ડઝનબંધ કોર્ટ કેસો બાદ જોન્સન એન્ડ જોન્સને વિશ્વભરમાં પોતાના ટેલ્કમ-બેઝ્ડ પાવડરનું ઉત્પાદન અને વેચાણ બંધ કરી દીધું છે. કંપનીએ હવે તેના બદલે કોર્નસ્ટાર્ચ-બેઝ્ડ (Cornstarch-based) પાવડર બનાવવાનું શરૂ કર્યું છે. ભારત સહિત અનેક દેશોમાં પણ આ પાવડરના સેમ્પલિંગ અને ક્વોલિટી ચેકિંગને લઈને ભારે વિવાદ સર્જાયો હતો.

કંપનીએ જાતે તેના પાઉડર પર રિસર્ચ કરીને દાવો કર્યો છે કે તેમનો બેબી ટેલ્કમ પાઉડર સેફ છે. J&Jએ કહ્યું હતું કે તેમણે તેમના દરેક બેબી પાઉડર પ્રોડક્ટમાં ટેલ્કમ પાઉડરના બદલે કોર્ન સ્ટાર્ચનો ઉપયોગ કરવાનો કોમર્શિયલ નિર્ણય લીધો છે.


કોર્ટ ફાઈલિંગમાં J&J લોયરે જણાવ્યું કે, કંપની છેલ્લાં 5 વર્ષમાં માત્ર કેસમાં 1 બિલિયન ડોલર (અંદાજે 7968 કરોડ) ખર્ચ કરી ચૂકી છે. કંપનીના બેંકરપ્સીના ફાઈલિંગ પ્રમાણે J&Jને સેટલમેન્ટ કેસોનો ઉકેલ લાવવા માટે અત્યાર સુધી 3.5 બિલિયન ડોલર (28 હજાર કરોડ)નો ખર્ચ કરવા માટે મજબૂર કરવામાં આવે છે. સેન્ટ લુઈસમાં રાજ્યની કોર્ટની બહાર 2018માં જ્યુરીના નિર્ણયએ J&Jને તે 20 મહિલાઓને 20 હજાર કરોડ રૂપિયાનું પેમેન્ટ કરવા મજબૂર કરી હતી જેમણે તેમના ગર્ભાશયના કેન્સર માટે તેમના બેબી પાઉડરને ટાર્ગેટ કર્યો હતો. મિસૌરી સુપ્રીમ કોર્ટ અને US સુપ્રીમ કોર્ટ બંનેના નિર્ણયને ફેરબદલ કરવાનો ઈનકાર કર્યો છે.

1894થી વેચાતા જોનસન બેબી પાઉડર ફેમિલી ફ્રેન્ડલી હોવાને કારણે કંપનીનું સિમ્બોલ પ્રોડક્ટ બની ગઈ હતી. 1999થી કંપનીની ઈન્ટર્નલ બેબી પ્રોડક્ટ ડિવિઝન તેનું માર્કેટિંગ રિપ્રેઝન્ટેશન કરતી હતી.

# ચાંદી ₹6,543 ઘટીને ₹2.18 લાખ પર આવી: આ વર્ષે ચાંદી ₹12 હજાર સસ્તી થઈ, સોનાના ભાવમાં ₹1,907નો ઘટાડો

મુંબઈ, તા.28

આજે 28 જુલાઈએ ભારતીય બુલિયન માર્કેટમાં સોના અને ચાંદી બંનેના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા અનુસાર, કિંમતી ધાતુઓના બજારમાં આજે મોટી હલચલ મચી છે. ચાંદીના ભાવમાં એક જ દિવસમાં પ્રતિ કિલોગ્રામ 6,543 રૂપિયાનો મોટો ઘટાડો નોંધાયો છે, જેના કારણે ચાંદીનો ભાવ ઘટીને 2.18 લાખ રૂપિયા પ્રતિ કિલો પર આવી ગયો છે. બીજી તરફ, સોનાના પ્રેમીઓ અને રોકાણકારો માટે પણ મહત્વના સમાચાર છે, કારણ કે 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમતમાં 1,907 રૂપિયાનો તીવ્ર ઘટાડો થયો છે અને તેનો નવો ભાવ હવે 1.43 લાખ રૂપિયા થઈ ગયો છે. ચાલુ વર્ષ 2026ની શરૂઆતથી જ સોના અને ચાંદીના દરોમાં સતત ઉતાર-ચઢાવનો દોર ચાલી રહ્યો છે. જો આખા વર્ષના ગ્રાફ પર નજર કરીએ તો સોનામાં એકંદરે તેજીનો મોહાલ જોવા મળ્યો છે. વર્ષ 2025ના અંતે એટલે કે 31 ડિસેમ્બરે 10 ગ્રામ સોનાની કિંમત 1.33 લાખ રૂપિયાની આસપાસ હતી, જે તમામ ઉતાર-ચઢાવ વચ્ચે પણ અત્યાર સુધીમાં કુલ 10 હજાર રૂપિયા મોંઘું થઈને 1.43 લાખ રૂપિયા સુધી પહોંચી ગયું છે. આનાથી વિપરીત, ચાંદીના મામલે ચિત્ર થોડું અલગ રહ્યું છે. વર્ષના પ્રારંભે 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલોના સ્તરે રહેલી ચાંદીમાં અત્યાર સુધીમાં 12 હજાર રૂપિયાનો ઘટાડો નોંધાઈ ચૂક્યો છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે 29 જાન્યુઆરીના રોજ બુલિયન માર્કેટે એક નવો ઈતિહાસ રચ્યો હતો, જ્યારે સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાના પોતાના ઓલટાઈમ હાઈ એટલે કે સર્વોચ્ચ શિખરે પહોંચી ગયા હતા.



બજારના નિષ્ણાતો અને કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના જણાવ્યા અનુસાર, સોના અને ચાંદીના ભાવ હાલમાં તેમની ઓલટાઈમ હાઈ સપાટીથી ઘણા નીચે આવી ચૂક્યા છે. આવી સ્થિતિમાં નવા રોકાણકારો માટે બજારમાં પ્રવેશ કરવાની આ એક ઉત્તમ તક બની શકે છે. જોકે, તેમણે રોકાણકારોને ખાસ સલાહ આપી છે કે એકસાથે મોટી રકમનું રોકાણ કરવાના બદલે તબક્કાવાર રોકાણની વ્યૂહરચના અપનાવવી જોઈએ. આગામી સમયનો અંદાજ લગાવતા તેમણે ઉમેર્યું હતું કે વર્ષના અંત સુધીમાં બજારમાં ફરીથી તીવ્ર ઉછાળો આવી શકે છે, જેમાં સોનું ફરી એકવાર 1.60 લાખ રૂપિયા અને ચાંદી 2.80 લાખ રૂપિયાની સપાટીને સ્પર્શી શકે છે.

જ્યારે પણ તમે જ્વેલર્સ પાસેથી સોનાની ખરીદી કરવા જાવ ત્યારે મુખ્યત્વે બે મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી બની રહે છે. પ્રથમ બાબત એ છે કે હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BIS નો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદવું જોઈએ. સોના પર છપાયેલો આલ્ફાન્યુમેરિક હોલમાર્ક કોડ, જેમ કે AZ4524, સોનાની શુદ્ધતા અને તે કેટલા કેરેટનું છે તેની ચોક્કસ માહિતી આપે છે. બીજી બાબત એ છે કે ખરીદી કરતી વખતે સોનાનું સાચું વજન અને તે દિવસના તાજા દરોને ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્ત્રોતો પરથી ક્રોસ ચેક કરી લેવા જોઈએ, કારણ કે 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ સોનાના ભાવમાં તફાવત હોય છે. આ ઉપરાંત, અસલી ચાંદીની ઓળખ કરવા માટે કેટલીક સરળ ઘરેલુ પદ્ધતિઓ પણ ખૂબ ઉપયોગી સાબિત થાય છે. ચાંદીની ચકાસણી માટે મેગ્નેટ ટેસ્ટ કરી શકાય છે.

# ઈન્ફોસિસ પર ફ્રાન્સના શ્રમ ઓથોરિટીનો મોટો દંડ: કર્મચારીઓના કામના કલાકો ટ્રેક કરવાની સિસ્ટમ સામે સવાલો ઊભા થયા

મુંબઈ, તા.28

ભારતની અગ્રણી આઈટી કંપની ઈન્ફોસિસને વિદેશી ધરતી પર મોટો આંચકો લાગ્યો છે. ફ્રાન્સના શ્રમ અધિકારીઓએ ઈન્ફોસિસ પર 1.75 લાખ યુરો એટલે કે ભારતીય ચલણમાં લગભગ 2 કરોડ રૂપિયાનો ભારી દંડ ફટકાર્યો છે. આ કડક કાર્યવાહી પાછળનું મુખ્ય કારણ કંપનીની કર્મચારીઓના કામના કલાકો રેકોર્ડ કરવાની સિસ્ટમમાં રહેલી ગંભીર ખામીઓ છે. ફ્રાન્સની રિજનલ લેબર ઓથોરિટી DRIEETS ઈલે-ડી-ફ્રાન્સ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપની જે સિસ્ટમનો ઉપયોગ કરી રહી હતી તે સ્થાનિક કાનૂની જરૂરિયાતો અને શ્રમ કાયદા મુજબની ન હતી. ઈન્ફોસિસે પોતે સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં આ સમગ્ર મામલાની અધિકૃત જાણકારી આપીને દંડની પુષ્ટિ કરી છે. તપાસ દરમિયાન લેબર ઓથોરિટીએ ઈન્ફોસિસની વર્કિંગ-ટાઈમ રેકોર્ડિંગ સિસ્ટમની વિશ્વસનીયતા, રેકોર્ડ્સના પારદર્શક ઓડિટ કરવાની ક્ષમતા અને ખાસ કરીને કર્મચારીઓની અમુક ચોક્કસ શ્રેણીઓ પર યોગ્ય દેખરેખ રાખવાની ક્ષમતા સામે ભારે ચિંતા વ્યક્ત કરી છે. ફ્રેન્ચ શ્રમ કાયદા અત્યંત કડક માનવામાં આવે છે, જેના હેઠળ દરેક નોકરીદાતા માટે પોતાના કર્મચારીઓના કામના કલાકોનો એકદમ સચોટ, વિશ્વસનીય અને જરૂર પડે ત્યારે ઓડિટ કરી શકાય તેવો સ્ટેન્ડર્ડ રેકોર્ડ રાખવો કાનૂની રીતે ફરજિયાત છે. આ નિયમોનો મુખ્ય હેતુ દેશમાં અમલી 35 કલાકના કાર્ય સપ્તાહ, ઓવરટાઈમની નિર્ધારિત મર્યાદાઓ અને કર્મચારીઓને મળતા ફરજિયાત આરામના સમયનું યોગ્ય પાલન સુનિશ્ચિત કરવાનો છે. જોકે, સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં કંપનીએ એ સ્પષ્ટ નથી કર્યું કે આ નિર્ણયથી ઈન્ફોસિસના કયા વિભાગ કે કઈ શ્રેણીના કર્મચારીઓ પ્રભાવિત થાય છે અને શું ઓથોરિટીએ તેમની આ ટાઈમ-રેકોર્ડિંગ સિસ્ટમમાં તાત્કાલિક ફેરફાર કરવાનો કોઈ આદેશ આપ્યો છે કે નહીં.




આ સમાચાર બહાર આવતા જ સોશિયલ મીડિયા પર યુઝર્સ તરફથી તીવ્ર અને વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓનો પૂર આવ્યો છે. એક ઈન્સ્ટાગ્રામ યુઝરે ફ્રાન્સના શ્રમ કાયદાની પ્રશંસા કરતા સ્પષ્ટ કર્યું હતું કે ત્યાં પૂર્ણકાલિક કાયમી કામ સામાન્ય રીતે માત્ર 35 કલાકનું જ હોય છે અને કોઈપણ કોન્ટ્રાક્ટ વધુમાં વધુ 48 કલાક સુધી જઈ શકે છે, વળી ઓફિસ સમય પૂરો થયા પછી, વીકેન્ડમાં કે રજાઓના દિવસે કર્મચારીનો સંપર્ક કરવો પણ ત્યાં ગેરકાયદેસર ગણાય છે. બીજી તરફ, એક અન્ય યુઝરે ચિંતા વ્યક્ત કરતા ટિપ્પણી કરી હતી કે આ નિર્ણય બાદ ફ્રેન્ચ કર્મચારીઓ નિયમ મુજબ પોતાનું મર્યાદિત કામ કરશે અને વધારાનો તણાવ અને બોજ ભારતીય કર્મચારીઓ પર શિફ્ટ કરી દેવાશે, કારણ કે ભારતમાં કોર્પોરેટ ક્ષેત્રે અતિશય કામ કરાવવું એક સામાન્ય બાબત બની ગઈ છે. અન્ય એક યુઝરે દેશની કાર્ય સંસ્કૃતિ પર સવાલ ઉઠાવતા કહ્યું કે યુવાનો વિદેશી વર્ક કલ્ચર તરફ કેમ આકર્ષાય છે તેનું આ જ્વલંત ઉદાહરણ છે. ભારતમાં ઘણા નોકરીદાતાઓ વર્ક-લાઈફ બેલેન્સની સાવ અવગણના કરે છે અને સરકાર પણ અઠવાડિયામાં છ દિવસના કામ વિરુદ્ધ સખત કાયદા બનાવવા કે 40 કલાકથી વધુના કામ માટે ઓવરટાઈમ ચૂકવણી ફરજિયાત કરવામાં નિષ્ફળ રહી છે.

# બેંક ઓફ બરોડાના ગ્રાહકોનો ડેટા ડાર્ક વેબ પર લીક: 700GB થી વધુ સંવેદનશીલ દસ્તાવેજો ચોરાયાનો દાવો

મુંબઈ, તા.28

દેશની મોટી સરકારી બેંકોમાંની એક બેંક ઓફ બરોડાના લાખો ગ્રાહકોની સુરક્ષા સામે ભારે જોખમ ઊભું થયું છે. બેંકના ગ્રાહકોનો અત્યંત સંવેદનશીલ પર્સનલ ડેટા અને કંપનીના આંતરિક ગુપ્ત દસ્તાવેજો ડાર્ક વેબ પર લીક થઈ ગયા છે. આ ચોંકાવનારો મામલો સાયબર સિક્યોરિટી રિસર્ચર અને આ ક્ષેત્ર સાથે જોડાયેલા અંદરના સૂત્રો દ્વારા સામે આવ્યો છે. કેશલેસ કન્ઝ્યુમરના સ્થાપક અને જાણીતા સાયબર સિક્યોરિટી રિસર્ચર શ્રીકાંત એલ.ના જણાવ્યા અનુસાર, લીક થયેલી માહિતીમાં ગ્રાહકોની અંગત વિગતો, ઓળખપત્રોના દસ્તાવેજો, લોન સંબંધિત મહત્વની ફાઈલો અને બેંકના પોતાના આંતરિક ઓડિટના અત્યંત ગોપનીય રેકોર્ડ્સનો સમાવેશ થાય છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બેંક ઓફ બરોડાએ સમગ્ર મામલાની સત્યતા તપાસવા અને ઘૂસણખોરીનો સ્ત્રોત શોધવા માટે ફોરેન્સિક ઓડિટનો આદેશ આપી દીધો છે. જોકે, આ ભયાનક ડેટા લીકથી બેંકના કેટલા ગ્રાહકો પ્રભાવિત થયા છે તેની ચોક્કસ સંખ્યા હજુ જાહેર થઈ નથી અને બેંકે આ સંબંધમાં સ્ટોક એક્સચેન્જોને પણ હજુ સુધી કોઈ સત્તાવાર સૂચના આપી નથી.




પ્રારંભિક તપાસ અને સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ સમગ્ર સાયબર હુમલો બેંકની એક કોમ્પ્રોમાઈઝ્ડ એટલે કે હેક થયેલી ઈમેઈલ સિસ્ટમના કારણે થયો હોવાની આશંકા સેવાઈ રહી છે. હેકર્સે ચપળતાથી બેંકના ઓફિશિયલ ઈમેઈલ નેટવર્કમાં સેંધ મારીને આંતરિક સિસ્ટમ્સ અને ગ્રાહકોના સંવેદનશીલ ડેટા સુધી પોતાની પહોંચ બનાવી લીધી હતી. શ્રીકાંત એલ. દ્વારા કરવામાં આવેલા મેટાડેટા એનાલિસિસ દર્શાવે છે કે આ ડેટા શનિવારે રાત્રે ડાર્ક વેબની એક ગુપ્ત સાઈટ પર સામે આવ્યો હતો, જ્યાં હેકર્સે 700 GB થી પણ વધુ વિશાળ ડેટા કેશના વેચાણ માટેની જાહેરાત મૂકી હતી. આટલો મોટો ડેટા લીક થયો હોવા છતાં, હાલમાં બેંક ઓફ બરોડા, બેંકિંગ ક્ષેત્રની નિયમનકાર ભારતીય રિઝર્વ બેંક (RBI) કે ભારત સરકારની સાયબર સુરક્ષા માટેની મુખ્ય એજન્સી CERT-In દ્વારા કોઈ અધિકૃત જાહેર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

છેલ્લા કેટલાક સમયથી ભારતની મોટી કોર્પોરેટ કંપનીઓ અને ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન્સ પર સાયબર હુમલાઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, જેનું આ એક તાજું ઉદાહરણ છે. આ પહેલાં જૂન મહિનામાં પણ એપલના મુખ્ય સપ્લાયર 'ટાટા ઈલેક્ટ્રોનિક્સ' પર મોટો સાયબર હુમલો થયો હતો, જેમાં એપલ અને ઈલોન મસ્કની કંપની ટેસ્લા સાથે સંબંધિત કમ્પોનન્ટ ડિઝાઈન અને મહત્વના સ્પેસિફિકેશનના દસ્તાવેજો ડાર્ક વેબ પર લીક કરી દેવાયા હતા. આટલું જ નહીં, આ જ મહિનાની શરૂઆતમાં 'વર્લ્ડ લીક્સ' નામના કુખ્યાત રેન્સમવેર ગ્રુપે ભારતના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ સાથે સંકળાયેલી ગોપનીય ફાઈલોને ડાર્ક વેબ પર જાહેર કરીને સિક્યોરિટી એલર્ટ પેદા કર્યું હતું.

સમજવું જરૂરી છે કે ડાર્ક વેબ એ ઈન્ટરનેટનો એવો છુપાયેલો અને અંધારો ખૂણો છે, જેને ગૂગલ જેવા સામાન્ય સર્ચ એન્જિનથી ક્યારેય એક્સેસ કરી શકાતો નથી. તેને ખોલવા માટે 'Tor Browser' જેવા વિશેષ સોફ્ટવેરનો ઉપયોગ થાય છે અને મુખ્યત્વે ગેરકાયદેસર ખરીદી, ચોરાયેલા ડેટાના વેચાણ અને હેકિંગ સંબંધિત પ્રવૃત્તિઓ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. બીજી તરફ, ફોરેન્સિક ઓડિટ એ કોઈ પણ ડિજિટલ કે નાણાકીય સિસ્ટમની એક અત્યંત ઊંડાણપૂર્વકની તકનીકી તપાસ છે, જેના દ્વારા હેકિંગ કેવી રીતે થયું, કઈ જગ્યાએથી ડેટા લીક થયો અને તેમાં કોની બેદરકારી કે સંડોવણી હતી તે તમામ કાનૂની પુરાવાઓ એકઠા કરવામાં આવે છે.

આ સ્થિતિમાં બેંક ઓફ બરોડાના ગ્રાહકોએ તાત્કાલિક ધોરણે અત્યંત સાવચેત રહેવાની જરૂર છે. ગ્રાહકોએ સુરક્ષાના ભાગરૂપે પોતાની નેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ એપના પાસવર્ડ અને એટીએમ પિન (ATM PIN) વહેલી તકે બદલી નાખવા જોઈએ. આ ઉપરાંત, કોઈ પણ અજાણ્યા નંબર પરથી આવતા ફોન કૉલ, મેસેજ કે ઈમેલથી દૂર રહેવું, કારણ કે હેકર્સ લીક થયેલા ડેટાનો ઉપયોગ કરીને ફિશિંગ કૉલ્સ દ્વારા ખાતાની માહિતી, OTP કે CVV મેળવવાનો પ્રયાસ કરી શકે છે. દરેક ગ્રાહકે યાદ રાખવું જોઈએ કે બેંક ક્યારેય પણ ફોન કે મેસેજ પર આવી ગોપનીય માહિતી માંગતી નથી.

# ભારતમાં ટૂંક સમયમાં પ્લાસ્ટિક કરન્સીનું આગમન: RBI છાપશે ₹10 અને ₹20ની 200 કરોડ પોલિમર નોટો

નવી દિલ્હી, તા.28

ભારતીય નાણાકીય ક્ષેત્રે એક મોટો અને ઐતિહાસિક બદલાવ આવવા જઈ રહ્યો છે, જ્યાં ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં જ બજારમાં 10 અને 20ના મૂલ્યની પોલિમર એટલે કે પ્લાસ્ટિકની નવી નોટો લાવવાની તૈયારી કરી રહી છે. આ યોજના હેઠળ રિઝર્વ બેંક 10ની 100 કરોડ અને 20ની 100 કરોડ મળીને કુલ 200 કરોડ પ્લાસ્ટિક નોટોનો એક મોટો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરશે. કેન્દ્ર સરકાર દ્વારા આ મહત્વકાંક્ષી ટ્રાયલને મંજૂરી આપી દેવામાં આવી છે, જેની સત્તાવાર માહિતી નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં આપી હતી. જો આ પાયલોટ પ્રોજેક્ટ સફળ રહેશે તો દેશમાં ભવિષ્યમાં અન્ય મૂલ્યની નોટો પણ પોલિમર મટિરિયલમાં છાપવામાં આવશે, જે ભારતની કરન્સી સિસ્ટમને એક નવી જનરેશન તરફ લઈ જશે.




પોલિમર બેંકનોટ્સ પરંપરાગત કાગળને બદલે એક ખાસ પ્રકારના પ્લાસ્ટિક સબસ્ટ્રેટ પર છાપવામાં આવે છે. આ નોટો વજનમાં સામાન્ય કાગળની નોટો જેટલી જ હલકી હોય છે, પરંતુ પાણીમાં પલળવા છતાં ગળતી નથી અને ફાટતી પણ નથી. આ નોટો લાવવા પાછળનું મુખ્ય કારણ તેનું લાંબુ આયુષ્ય છે, જેનાથી નોટો પાણી, ધૂળ અને ગંદકીથી ખરાબ થતી નથી. આ ઉપરાંત, પોલિમર શીટ પર અદ્યતન સિક્યુરિટી ફીચર્સ ઉમેરવા ખૂબ જ સરળ હોવાથી નકલી નોટોનું દૂષણ નાબૂદ કરવામાં મોટી મદદ મળશે. નાણાકીય વર્ષ 2025માં જ આરબીઆઈએ કાગળની નોટોની છપામણી પાછળ 6,372.8 કરોડનો જંગી ખર્ચ કર્યો હતો, જ્યારે પ્લાસ્ટિક નોટો લાંબો સમય ચાલતી હોવાથી વારંવાર પ્રિન્ટ કરવાનો ખર્ચ ઘટી જશે.

આ પોલિમર નોટો ક્યારે બજારમાં આવશે તે અંગે હાલમાં તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. RBIના નોટ-પ્રિન્ટિંગ યુનિટે પોલિમર સબસ્ટ્રેટ શીટના સપ્લાય માટે વૈશ્વિક સ્તરે 'એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ' એટલે કે ગ્લોબલ ટેન્ડર બહાર પાડ્યું છે, જેમાં વિશ્વભરના સપ્લાયર્સ માટે બોલીઓ જમા કરાવવાની છેલ્લી તારીખ 18 ઓગસ્ટ નક્કી કરાઈ છે. આ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, કાચો માલ મળવા અને છપામણીની કામગીરી પૂરી થયા પછી જ આ નોટો તબક્કાવાર બજારમાં ઉતારવામાં આવશે. જોકે, સરકાર અને આરબીઆઈએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે નવી પ્લાસ્ટિક નોટો આવ્યા પછી પણ હાલની કાગળની નોટો બંધ થશે નહીં. બજારમાં કાગળ અને પોલિમર બંને પ્રકારની નોટો એકસાથે ચલણમાં રહેશે અને આ બદલાવ ખૂબ જ ધીમે-ધીમે કરવામાં આવશે.

ભારતમાં નોટોની શેલ્ફ લાઈફ વધારવા માટે સૌથી પહેલો પ્રયાસ વર્ષ 2012માં કરવામાં આવ્યો હતો, પરંતુ ટેકનિકલ પડકારોને કારણે તે સમયે પ્રોજેક્ટ અટકી ગયો હતો. ત્યારબાદ તાજેતરમાં જૂન મહિનામાં RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ પણ પુષ્ટિ કરી હતી કે પોલિમર નોટોનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે અને હવે સંસદમાં મંજૂરી મળતા જ તેને અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. વિશ્વના 60થી વધુ દેશો જેવા કે ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુનાઈટેડ કિંગડમ અને ન્યુઝીલેન્ડમાં વર્ષોથી આવી પોલિમર નોટો સફળતાપૂર્વક ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે હાલમાં ભારતમાં 10, 20, 50, 100, 200 અને 500 મૂલ્યની મુખ્ય 6 પ્રકારની કાગળની નોટો ચલણમાં છે, જ્યારે 1, 2 અને 5ની નોટોનું પ્રિન્ટિંગ બંધ કરીને તેની જગ્યાએ સિક્કા લાવવામાં આવ્યા છે. ભારતનો નોટોનો ઈતિહાસ જોઈએ તો આઝાદી પહેલા જાન્યુઆરી 1946માં કાળું નાણું રોકવા 500, 1000 અને 10,000ની નોટો બંધ કરાઈ હતી, જે 1954માં ફરી શરૂ થઈ. ત્યારબાદ જાન્યુઆરી 1978માં મોરારજી દેસાઈ સરકારે ફરી આ મોટી નોટો બંધ કરી હતી અને છેલ્લે 8 નવેમ્બર 2016ના રોજ નરેન્દ્ર મોદી સરકારે 500 અને 1,000ની નોટો રાતોરાત અમાન્ય જાહેર કરીને 2,000ની નવી નોટ બહાર પાડી હતી, જેને બાદમાં મે 2023માં 'ક્લીન નોટ પોલિસી' હેઠળ પાછી ખેંચી લેવામાં આવી હતી. હવે આ નવી પ્લાસ્ટિક નોટોનો પાયલોટ પ્રોજેક્ટ ભારતીય ચલણના ઈતિહાસમાં વધુ એક મહત્વનો અધ્યાય ઉમેરવા જઈ રહ્યો છે.

# સેન્સેક્સ 69 અંક ઘટીને 76,765 પર બંધ: નિફ્ટી પણ 10 અંક ઘટ્યો, FMCG અને બેન્કિંગ શેરોમાં સૌથી વધુ વેચવાલી

મુંબઈ, તા.28

ભારતીય શેરબજારમાં આજે એટલે કે 28 જુલાઈના રોજ સાર્વત્રિક નરમ વલણ જોવા મળ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન બજારમાં ઉતાર-ચઢાવનો માહોલ રહ્યા બાદ અંતે મુખ્ય સૂચકાંકો ઘટાડા સાથે બંધ થયા હતા. બજારના અંતે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ 69 પોઈન્ટના ઘટાડા સાથે 76,765ના સ્તરે આવી ગયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 10 પોઈન્ટ ઘટીને 23,985ના સ્તરે બંધ રહ્યો હતો. આજના કારોબાર દરમિયાન ખાસ કરીને બેન્કિંગ ક્ષેત્રના શેરો અને એફએમસીજી ક્ષેત્રની કંપનીઓના શેરોમાં ભારે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેને કારણે માર્કેટ પર સતત દબાણ જળવાઈ રહ્યું હતું. વૈશ્વિક બજારના સંકેતોની વાત કરીએ તો આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. બ્રેન્ટ ક્રૂડના ભાવમાં આજે લગભગ અઢી ટકા જેટલો ઘટાડો થતાં તે પ્રતિ બેરલ 85 ડોલરના સ્તરે પહોંચી ગયું છે. મધ્ય પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલો જીઓપોલિટિકલ તણાવ હળવો થવાના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડના ભાવ પર રાહત જોવા મળી છે. બીજી તરફ, એશિયન અને યુએસ માર્કેટમાં પણ મિશ્ર કારોબારી માહોલ જોવા મળ્યો હતો. સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 732 પોઈન્ટ એટલે કે સરેરાશ પોણા અગિયાર ટકા જેટલો તૂટીને 6024 પર પહોંચ્યો હતો, જ્યારે જાપાનનો નિકેઈ પણ 2566 પોઈન્ટ એટલે કે પોણા ચાર ટકાથી વધુ ઘટીને 62365ના સ્તરે બંધ રહ્યો હતો. આનાથી વિપરીત હોંગકોંગના હેંગસેંગમાં 104 પોઈન્ટનો સુધારો નોંધાયો હતો અને તે 25311 પર સપાટથી સુધારા તરફ બંધ રહ્યો હતો. ગઈકાલે એટલે કે 27 જુલાઈએ બંધ થયેલા યુએસ બજારમાં પણ મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો, જેમાં ડાઉ જોન્સ 263 પોઈન્ટ વધીને 52210 પર અને એસ એન્ડ પી 500 મામૂલી સુધારા સાથે 7413 પર બંધ થયા હતા, પરંતુ નાસ્ડેક 44 પોઈન્ટ ઘટીને 24932ના મથાળે રહ્યો હતો.




ભારતીય બજારમાંથી વિદેશી રોકાણકારોની નાણાં પાછા ખેંચવાની પ્રક્રિયા પણ ચાલુ રહી છે. છેલ્લા સાત દિવસના આંકડાઓ પર નજર કરીએ તો વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII/FPI એ ભારતીય બજારમાંથી કુલ 9,400 કરોડ રૂપિયાના શેરનું ચોખ્ખું વેચાણ કર્યું છે. આજે પણ વિદેશી રોકાણકારોએ 1,688 કરોડ રૂપિયાની વેચવાલી નોંધાવી છે. જોકે આ ઘટાડા સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે DII બજારને સપોર્ટ આપી રહ્યા છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**શુદ્ધિપત્ર**

**ટેન્ડર સૂચના ક્રમાંક 02/2026-27 અંગેનું શુદ્ધિપત્ર; ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક 01/2026-27, તા. 09.06.2026; કામનું નામ:** CPOH અમદાવાદ (ADI) ખાતે 120 ટ્રેક મશીનોના POH સંબંધિત મરમ્મત કાર્ય, 03 વર્ષ માટે; **ટેન્ડર નં.:** CWMCPOHADI 2026-27-3; **સુધારેલ જાહેરાત NIT કિંમત:** ₹ 1,35,80,13,347.03/-; **સુધારેલ EMD રકમ:** ₹ 2,71,60,300.00/-; **ટેન્ડર બંધ કરવાની તારીખ અને સમય:** 21.08.2026, 15:00 કલાકે; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 21.08.2026, 15:15 કલાકે; **IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ:** 09.06.2026; **શુદ્ધિપત્ર જાહેર કરવાની તારીખ:** 27.07.2026; **વેબસાઇટ:** www.ireps.gov.in

ADI – 119

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ચાલુ પરીક્ષાએ પ્રોફેસરે વિદ્યાર્થીને બે લાફા ઝીંકી દીધા

## અમદાવાદની એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજની ઘટના, ફરિયાદ બાદ પણ પ્રોફેસર સામે કાર્યવાહી નહીં

**અમદાવાદ, તા.28**





અમદાવાદની એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજમાં ચાલુ પરીક્ષાએ પ્રોફેસર દ્વારા એક વિદ્યાર્થીને બે લાફા ઝીંકી દીધાના CCTV સામે આવ્યા છે. વાઈરલ થઈ રહેલા આ CCTV 2 જૂનના હોવાનું અનુમાન છે. કોલેજમાં પરીક્ષા દરમિયાન કોઈ કારણોસર વિદ્યાર્થી અને પ્રોફેસર વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થયા બાદ પ્રોફેસર ઉગ્ર બની ગયા હતા અને બે લાફા ઝીંકી દેતા અન્ય વિદ્યાર્થીઓ પણ ગભરાઈ ગયા હતા.

2 જૂનની ઘટના બાબતે વિદ્યાર્થી તરફથી સુપરવાઈઝર (પ્રોફેસર) સામે કોલેજમાં ફરિયાદ નોંધાવ્યા બાદ પણ કોઈ કાર્યવાહી ન થતા વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો છે. તો કોલેજ દ્વારા આ બાબતે કાર્યવાહી કરવા ટેક્નિકલ કમિશનરને જણાવવામાં આવ્યું છે.

અમદાવાદની એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજમાં 2 જૂન, 2026ના રોજ થિયરીની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થી અને સુપરવાઈઝર (પ્રોફેસર) ડી.એસ. પટેલ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ સમયે જ પ્રોફેસર ઉગ્ર બની ગયા હતા અને અન્ય વિદ્યાર્થીઓની હાજરીમાં જ એક વિદ્યાર્થીને બે લાફા ઝીંકી દીધા હતા.

આ ઘટનાથી ડરી ગયેલા વિદ્યાર્થી દ્વારા જે તે સમયે વહીવટી વિભાગમાં લેખિતમાં પણ સુપરવાઈઝર સામે ફરિયાદ કરી હતી. જો કે આ ઘટનાને એક મહિનાથી પણ વધુ સમય થઈ ગયો છતા સુપરવાઈઝર સામે હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. કમિશ્નરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન અને એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રોફેસર ડી.એસ. પટેલ વિરૂદ્ધ નિયમાનુસાર કાર્યવાહી કરી ન્યાય આપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. જો કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે અને વિદ્યાર્થી જો કોઈ પગલું ભરશે તો તેની જવાબદારી ડી.એસ પટેલની રહેશે તેવું પણ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે.


**વર્ગ-1 અને વર્ગ-2ના કર્મચારી સામે અમે કાર્યવાહી કરી શકીએ નહીં- પ્રિન્સિપાલ**

એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં પ્રિન્સિપાલ નિલય ભૂપતાણીએ જણાવ્યું હતું કે, પરીક્ષા દરમિયાન જે ઘટના બની તેની વિદ્યાર્થીએ અમને ફરિયાદ કરી હતી. કોઈપણ વિદ્યાર્થીને આ રીતે મારી ન શકાય. જેથી ફરિયાદના આધારે બંને પક્ષની રજૂઆત સંભાળીને એક રીપોર્ટ તૈયાર કરીને ટેકનિકલ કમિશનરને મોકલી આપ્યો છે. વર્ગ 1 અને 2ના કોઈ કર્મચારી સામે અમે કાર્યવાહી કરી શકતા નથી. તે લોકો સામે કાર્યવાહી સરકાર દ્વારા અને ટેક્નિકલ કમિશનર દ્વારા કરવામાં આવતી હોય છે જેથી અમે રિપોર્ટ મોકલી આપ્યો છે.

વધુમાં નિલય ભૂપતાણીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીની એવી ફરિયાદ હતી કે, પરીક્ષા પૂર્ણ થયા બાદ આન્સરશીટ આપવામાં 5 મિનિટ જેટલો સમય થઈ જતા સુપરવાઈઝરે માર માર્યો હતો. તો સુપરવાઈઝરનું કહેવું હતું કે, અનેક વખત કહેવા છતાં તેને આન્સરશીટ આપવામાં મોડું કર્યું હતું. જો કે કોઈ વિદ્યાર્થી મારી શકાય નહીં જેથી બંનેની વાત સાંભળીને CCTV સાથેનો રિપોર્ટ મોકલી આપવામાં આવ્યો છે.

# સરકારી જમીન ફાળવણી હવે વધુ ઝડપી: કલેક્ટર-ડીડીઓની સત્તામાં મોટો વધારો, અરજદારોના ગાંધીનગરના ધક્કા ઘટશે

**અમદાવાદ, તા.28**



રાજ્યમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ વેગ આપવા અને વહીવટી પ્રક્રિયાને સરળ બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સરકારી જમીનની ફાળવણીની પ્રક્રિયા ઝડપી બનાવવા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી (DDO)ની નાણાકીય સત્તામર્યાદામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. હવે અનેક પ્રકારની જમીન ફાળવણીના નિર્ણયો જિલ્લા કક્ષાએ જ લઈ શકાશે, જેના કારણે અરજદારો અને સંસ્થાઓને ગાંધીનગર સુધી વારંવાર આવવાની જરૂર નહીં પડે.

સરકારના જણાવ્યા મુજબ, આ નિર્ણયથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ઔદ્યોગિક વિકાસ, જાહેર-સામાજિક હેતુઓ અને ગ્રામીણ વિકાસના પ્રોજેક્ટ્સને ઝડપી મંજૂરી મળી શકશે. સ્થાનિક કક્ષાએ જમીનનો રેકોર્ડ અને સ્થળની સ્થિતિ અંગેની માહિતી ઉપલબ્ધ હોવાથી નિર્ણય પ્રક્રિયા પણ ટૂંકી બનશે.

સરકારના આ નિર્ણયથી જમીન ફાળવણી સંબંધિત અનેક કામોનો નિકાલ હવે જિલ્લા કક્ષાએ જ થઈ શકશે. સ્થાનિક કક્ષાએ કલેક્ટર અને DDOને નિર્ણય લેવાની વધુ સત્તા મળતા અરજદાર સંસ્થાઓ અને સંબંધિત વિભાગોને પણ જિલ્લા કક્ષાએથી જ સરળતાથી ફોલોઅપ મળી રહેશે.

સરકારના મતે, સરકારી પ્રોજેક્ટ્સ તેમજ ઔદ્યોગિક અને સામાજિક હેતુઓ માટે જમીન ફાળવણી ઝડપથી થતાં વિકાસ કાર્યો અને રોજગારીને વેગ મળશે. સાથે જ સરકારી જમીનની કબજાકિંમત અથવા પ્રીમિયમની રકમ પણ ઝડપથી સરકારી તિજોરીમાં જમા થઈ શકશે.

રાજ્ય સરકારના બોર્ડ-કોર્પોરેશન અને ભારત સરકારના ખાતાઓને જમીન ફાળવણીના કિસ્સામાં કલેક્ટર દ્વારા ઈન્ટિમેશન જનરેટ કર્યા બાદ કબજાકિંમત અથવા પ્રીમિયમની રકમ 90 દિવસમાં ભરપાઈ ન થાય તો જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિની ત્રણ વર્ષની અવધિ પૂર્ણ થાય ત્યાં સુધી મુદત વધારવાની સત્તા પણ કલેક્ટરને આપવામાં આવી છે. આ વ્યવસ્થાથી એક જ પ્રક્રિયાનું વારંવાર પુનરાવર્તન અટકશે અને વહીવટી સમયનો બચાવ થશે.

# સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી વિદ્યાર્થીના બે લેપટોપ ચોરાયા: લાયબ્રેરી બહાર બેગ મૂકી ફોન પર વાત કરવા ગયોને ચોરી

**અમદાવાદ, તા.28**

અમદાવાદની જાણીતી સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં આવેલી લાયબ્રેરીની બહાર બેગ મૂકીને ફોન પર વાત કરી રહેલા વિદ્યાર્થીના બેગમાંથી કોઈ અજાણ્યો શખસ બે લેપટોપ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગે વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ચોરની શોધખોળ હાથ ધરી છે. મણિનગરમાં રહેતો અને સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં BCAનો અભ્યાસ કરતા એલેન્સી ક્રિશ્ચિયને નોંધાવેલી ફરિયાદ મુજબ, તે સવારે 9 વાગ્યે કોલેજની લાયબ્રેરીમાં ગયો હતો. તે સમયે મિત્રનો ફોન આવતાં તે પોતાનું બેગ લાયબ્રેરી રૂમની બહાર મૂકીને વાત કરવા ગયો હતો. અડધા કલાક બાદ જ્યારે તેણે બેગ ઊંચક્યું ત્યારે વજન ઓછું લાગતાં શંકા ગઈ હતી. બેગ ખોલીને જોતાં અંદર રાખેલું પોતાનું અને મિત્રનું એમ કુલ બે લેપટોપ ગાયબ હતા.



આસપાસના રૂમ અને લાયબ્રેરીમાં શોધખોળ કરવા છતાં લેપટોપ ન મળતાં કોઈ અજાણ્યો શખસ તે ચોરી ગયો હોવાનું સ્પષ્ટ થયું હતું. આ અંગે એલેન્સીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ ચકાસતાં એક અજાણ્યો વ્યક્તિ બે લેપટોપ ચોરીને લઈ જતો નજરે પડ્યો હતો. હાલ ગુજરાત યુનિવર્સિટી પોલીસે આ ફૂટેજના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

# ATKT ક્લિયર વિદ્યાર્થીઓને આગળના વર્ષમાં પ્રવેશ ન આપતા વિવાદ

## JG યુનિવર્સિટીમાં ABVP, વિદ્યાર્થીઓનો હોબાળો, 500 વિદ્યાર્થીને પ્રમોટ કરી ક્લાસ રીશેડ્યુલ કરવા માંગ

**અમદાવાદ, તા.28**



ડ્રાઈવિંગ રોડ પર JG યુનિવર્સિટીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા હોબાળો કરવામાં આવ્યો છે. ATKT ક્લિયર કરનાર 500 વિદ્યાર્થીઓને નવા વર્ષમાં પ્રવેશ ન આપતા વિવાદ સર્જાયો છે. ત્યારે મોટી સંખ્યામાં ABVPના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓએ વિરોધ દર્શાવ્યો હતો. જે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં પાસ થઈ ગયા છે તેમણે આગળના વર્ષમાં પ્રમોટ કરવામાં આવે અને જેમનો અભ્યાસ છૂટી ગયો છે તેમના માટે ક્લાસ રીસીડ્યુલ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. જો માંગણી ન સ્વીકારવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

JG યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને આગળના વર્ષમાં પ્રમોટ ન કરવામાં આવતા વિદ્યાર્થી અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓએ દેખાવો કર્યો છે. 'વિદ્યાર્થીઓને લૂંટવાનું બંધ કરો'ના નારા લગાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો દાવો છે કે, પૂરક પરીક્ષામાં પાસ થયા છતાં 500થી વધુ વિદ્યાર્થીઓને આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવ્યો નથી. એક મહિનાથી નવા સેમેસ્ટરનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જેના કારણે વિદ્યાર્થીઓને પ્રમોટ કરવામાં ન આવતા તેમણે વર્ગ ખંડમાં બેસવા દેવામાં આવતા નથી. જેથી તેમનો અભ્યાસ પણ બગડી રહ્યો છે. વિદ્યાર્થીઓને પ્રમોટ કરીને તેમના વર્ગ રીસીડ્યુલ કરવામાં આવે તેવી માંગ કરી છે.

અમદાવાદ શહેર સહમંત્રી પ્રિયમ ભાટિયાએ જણાવ્યું હતું કે, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે. કેટલાક એવા વિદ્યાર્થીઓ છે જે પૂરક પરીક્ષામાં પાસ થઈ ગયા હોવા છતાં પણ તેને આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવતો નથી. જેના વિરુદ્ધમાં આજે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. 500 કરતાં વધુ વિદ્યાર્થીઓ છે કે જેમને પ્રવેશ આપવામાં આવ્યો નથી. જોકે એક મહિના કરતાં પણ વધુ સમય અભ્યાસક્રમ શરૂ થયાને થઈ ગયો છે. જે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ બગડ્યો છે તેમના માટે રીસીડ્યુલ કરવામાં આવે તેવી પણ અમારી માંગ છે.

વધુમાં પ્રિયમ ભાટિયાએ જણાવ્યું હતું કે, JG યુનિવર્સિટીના રજિસ્ટ્રાર દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું છે કે, વિદ્યાર્થીઓને રીસીડ્યુલ કરવામાં આવશે. તેમજ તમામ વિદ્યાર્થીઓને ફરીથી પ્રવેશ આપવામાં આવશે. VCને રજૂઆત કરવા માટે આવ્યા છીએ પણ તે બપોર થવા આવી છતાં પણ હજુ આવ્યા નથી. જેથી એવું લાગી રહ્યું છે કે VCને વિદ્યાર્થીઓના મુદ્દાને લઈને કોઈ પણ પ્રકારનો રસ રહ્યો નથી તેમ જ અન્ય વિષયમાં રસ દાખવી રહ્યા છે.

JG યુનિવર્સિટીના રજિસ્ટ્રાર વૈભવ શાહે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને ગેરસમજ થઈ હોય તેવું લાગી રહ્યું છે. જે વિદ્યાર્થીઓના રીઝલ્ટ ડિક્લેર થઈ ગયા છે તે અને જે વિદ્યાર્થીઓની ચાર કરતા ઓછું બ્લોક છે તે બધાને પ્રમોટ કરવામાં આવ્યા છે. કોઈ ગેરસમજના કારણે આ મુદ્દાને આટલો મોટો બનાવવામાં આવ્યો છે. અમારી યુનિવર્સિટીમાં એવો નિયમ છે કે પાંચ કે તેથી વધુ વિષયમાં બ્લોક હોય તો તેને આપણે આગળના વર્ષમાં પ્રમોટ કરી શકતા નથી. કોઈ વિદ્યાર્થીનું ભવિષ્ય ન બગડે તે માટે જૂન મહિનામાં પરીક્ષા યોજીએ છીએ.

વધુમાં વૈભવ શાહે જણાવ્યું હતું કે, જેથી જેમને બ્લોક આવ્યો તેમને પ્રમોટ કરી શકાય તે માટે જૂન મહિનામાં પરીક્ષા યોજીએ છીએ. જે લોકોને પ્રમોટ નથી કરવામાં આવતા તે લોકો પાસેથી ફી પણ લેવામાં આવતી નથી. તેમજ જે વિદ્યાર્થીઓ પાસ થઈ જાય તેમને પ્રમોટ કરવામાં આવે જ છે. વ્યક્તિગત વિદ્યાર્થી આવીને અમને રજૂઆત કરે કે અમને પ્રમોટ કરવામાં આવ્યા નથી તો અમે તે વિષય પર ધ્યાન આપીશું. અત્યારે આખી યુનિવર્સિટીમાં 100 કરતા વધુ વિદ્યાર્થીઓને પ્રમોટ કરવામાં આવ્યા નથી. ગયા અઠવાડિયે પ્રમોટ પણ કરી દેવામાં આવ્યા છે અને તેમને વર્ગખંડમાં બેસવા પણ દેવામાં આવે છે.

# BAMSનું પેપર લીક થયાના આક્ષેપ સાથે શહેરમાં યૂથ કોંગ્રેસનો વિરોધ

**અમદાવાદ, તા.28**

દેશમાં NEET પેપર લીકની ઘટનાનો મુદ્દો માંડ શાંત થયો હતો. ત્યાં હવે ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલી BAMSની પરીક્ષાનું પેપર વ્હોટસએપ પર લીક થયાના સ્ક્રીન શોટ ફરતા થયા હતા. જેથી પેપર લીક થયું હોવાના આક્ષેપ સાથે આજે 28 જુલાઈએ અમદાવાદમાં ગુજરાત યુથ કોંગ્રેસ અને NSUI દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શહેરના ઈન્કમટેક્સ ખાતે રસ્તો રોકી શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ કરી છે. તેમજ જો માંગ ન સ્વીકારવામાં આવે તો આંદોલન ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

BAMSના ત્રીજા વર્ષ માટે લેવાયેલી શલ્ય તંત્ર 1નું પેપર 20 જુલાઈમાં રોજ લેવામાં આવ્યું હતું. જો કે જે દિવસે પેપર હતું તે દિવસે જ વોટ્સએપ પર 12 સવાલ ફરતા થઈ ગયા હતા. જે પૈકીના 11 સવાલ પેપરમાં બેઠા પૂછાતા વિવાદ સર્જાયો છે. ત્યારે NEET બાદ વધુ એક પેપર લીક થયું હોવાના આક્ષેપ સાથે યૂથ કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓએ ઈન્કમટેક્સ ખાતે વિરોધ કર્યો હતો.



'પેપર લીક સરકાર નહીં ચલેગી'ના નારા લગાવી ઈન્કમટેક્સ ચાર રસ્તા પાસે રસ્તો બંધ કરાવી દીધો હતો. 'ભાજપ હાય હાય'ના નારા લગાવી રસ્તા વચ્ચે વિરોધ નોંધાવતા ટ્રાફિકજામ પણ સર્જાયો હતો. તેમજ 'નરેન્દ્ર મોદી વીક હે તભી તો પેપર લીક હે'ના નારા લગાવી શિક્ષણમંત્રી રાજીનામુ આપે તેવી માગ કરી હતી. જો કે વિરોધ પ્રદર્શન કરનાર તમામ કાર્યકર્તાઓની પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

ગુજરાત યૂથ કોંગ્રેસના પ્રમુખ પ્રવિણસિંહ વણોલે જણાવ્યું હતું કે, દિલ્હીમાં જંતર મંતર પર યુવાનો દ્વારા જે રીતે આંદોલન ચલાવવામાં આવ્યું તેના કારણે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું હતું. જો કે ત્યારબાદ 20 તારીખે આયુર્વેદ યુનિવર્સિટીમાં BAMSનું પેપર લીક થાય છે. પરંતુ પેપર લીક નથી થતા આખેઆખી સરકાર લીક થઈ ગઈ છે. હવે સરકાર બદલવાનો વારો આવી ગયો છે. શિક્ષણમંત્રી પોતામાં જિલ્લામાં જ પેપરની રક્ષા ન કરી શકતા હોય તો ગુજરાતના યુવાનોની શું રક્ષા કરી શકે. જેથી શિક્ષણમંત્રીએ રજીનામું આપવું જોઈએ તેવી અમારી માંગ છે.

વધુમાં પ્રવિણસિંહ વણોલે જણાવ્યું હતું કે, જે પેપરલીક થયું છે તેના વિરૂધ્ધમાં આંદોલન કરવામાં આવી રહ્યું છે. જેથી આજથી અમે લોકોએ આંદોલનની શરૂઆત કરી દીધી છે. જ્યાં સુધી શિક્ષણમંત્રી રાજીનામુ નહીં આપે ત્યાં સુધી લડત ચાલુ રાખવામાં આવશે. સરકાર લીક છે અને તેમના મંત્રીઓ ભ્રષ્ટાચારી હોવાથી અવારનવાર પેપર લીક થઈ રહ્યા છે. જેથી હવે ભાજપ સરકારને બદલવાનો સમય આવી ગયો છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

